સત્યમેવ જયતે

દાખલ તારીખ : ૦૩/૦૯/૨૦૨૧
રજી. તારીખ : ૦૩/૦૯/૨૦૨૧
ફેસલ તારીખ : ૧૩/૦૩/૨૦૨૬
**સમયગાળો : વર્ષ–માસ–દિન**

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલ ના ચેપ્ટર–VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી/૨૦૦૧/૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

**:: FORM-A ::**

**પોરબંદર સત્ર ન્યાયધીશ**
**એમ. એ.ભટ્ટી**

ચુકાદાની તારીખ:૧૩/૦૩/૨૦૨૬
સજાનો હુકમ કર્યા તારીખ:૧૩/૦૩/૨૦૨૬

**:: એફ.આઈ.આર.ની વિગતો, ગુન્હો અને પોલિસ સ્ટેશન ::**

| | |
|---|---|
| પોલિસ સ્ટેશન : | જીલ્લો પોરબંદર : ઉદ્યોગનગર પો.સ્ટે., વર્ષ : ૨૦૨૧, પ્રથમ માહિતી અ. ક્રમાંક નં. ૧૧૨૧૮૦૧૦૨૧૦૩૨૯/૨૦૨૧, તા.૧૬/૦૬/૨૦૨૧ |
| તહોમતનામા મુજબ તહોમત : | આઈ.પી.સી. કલમ–૩૦૨, ૩૦૭ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ. |
| ફરીયાદી : | **શ્રી સરકાર સ્ટેટ ઓફ ગુજરાત** (મુળ ફરીયાદી : રાણાભાઈ પરબતભાઈ નવલા) |
| ફરીયાદપક્ષે પી.પી.શ્રી : | **શ્રી એસ. બી. જેઠવા.** |
| આરોપી : | **(૧) કરશન ભીમાભાઈ કોડીયાતર (પોરીયા)** |
| આરોપી તરફે વિ.વ.શ્રી : | **એન. ડી. જુંગી (લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સીલ)** |

**:: FORM-B ::**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | **૧૬/૦૬/૨૦૨૧** |
| એફ.આઇ.આર. તારીખ | **૧૬/૦૬/૨૦૨૧** |
| ચાર્જશીટની તારીખ | **૦૬/૦૮/૨૦૨૧** |
| ત્હોમતનામું ઘડયાની તારીખ | **૧૯/૦૫/૨૦૨૨** |
| પુરાવાની શરૂઆતની તારીખ | **૦૧/૦૬/૨૦૨૨** |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો તે તારીખ | **૨૭/૦૨/૨૦૨૬** |
| ચુકાદાની તારીખ | **૧૩/૦૩/૨૦૨૬** |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | **૧૩/૦૩/૨૦૨૬** |

**ACCUSED DETAILS :-**

| | |
|---|---|
| આરોપી નું નામ | **કરશન ભીમાભાઇ કોડીયાતર (પોરીયા)** |
| આરોપીને અટક કરેલાની તારીખ | તા.૧૮/૦૬/૨૦૨૧ |
| આરોપીને જામીન મુકત કર્યા તારીખ | જયુડીશ્યલ કસ્ટડીમાં |
| આરોપી સામેનો ગુન્હો | આઇ.પી.સી.કલમ–૩૦૨,૩૦૭ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ |
| તકસીરવાન કે નિર્દોષ ઠરાવ્યા | ઈ.પી.કો કલમ ૩૦૨ તથા ૩૨૪ ના ગુના સબબ તકસીરવાન ઠરાવ્યા. જી. પી. એકટ કલમ ૧૩૫ ના ગુના સબબ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવ્યા. |
| સજા | ભારતીય દંડ સંહિતાની **કલમ–૩૦૨** સબબ **આજીવન કેદ**ની સખત કેદની સજા અને રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરા) નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ ૨(બે) માસની સાદી કેદની સજા<br><br>ભારતીય દંડ સંહિતાની **કલમ–૩૨૪** સબબ **એક વર્ષની સાદી કેદ**ની સજા અને રૂા.૧,૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર પુરા) નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ ૧(એક) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે |
| ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો | **૪ વર્ષ ૮ માસ અને ૨૫ દિવસ (૧૭૨૯ દિવસ)** |

## :: FORM-C ::

## :: ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લિસ્ટ ::

**(એ) ફરીયાદપક્ષ તરફે :-**

**:: ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો ::**

| અ.નં. | આંક | સાહેદનું નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૨ | દેવાભાઇ કરશનભાઇ મારૂ | પંચ સાહેદ |
| ૨ | ૨૨ | રામાભાઇ કરશનભાઇ હુણ | પંચ સાહેદ |
| ૩ | ૩૨ | રાણાભાઇ પરબતભાઇ નવલા | ફરીયાદી |
| ૪ | ૪૫ | પ્રતાપ રાણાભાઇ મોરી | પંચ સાહેદ |
| ૫ | ૪૭ | દેવાભાઇ લાધાભાઇ મારૂ | પંચસાહેદ |
| ૬ | ૪૮ | દેસુરભાઇ આવડાભાઇ મકવાણા | પંચસાહેદ |
| ૭ | ૫૪ | જેસાભાઇ પુંજાભાઇ શામળા | પંચસાહેદ |
| ૮ | ૬૧ | ભાચાભાઇ મુળુભાઇ હુણ | પંચસાહેદ |
| ૯ | ૬૫ | વિસાભાઇ પાલાભાઇ હુણ | પંચસાહેદ |
| ૧૦ | ૬૬ | દુદાભાઇ જેસાભાઇ હુણ | પંચસાહેદ |
| ૧૧ | ૭૨ | રવિ કીસાભાઇ મુસાર | પંચસાહેદ |
| ૧૨ | ૮૨ | રાજુ લખમણભાઇ મુળિયાસીયા | પંચસાહેદ |
| ૧૩ | ૮૭ | યશવંતસિંહ રાજેન્દ્રસિંહ જેઠવા | હથીયારબંધીનું જાહેરનામું રજુ કરનાર |
| ૧૪ | ૮૯ | રણમલભાઇ માલદેભાઇ ઓડેદરા | પંચસાહેદ |
| ૧૫ | ૯૩ | ડો. કૈલાશ રમેશભાઇ ત્રીવેદી | ડોકટર |
| ૧૬ | ૧૦૯ | પુર્વેશ જયસુખલાલ કુરાણી | સાયન્ટીફીક ઓફીસર |
| ૧૭ | ૧૧૧ | પોપટભાઇ પાલાભાઇ હુણ | સાહેદ |
| ૧૮ | ૧૧૪ | જીવાભાઇ રાણાભાઇ ચાવડા | સાહેદ |
| ૧૯ | ૧૧૭ | કરશનભાઇ પરબતભાઇ મારૂ | સાહેદ |
| ૨૦ | ૧૧૯ | અરજણભાઇ ભીખુભાઇ મારૂ | સાહેદ |
| ૨૧ | ૧૨૦ | ભરતભાઇ અરજનભાઇ મારૂ | સાહેદ |
| ૨૨ | ૧૨૧ | મેરામણભાઇ લખમણભાઇ મકવાણા | સાહેદ |
| ૨૩ | ૧૨૨ | રાજાભાઇ જાદવભાઇ મકવાણા | સાહેદ |
| ૨૪ | ૧૨૩ | કરણભાઇ હમીરભાઇ ભાટીયા | પોલીસ સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૨૫ | ૧૨૬ | જીતેન્દ્ર નારણભાઈ ડાકી | વિસ્તરણ અધિકારી |
| ૨૬ | ૧૩૨ | યોગેશ પ્રભુભાઈ પટેલ | ત.ક.અમલ દાર |

**(બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો કોઈ હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

**:: ફરીયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા ::**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | મરણોતર પંચનામું | ૧૩ |
| ૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૨૩ |
| ૩ | મુદામાલ કબજે કર્યાની પંચસ્લીપો | ૨૪ થી ૩૦ |
| ૪ | ફરીયાદ | ૩૩ |
| ૫ | મરણ જનારનું બ્લડ સેમ્પલ તથા કપડા કબજે કર્યાનું પંચનામું | ૪૬ |
| ૬ | ફરીયાદીનું ૫ સીસી બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું | ૪૯ |
| ૭ | આરોપીને અટક કર્યાનું પંચનામું | ૫૫ |
| ૮ | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું | ૬૨ |
| ૯ | મુદામાલ કબજે કયાની પંચસ્લીપો | ૬૩,૬૪ |
| ૧૦ | ફરીયાદીના કપડા કબજે કર્યાનું પંચનામું | ૭૩ |
| ૧૧ | મુદામાલ કબજે કર્યાની પંચસ્લીપો | ૭૪,૭૫ |
| ૧૨ | આરોપીનું ૫ સીસી બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું | ૮૩ |
| ૧૩ | હથીયારબંધીનું જાહેરનામું | ૮૮ |
| ૧૪ | ફરીયાદીનું કોમ્પ્યુટરાઈઝડ ઈજાનું પ્રમાણપત્ર | ૯૪ |
| ૧૫ | લાશનું પી.એમ. કરવા અંગેની યાદી | ૯૫ |
| ૧૬ | લાશ સાથેનો અસલ પોલીસ રીપોર્ટ | ૯૬ |
| ૧૭ | ગુજરનારના બ્લડ સેમ્પલ અંગેનું ફોર્મ નં. ૨–બી | ૯૭ |

| | | |
|---|---|---|
| ૧૮ | પી.એમ. નોટ | ૯૮ |
| ૧૯ | આરોપીના ૫ સીસી બ્લડ સેમ્પલ લેવા અંગેની યાદી | ૯૯ |
| ૨૦ | આરોપીના ૫ સીસી બ્લડ સેમ્પલ અંગેનું ફોર્મ નં. ૨–બી | ૧૦૦ |
| ૨૧ | ફરીયાદીનું કોમ્પ્યુટરાઈઝડ સારાવર સર્ટી મળવા અંગેની યાદી | ૧૦૧,૧૦૨ |
| ૨૨ | એમ.એલ.સી. રજીસ્ટરના પાના નં. ૬૧ ની કમ્પેર નકલ | ૧૦૫ |
| ૨૩ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૧૧૦ |
| ૨૪ | સાહેદ મુરૂભાઈ પુંજાભાઈ કોડીયાતરનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૪ અન્વયેનું નિવેદન | ૧૧૨ |
| ૨૫ | એફ.એસ.એલ. જુનાગઢને મોકલવામાં આવેલ મુદ્દામાલ રવાનગી નોંધ | ૧૨૪ |
| ૨૬ | એફ.એસ.એલ. જુનાગઢની મુદ્દામાલ સંભાળ્યા અંગેની પહોંચ | ૧૨૫ |
| ૨૭ | બનાવવાળિ જગ્યાનો નકશો બનાવવા અંગેની યાદી | ૧૨૭ |
| ૨૮ | બનાવવાળિ જગ્યાનો નકશો | ૧૨૮ |
| ૨૯ | બનાવવાળિ જગ્યાનો નકશો મોકલ્યા અંગેનો ફોરવર્ડીંગ પત્ર | ૧૨૯ |
| ૩૦ | તપાસ સંભાળવા અંગેની યાદી | ૧૩૩ |
| ૩૧ | વધી રજીસ્ટરનો ઉતારો | ૧૩૪ |
| ૩૨ | ગુનો રજીસ્ટર કરવાનો અસલ રીપોર્ટ | ૧૩૫ |
| ૩૩ | ગુનો રજીસ્ટર કર્યાની સ્ટેશન ડાયરીની કોમ્પ્યુટરાઈઝડ ખરી નકલ | ૧૩૬ |
| ૩૪ | ભારે ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ | ૧૩૭ |
| ૩૫ | પોલીસ અધિક્ષક પોરબંદર તરફ કરવામાં આવેલ મેસેજ ફોર્મ | ૧૩૮ |
| ૩૬ | નાયબ પોલીસ અધિક્ષક, પોરબંદર શહેર તરફ કરવામાં આવેલ મેસેજ ફોર્મ | ૧૩૯ |
| ૩૭ | એકઝી. મેજી. પોરબંદર તરફ ઈન્કવેસ્ટ ભરવા પધારવા અંગેની યાદી | ૧૪૦ |
| ૩૮ | આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કયા" અંગેનો પત્ર | ૧૪૧ |
| ૩૯ | મુદ્દામાલ રવાનગી નોંધ અંગેનું કોમ્પ્યુટરાઈઝડ પત્રક | ૧૪૨ |
| ૪૦ | બનાવવાળિ જગ્યાનો કાચો નકશો | ૧૪૩ |
| ૪૧ | સાહેદ મુરૂભાઈ પુંજાભાઈ હુણનું સી.આર.પી.સી. કલમ | ૧૪૪ |

| | | |
|---|---|---|
| | ૧૬૪ મુજબનું નિવેદન | |
| ૪૨ | સાહેદ મુરૂભાઇ પુંજાભાઇ હુણનું સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબનું નિવેદન લેવડાવવા માટે હાજર રખાવવા અંગેની યાદી | ૧૪૫ |
| ૪૩ | એફ.એસ.એલ. જુનાગઢનો ફોરવર્ડીંગ પત્ર સાથેનો સીરોલોજી પરીક્ષણ અહેવાલ | ૧૪૬ |
| ૪૪ | આરોપીના મોબાઇલની કોલ ડીટેઇલ્સ, સી.ડી.આર., ટાવર લોકેશન માટે નોડલ ઓફીસર ગુજરાતને એસ.પી. પોરબંદર મારફત મોકલવામાં આવેલ એનેક્ષર–૪ | ૧૪૭ |

**બચાવપક્ષે અંકે પડેલા દસ્તાવેજો :**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે અંકે પડેલા દસ્તાવેજો :**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**:: મુદ્દામાલની વિગત ::**

| અ.નં. | મુદ્દામાલ પાવતી નંબર તથા તારીખ | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | **એ ૩૧/૨૦૨૧ તા.૧૬/૦૬/૨૦૨૧** | (૧) ખાટલાની લોહીના ડાઘાઓવાળી દોરી એક કપડાની બેગીમાં શીલબંધ છે જે,<br>(૨) લોહીના ડાઘાઓવાળી દોરી માટેની ખાટલામાંની કંટ્રોલ સેમ્પલ દોરી જે કપડાની બેગીમાં શીલબંધ છે તે,<br>(૩) ખાટલાની નીચેના ભાગે જમીન પરની માટી પર એક ફુટના ઘેરાવામાં રતાશ પડતા લોહીના ડાઘાઓમાંથી લીધેલ લોહીવાળી માટી જે એક કપડાની બેગીમાં શીલબંધ છે,<br>(૪) ખાટલાની નીચે રહેલ લોહીના ડાઘાઓવાળિ માટી માટેની કંટ્રોલ સેમ્પલ માટી જે એક કપડાની બેગીમાં શીલબંધ છે તે,<br>(૫) ખાટલાની દક્ષીણ તરફ આશરે ૫ ફુટના અંતરે આવેલ કાળા કલરની પાણીની પાઇપલાઇન પર લોહીના સુકાયેલા ડાઘાઓમાંથી ઘસીને લીધેલ લોહીવાળું કોટન થ્રેડ જે એક કપડાની બેગીમાં શીલબંધ છે તે,<br>(૬) ઉપરોકત પાઇપલાઇન પર રહેલ લોહીના ડાઘાઓ માટે પાઇપ લાઇન પરથી લીધેલ કંટ્રોલ કોટન થ્રેડ જે એક કપડાની બેગીમાં શીલબંધ છે તે,<br>(૭) ખાટલાથી આશરે ૧૨ ફુટ ઉતરે પડેલ |

| | | |
|---|---|---|
| | | ત્રીકમ આ કામના આરોપીએ ગુનામાં ઉપયોગ કરેલ હોય જે લાકડાના હાથાવાળા લોખંડના પાના વાળો ત્રીકમ જેના હાથા તથા પાના પર છુટા છવાયા લોહીના સુકાયેલા ડાઘાઓ હોય જેના હાથાની લંબાઇ ૭૫ સેમી. તથા પાનાની લંબાઇ ૫૫ સેમી. છે જે ત્રીકમ એક કપડાની બેગીમાં શીલબંધ છે તે |
| **૨** | **એ ૩૧/૨૦૨૧ તા.૧૬/૦૬/૨૦૨૧** | (૧) મરણ જનાર દાસાભાઇ પરબતભાઇ ઉર્ફે પબાભાઈની લાશ પરથી પી.એમ. વખતે ડોકટરશ્રીએ લીધેલ ૫ સીસી વિનશ બ્લડની શીલબંધ શીશી જેના ઉપર માર્ક બી.એચ.પી.ના માર્કાનું લાખ દોરાથી શીલ કેલ છે જેના ઓ.પી.ડી. નં. ૫૯૬૯૩ તા. ૧૬/૦૬/૨૦૨૧ લખેલ ચીઠ્ઠી ચોંટાડેલ છે જે શીલબંધ શીશી–૧<br>(૨) મરણ જનારે ગુનાના બનાવ વખતે પહેરેલ શર્ટ ડો.શ્રીએ પી.એમ. વખતે મરણ જનારની લાશ ઉપરથી લઇ આપેલ જે શર્ટ શીલબંધ બેગીમાં છે જેની ઉપર દાસા પરબત ઉર્ફે પબા મારૂ વાળાનું બ્લુ કલરનું અડધી બાયવાળું શર્ટ લખેલ ચીઠ્ઠી ચોટાડેલ છે. જેના ઉપર બી.એચ.પી. ના માર્કાનું શીલ છે જે બેગી–૧ શીલબંધ<br>(૩) મરણ જનારે ગુનાના બનાવ વખતે પહેરેલ પેન્ટ ડો.શ્રીએ પી.એમ. વખતે મરણ જનારની લાશ પરથી લઇ આપેલ જે પેન્ટ શીલબંધ બેગીમાં છે. જેની ઉપર દાસા પરબત ઉર્ફે પબા મારૂવાળાનું લાઇટ બ્લુ પેન્ટ જીન્સ લખેલ ચીઠ્ઠી ચોંટાડેલ છે. જેના ઉપર બી.એચ.પી.ના માર્કાનું શીલ છે. જે બેગી–૧ શીલબંધ |
| **૩** | **મુ.પા.નં.એ ૩૩/૨૦૨૧ તા.૧૬/૦૬/૨૦૨૧** | (૧) આ કામના ફરીયાદી રાણા પરબત નવલા ભાવસિંહજી હોસ્પિટલમાં સારવારમાં દાખલ હોય જેમનું ભાવસિંહજી હોસ્પિટલમાં ડો.શ્રી પાસેથી લેવડાવેલ ૫ સીસી વિનસ બ્લડની શીલબંધ શીશી જેના ઉપર બી.એચ.પી.ના માર્કાનું લાખદોરાથી શીલ કરેલ છે જેના ઓ.પી.ડી. નં.૫૯૯૯૩, તા. ૧૬/૦૬/૨૦૨૧ લખેલ ચીઠ્ઠી ચોટાડેલ છે જે શીલબંધ શીશી–૧ |
| **૪** | **મુ.પા.નં.એ ૩૪/૨૦૨૧ તા.૧૮/૦૬/૨૦૨૧** | (૧) એક પીળા કલરનો ફુલની ડીઝાઇનવાળો આખી બાંયનો શર્ટ જે પાછળના ભાગે ફાટેલો છે જેના ખીસ્સાની ઉપરના ભાગે સુકાયેલ ભુખરા કલરના ડાઘાઓ છે જે શર્ટ એક કપડાની બેગીમાં શીલબંધ<br>(૨) એક કાળા કલરનું જીન્સનું પેન્ટ જેના ઉપર કોઇ દેખીતા નોંધપાત્ર નિશાન કે ચિહનો જોવામાં આવેલ ન હોય જે પેન્ટ કપડાની બેગીમાં શીલબંધ |
| **૫** | **મુ.પા.નં.એ ૩૫/૨૦૨૧ તા.૧૯/૦૬/૨૦૨૧** | (૧) ૫ સીસી બ્લડ સેમ્પની શીશી–૧ જેના ઉપર બી.એચ.પી.ના માર્કાનું લાખ દોરાથી શીલ |

| | | |
|---|---|---|
| | | કરેલ છે. જેના ઉપર કરશન ભીમા કોડીયાતર ઉ.વ.૨૨ રહે.કોલીખડાવાળાનું ૫ સીસી વિનસ બ્લડ સેમ્પલ જેના ઓ.પી.ડી. નં. ૬૦૬૦૨ તા. ૧૯/૦૬/૨૦૨૧ લખેલ ચીઠ્ઠી ચોટાડેલ છે જે શીલબંધ શીશી–૧ |
| ૬ | **મુ.પા.નં.એ ૩૬/૨૦૨૧ તા.૧૯/૦૬/૨૦૨૧** | (૧) ફરીયાદીએ ગુનાના બનાવ વખતે પહેરેલ હતો તે શર્ટ જે કાળા કલરનો આખી બાયનો શર્ટ જેની બાંય ગ્રે કલરની છે જેમાં ડીઝાઈન દોરેલ છે. જેની આગળની તરફ બંને બાજુ પરસેવો સુકાઈ ગયા બાદ થયેલ સફેદ છાસના નીશાન છે. જેની આગળ જ મણી સાઈડે તથા જમણી બાંય ઉપર ખંભાથી કાંડા સુધી તથા ડાબી બાજુની બાંય ઉપર બગલના ભાગે તથા કોણીના ભાગે સુકાયેલા ભુખરા કલરના ડાઘાઓ છે. જે શર્ટ એક કપડાની બેગીમાં શીલબંધ છે.<br>(૨) ફરીયાદીએ ગુનાના બનાવ વખતે પહેરેલ હતી તે લેંઘી જે આછા કાળા કલરની સાઈડમાં સફેદ પટ્ટીવાળી છે જેની બંને બાજુ સાથળના ભાગે સુકાયેલા ભુખરા કલરના ડાઘાઓ છે તેમજ આગળ પાછળના ભાગે સફેદ કલરના ડાઘાઓના નિશાનો છે જે એક કપડાની બેગીમાં શીલબંધ છે તે. |

---

**પોરબંદરના મ્હે. જીલ્લા ન્યાયાધીશ સમક્ષ, જી. પોરબંદર.**

---

**એમ. એ. ભટ્ટી**
જીલ્લા ન્યાયાધીશ,
જી.પોરબંદર.
**(ચુકાદાની તારીખ :૧૩/૦૩/૨૦૨૬)**

**સેશન્સ કેસ નં.૩૧/૨૦૨૧**

**આંક :–**

**શ્રી સ ર કા ર** **....ફરીયાદ પક્ષ.**

**:: વિરૂધ્ધ ::**

**(૧) કરશન ભીમાભાઇ કોડીયાતર (પોરીયા)**
ઉ.વ.આ.૨૨,
રહે.કોલીખડા ગામ,
કુંભાર ફળીયું,
તા.જી. પોરબંદર . **....આરોપ પક્ષ.**

**:: ચુ કા દો ::**

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ આઇ.પી.સી. કલમ–૩૦૨,૩૦૭ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુન્હા સબબ પોરબંદરના ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન ગુ.રજી. નં.૧૧૨૧૮૦૧૦૨૧૦૩૨૯/૨૦૨૧ થી નોંધાયેલ ફરીયાદ અનુસંધાને તા.૧૦/૦૫/૨૦૨૨ ના રોજ અમારા પુરોગામી ન્યાયાધિશશ્રી દ્ધારા **આંક–૧૦** થી તહોમતનામું ફરમાવેલ જે તહોમતનામું આરોપને વાંચી, સંભળાવતા તેઓનું **આંક–૧૧** મુજબ નિવેદન લેવામાં આવેલ. જેમાં તેઓએ તહોમતનામા મુજબના ગુન્હાનો ઇન્કાર કરેલ અને ટ્રાયલની માંગણી કરેલ. જેથી હાલના આરોપી સામે તહોમતનામા મુજબ આઇ.પી.સી. કલમ–૩૦૨, ૩૦૭ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ ના ગુન્હા સબબની ટ્રાયલ હાથ ધરવામાં આવેલ છે.

(૨) <u>ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–</u>

/**એ**/ આ કામના આરોપી તથા ફરીયાદી તથા મરણ જનાર દાસાભાઇ પરબતભાઇ ઉર્ફે પબાભાઇ મારૂ તથા સાહેદ મુરૂભાઇ પુંજાભાઇ કોડીયાતર(હુણ) એમ બધા મિત્રો કોલીખડા ગામ પવન હોટલમાં જમવા માટે ગયેલ હોય અને જમીને પરત આવતી વખતે જમવાના પૈસા આપવા બાબતે મરણ જનાર દાસાભાઇ તથા આરોપી વચ્ચે બોલાચાલી તથા છુટ્ટા હાથની મારામારી થયેલ હોય અને આરોપી ત્યાંથી જતો રહેલ બાદ ફરીયાદી તથા મરણ જનાર દાસાભાઇ તેમજ સાહેદ મુરૂભાઇ પુંજાભાઇ એમ બધા શીતળાય માતાજીના મંદીર આગળ આરામ કરતા હતા ત્યારે આરોપીએ ત્યાં જઇ અગાઉ થયેલ બોલાચાલીનું મનદુ:ખ રાખી મરણ જનાર દાસાભાઇ પરબતભાઇને માથામાં કપાળના ઉપરના ભાગે જમણી બાજુ ત્રીકમનો ઘા મારી ગંભીર ઈજા કરી મોત નિપજાવી તેમજ ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે માથામાં કપાળના ભાગે ત્રીકમનો ઘા મારી ગંભીર ઈજા કરી મ્હે. જીલ્લા મેજી. પોરબંદરના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, આઇ.પી.સી. કલમ–૩૦૨, ૩૦૭ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો ગુન્હો બનેલ જેની ફરીયાદ ફરીયાદીએ તા.૧૬/૦૬/૨૦૨૧ ના રોજ પોરબંદરના ઉદ્યોગનગર પોલિસ સ્ટેશનના પો.સ.ઈ. રૂબરૂ જાહેર કરેલ.

/**બી**/ ફરીયાદીએ ઉપરોકત હકીકતે બનેલ બનાવની ફરીયાદ તા. ૧૬/૦૬/૨૦૨૧ ના રોજ પોરબંદરના ઉદ્યોગનગર પોલિસ સ્ટેશનના પો.સ.ઈ. રૂબરૂ ફરીયાદ જાહેર કરતા તેઓએ ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઇ, ગુન્હો ઉદ્યોગનગર પોલિસ સ્ટેશન ગુ.રજી. નં. ૧૧૨૧૮૦૧૦૨૧૦૩૨૯/૨૦૨૧ થી આઇ.પી.સી. કલમ–૩૦૨, ૩૦૭ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો ગુન્હો નોંધી આંક–૩૩ વાળી ફરીયાદ ફરીયાદી રૂબરૂ લખાવેલ હતી જે ફરીયાદ સબંધે ગુન્હો દાખલ કરવા તેઓએ રીપોર્ટ કરેલ હતો અને તે મુજબ ગુનો દાખલ થયેલ હતો અને વાય. ટી. પટેલ પો.સ.ઈ.નાઓને આ ગુના કામે આગળની તપાસ માટે યાદી મળતાં તેઓએ તપાસ દરમ્યાન તેઓએ ઈન્કવેસ્ટ પંચનામું કરેલ તથા મરણ જનારનું પી.એમ. કરવા માટે તેમજ તેમનું ૫ સીસી બ્લડ સેમ્પલ તથા કપડા કબજે લેવા માટે યાદી કરેલ તેમજ ઉપલા અધિકારીને તથા એફ.એસ.એલ. ને

હાજર રહેવા અંગે રીપોર્ટ કરેલ તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ તેમજ મુદ્દામાલ બનાવવાળી જગ્યાએથી કબજે કરેલ તેમજ નજરે જોનાર સાહેદના નિવેદનો લીધેલા તેમજ આરોપીને અટક કરેલ તથા તેઓએ બનાવ વખતે પહેરેલ કપડા પંચનામાની વિગતે કબજે કરેલ તથા નજરે જોનઆર સાહેદ મુરુભાઇ પુંજાભાઇ કોડીયાતરનું સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબનું નિવેદન લેવડાવવા માટે યાદી કરેલ તેમજ બનાવવા/L જગ્યાનો નકશો બનાવવા માટે સર્કલ ઓફીસરને યાદી રેલ તથા તે નકશો આવી જતા તપાસના કામે સામેલ રાખેલ તેમજ કબજે કરેલ મુદ્દામાલ અંગે એફ.એસ.એલ.માં રવાનગી નોંધ સાથે મોકલી આપેલ તથા ઈજા પામનાર ફરીયાદીનું સારવાર સર્ટી. મેળવી તપાસના કામમાં સામેલ રાખેલ તેમજ સાહેદોના નિવેદન લીધેલ અને મોટાભાગની તપાસ પુર્ણ થઇ ગયેલ હોવાથી આરોપીસામે પુરતો પુરાવો જણાય આવતા પોરબંદરના ચીફ જયુડી. મેજી. સાહેબશ્રીની કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

## (૩) <u>કમીટલ પ્રોસીડીંગ્સ</u> :–

આરોપી વિરૂદ્ધ પોરબંદરના વિ. બીજા એડી. જયુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં ચાર્જશીટ રજુ થતા તે ફોજદારી કેસ નં.૭૮૩૦/૨૦૨૧ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ ૨૦૭ મુજબ તેમની વિરૂદ્ધના કેસ કાગળોની નકલો પુરી પાડી, આરોપીવિરૂદ્ધ આક્ષેપીત ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સત્ર અદાલતને હોય, આરોપીપોતાના સ્વ–ખર્ચે વકીલ રોકી કાનુની બચાવ કરવા માંગતા હોવાનું જણાવતા, વિધ્વાન મેજસ્ટ્રેટશ્રીએ સદર કેસ ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૯ અન્વયે સેશન્સ કમીટ કરવાનો હુકમ કરેલ.

## (૪) <u>તહોમતનામું અને આરોપીઓની પ્લી :–</u>

સદર કેસ કમીટ થઇને આવતા તે સેશન્સ કેસ નં.૩૧/૨૦૨૧ થી રજીસ્ટરે લઇ, સદર કેસ ઈન્સાફી કાર્યવાહી અર્થે અત્રેની અદાલતમાં તબદીલ કરતા આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી, તા.૧૯/૦૫/૨૦૨૨ ના રોજ બન્ને પક્ષની રજુઆતો ધ્યાને લઇ આરોપી વિરૂધ્ધ **આંક–૧૦** થી તહોમતનામું ફરમાવતા, આરોપી તેમના

**આંક–૧૧** મુજબના નિવેદનથી ગુનો કર્યાનો ઈન્કાર કરી, કેસ આગળ ચલાવવાની માંગણી કરતા તેમજ સરકારી વકીલની માંગણી કરતા તેઓએ સરકારી વકીલ રોકવાની ના પાડેલ અને ખાનગી વકીલ રોકી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

## (૫) <u>આરોપનું વિશેષ નિવેદન :–</u>

કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ ઉપરોકત FORM-C માં દર્શાવવામાં આવેલ તમામ પુરાવાઓ રેકર્ડે નોંધવામાં આવેલ. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૪૮ ની પુરશીશ રજુ કરી, ફરીયાદપક્ષ તરફેના પુરાવાઓ પુરા થયાનું જાહેર કરતા, ઈન્સાફી કાર્યવાહીના અંતે સી.આર.પી.સી. કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવાઓની હકીકતો નો મહદઅંશે ઈન્કાર કરતી તથા પુરાવાની હકીકતો બાબતે પોતે કાંઇ જાણતા ન હોવાનું અને ખોટી ફરીયાદ, ખોટો કેસ કરવામાં આવેલ હોવાનું જણાવી, વિશેષમાં તેઓ નિર્દોષ હોવાની હકીકતો જણાવેલ છે. વધુમાં, આરોપી જાતે સોગંદ ઉપર જુબાની આપવા તથા બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેવુ વિશેષ નિવેદનમાં જણાવતા અને આરોપી તરફે તેઓ કોઇ પુરાવા રજુ કરવામાં ન આવતા, અંતમાં સદરહું કેસના ન્યાયીક નિર્ણય સારું બંને પક્ષે વિ.વ.શ્રી ઓની દલીલો સાંભળવામાં આવેલ.

## <u>દલીલો:</u>

**(૬)** ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા તથા ફરીયાદપક્ષે સરકારશ્રી તરફે વિ.પી.પી. શ્રી એસ.બી. જેઠવાનાઓને તથા બચાવપક્ષે આરોપીતરફે વિ.વ.શ્રી એન. ડી. જુંગીનાઓની સવિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૭)** ફરીયાદપક્ષે પી.પી.શ્રી એસ.બી. જેઠવાનાઓએ એવી દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરેલ છે.

- વધુમાં, દલીલ છે કે, આ કામના આરોપી તથા ફરીયાદી તથા મરણ જનાર દાસાભાઇ પરબતભાઇ ઉર્ફે પબાભાઇ મારૂ તથા સાહેદ મુરૂભાઇ

પુંજાભાઇ કોડીયાતર(હુણ) એમ બધા મિત્રો કોલીખડા ગામ પવન હોટલમાં જમવા માટે ગયેલ હોય અને જમીને પરત આવતી વખતે જમવાના પૈસા આપવા બાબતે મરણ જનાર દાસાભાઇ તથા આરોપી વચ્ચે બોલાચાલી તથા છુટ્ટા હાથની મારામારી થયેલ હોય અને આરોપી ત્યાંથી જતો રહેલ બાદ ફરીયાદી તથા મરણ જનાર દાસાભાઇ તેમજ સાહેદ મુરૂભાઇ પુંજાભાઇ એમ બધા શીતળાય માતાજીના મંદીર આગળ આરામ કરતા હતા ત્યારે આરોપીએ ત્યાં જઇ અગાઉ થયેલ બોલાચાલીનું મનદુ:ખ રાખી મરણ જનાર દાસાભાઇ પરબતભાઇને માથામાં કપાળના ઉપરના ભાગે જમણી બાજુ ત્રીકમનો ઘા મારી ગંભીર ઈજા કરી મોત નિપજાવી તેમજ ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે માથામાં કપાળના ભાગે ત્રીકમનો ઘા મારી ગંભીર ઈજા કરી હોવાની હકિકત નિ:શંકપણે પુરવાર થતી હોય જેથી આરોપીને વધુમાં વધુ સજા કરવા અરજ ગુજારેલ છે.

- વધુમાં દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ પૈકી આંક–૩૨ થી ફરીયાદી રાણાભાઇ પરબતભાઇ નવલાને સોગંદ પર તપાસવામાં આવેલ છે અને તેઓ આંક–૩૩ થી રજુ ફરીયાદને સમર્થન મળે તેવી વિગતો તેમની જુબાનીમાં જણાવે છે. બનાવ બનવાનું કારણ પણ તેઓ ફરીયાદ મુજબનું એટલે કે આરોપી તથા ગુજરનાર દાસાભાઇને જમવાના બીલના પૈસા બાબતે ઝઘડો થયેલાની વિગત ફરીયાદ મુજબની જણાવે છે. ફરીયાદીનાઓ કોર્ટ રુબરુ આરોપીને ઓળખી બતાવે છે. બનાવનું સ્થળ શીતલા માતાનું મંદીર હોવાનું જણાવે છે અને ફરીયાદી તેમની ફરીયાદમાં પણ બનાવનું સ્થળ તે જ જણાવે છે. આમ ફરીયાદી તેમની જુબાનીમાં ફરીયાદને સમર્થનકારક જુબાની આપી છે.
- વધુમાં આ કામે પી.પી.શ્રીની રજુઆત છે કે, ફરીયાદી બનાવ સ્થળે ભોગબનનાર સાથે હાજર હતા અને આરોપી નું નામ બનાવ અગાઉ મરણજનારે ફરીયાદીને આપેલ હોય અને આરોપી નં.૧ ને મરણજનારે પોતાના મીત્ર તરીકે ઓળખ આપેલ હોય તેમજ આરોપી નં.ર થી ૪ નાઓને ફરીયાદીએ ઓળખ પરેડમાં ઓળખી બતાવેલ હોય તેમજ

કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ ઓળખી બતાવેલ હોય જેથી આરોપીઓની સંડોવીણી શંકા રહિત પુરવાર થયેલ છે.

- વધુમાં તેઓએ દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક–૧૧૭ થી તપાસવામાં આવેલ સાહેદ કરશનભાઇ પરબતભાઇ મારુ, આંક–૧૧૯ થી તપાસવામાં આવેલ સાહેદ અરજણભાઇ ભીખુભાઇ મારૂ, આંક–૧૨૦ થી તપાસવામાં આવેલ સાહેદ ભરતભાઇ અરજનભાઇ મારૂ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક જુબાની આપે છે અને બંને સાહેદો આરોપીને કોર્ટમાં ઓળખી બતાવે છે. આમ આ સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે છે.
- વધુમાં તેઓએ દલીલમાં જણાવેલ છે કે, આ કામમાં તપાસવામાં આવેલ મોટા ભાગના પંચસાહેદો હોસ્ટાઇલ જાહેર થયા છે પરંતુ તેઓ પંચનામામાં તેમની સહીઓ ઓળખી બતાવે છે. પંચસાહેદ દેવાભાઇ કરશનભાઇ મારૂ તેમની સોગંદ પરની જુબાની આંક–૧૨ માં આંક–૧૩ થી રજુ મરણોતર પંચનામાની હકીકતને સમર્થન આપે છે. પંચસાહેદ રામાભાઇ કરશનભાઇ હુણ તેમની સોગંદ પરની જુબાની આંક–૨૨ માં આંક–૨૩ થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામાની હકીકતને સમર્થન આપે છે. જે આંક–૨૩ નું પંચનામું વંચાણે લેતાં તેમાં બનાવવાળી જગ્યા કમ્પાઉન્ડવાળું શીતળાય માતાજીનું મંદિર જણાવેલ છે. ફરીયાદીની ફરીયાદ તથા જુબાની વંચાણે લેતાં તેમાં ફરીયાદીએ બનાવવાળી જગ્યા શીતળા માતાજીનું મંદિર જણાવેલ છે. આમ આ પંચસાહેદની જુબાની તથા આંક–૨૩ નું પંચનામાથી જે જગ્યાએ બનાવ બનેલ તે જગ્યાને સમર્થન મળે છે. પંચસાહેદ રણમલભાઇ માલદેભાઇ ઓડેદરા તેમની સોગંદ પરની જુબાની આંક–૮૯ માં આંક–૭૩ થી રજુ ફરીયાદીના કપડા કબજે કર્યાના પંચનામાની હકીકતને સમર્થન આપે છે.
- વધુમાં તેઓએ દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક–૯૩ થી ડો. કૈલાશ રમેશભાઇ ત્રીવેદીને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને આ ડોકટર સમક્ષ ફરીયાદીએ એવી હીસ્ટ્રી આપેલ કે, ''કરશન ભીમા પોરીયા નામના વ્યકિતએ આશરે એક કલાક પહેલા શીતલા

માતાજીના મંદીર પાસે કોલીખડામાં માર મારેલ.'' ડોકટરના જણાવ્યા પ્રમાણે આ ઈજાઓ તાજી હતી અને કઠણ અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી. આ ડોકટર સમક્ષ ફરીયાદીએ જે હીસ્ટ્રી આપેલ તેમાં તેણે આ કામના આરોપીનું નામ તેમને મારનાર તરીકે જણાવેલ છે. આમ ફરીયાદીની ફરીયાદએ ફરીયાદમાં તથા જુબાનીમાં આરોપી વિરૂધ્ધની જે હકીકત જણાવેલી છે તેવી જ હકીકત તેઓએ આ ડોકટર સમક્ષ જણાવી છે. આ ડોકટર સાહેદે ગુજરનાર દાસાભાઇ પરબતભાઇ ઉર્ફે પબાભાઇ મારૂની લાશનું પી.એમ. પેનલ ડો. મનાલીબેન કે. બાપોદરા સાથે કરેલ અને આ ડોકટરના જણાવ્યા પ્રમાણે ગુજરનારનું મૃત્યુ માથામાં વાઇટલ ભાગમાં ગંભીર ઈજા થતા મગજમાં આંતરીક ઈજા પણ થતા પુષ્કળ પ્રમાણમાં બાહ્ય અને આંતરીક લોહી વહી જવાથી મૃત્યું થયેલ. આ ડોકટર સાહેદે મુદામાલ આર્ટીકલ નં. ૭ વાળો લાકડાના હાથાવાળો ત્રીકમ જોઈ જણાવેલ કે, ગુજરનારને થયેલ ઈજા તે ત્રીકમથી માથામાં ઘા કરવામાં આવે તો લાશને જે માથામાં ઈજા થયેલ તેવી ઈજા થઇ શકે. ફરીયાદીને થયેલ ઈજા પણ સદર ત્રીકમથી ઘા કરવામાં આવે અને ત્રીકમનો હાથો માથાના ભાગે વાગે તો તેવી ઈજા થઇ શકે તેમ આ ડોકટર સાહેદ જણાવે છે. આમ ડોકટર સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સંપુર્ણ સમર્થન મળે છે.

- વધુમાં તેઓએ દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક–૧૦૯ થી સાયન્ટીફીકટ ઓફીસર પુર્વેશ જયસુખલાલ કુરાણીને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાની જોતાં બનાવવાળું સ્થળ કોલીખડા ગામ શીતળા માતાજીના મંદીર ખાતે બનેલ હોવાનું જણાય છે. આ સાહેદની જુબાનીથી બનાવ સ્થળને સમર્થન મળે છે. વધુમાં પોલીસ સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે છે.
- આમ સદરહું બનાવમાં આરોપીએ ભજવેલ ભુમીકા બાબતે ફરીયાદી એ તટસ્થ પુરાવો આપેલ છે. તેમજ તે બાબતે ફરીયાદમાં પણ વિગતવારનું ઉલ્લેખ છે. આમ, આરોપીએ ગુજરનારને હોટલમાં જમવાના બીલના પૈસા આપવા જેવી નજીવી બાબતે ગુજરનાર

દાસાભાઈ પર ત્રીકમ વડે જીવલેણ હુમલો કરેલ હોય અને તેના કારણે મરણજનારનું મૃત્યુ થયેલ હોય અને ગુજરનારને મારમાંથી છોડાવવા જતાં આરોપીએ ફરીયાદીને મારી નાખવાના ઈરાદે ત્રીકમનો ઘા માથામાં મારેલ હોય તેવો સ્પષ્ટ તબીબી પુરાવો રેકર્ડ ઉપર આવેલ હોય જેથી આરોપીનુ તેવુ કૃત્ય ઈ.પી.કો.કલમ−૩૦૨ તથા ૩૦૭ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો બનતો હોય આરોપીને તકસીરવાન ઠરાવી વધુમાં વધુ સજા કરવા રજુઆત કરેલ છે.

(૮) બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી એન. ડી. જુંગીનાઓએ આંક−૧૫૬ થી લેખીત દલીલ રજુ કરેલ છે. જેમાં તેઓએ એવી દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફે ઈન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદ દેવાભાઈ કરશનભાઈ મારુને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ તેમની ઉલટ તપાસમાં એ વાત સ્વીકારેલ કે, સદર ગુજરનાર દાસાભાઈને તેઓ બનાવ અગાઉથી ઓળખતા હતા અને તેઓ એ વાત સ્વીકારે છે કે દાસાભાઈના બનાવની તેમને જાણ થયેલી તેથી તેઓ દવાખાને ગયેલા તેમજ સદર સાહેદ ગુજરનારના ભત્રીજા થતા હોય તેથી તેમના કેસને મદદ કરવા સોગંદ ઉપર જુબાની આપે છે. બનાવવાળી જગ્યાના પંચસાહેદ રામાભાઈ કરશનભાઈ હુણને ફરીયાદપક્ષ તરફે આંક−૨૨ થી તપાસવામાં આવેલા છે અને તેઓએ ઉલટ તપાસમાં એ વાત િસ્વકારી છે કે, ફરીયાદી તેમના મિત્ર છે તેથી તેમને તેમની સાથે સારો સંબંધ છે. તેઓ એ વાત િસ્વકારે છે કે, પંચનામું તૈયાર થયા પછી પોલીસે તેમને સહી કરવાનું કહેતા તેમાંસહી કરી આપેલ અને તેઓ એ વાત સ્વીકારે છે કે સદર પંચનામામાં સહી કરતા પહેલા તેઓએ પંચનામું વાંચેલ ન હતું. પંચનામાં વખતે પંચ જે વસ્તુ જોઇ અને લખાવે એ પોલીસે લખવાનું હોય છે પરંતુ આ કામે એવું બનેલ નથી. આ પંચસાહેદના ફરીયાદી રાણાભાઈ મિત્ર થતા હોવાના કારણે તથા ગુજરનાર તેમના ગામના હોય તેથી ફરીયાદને સમર્થન આપવા સોગંદ પર ખોટી જુબાની આપે છે.

- વધુમાં તેઓએ દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક–૩ર થી ફરીયાદી રાણભાઇ પરબતભાઇ નવલાને સોગંદ પર તપાસવામાં આવેલ છે અને તેઓએ એવું જણાવેલ કે બનાવના દિવસે રાત્રીના એટલે કે આ સાહેદ એવું િસ્વકારે છે કે જમવા ગયેલા ત્યારે રાત હતી અને જમવાના બીલના પૈસા આપવાની વાત કરશનભાઇ અને દાસાભાઇ આપવાના હતા તેવી વાત થયેલી. ફરીયાદી પોતે જ બનાવના સ્થળ પર અંધકાર હોવાનું કબુલ કરે છે. જેથી આ બનાવમાં અંધકારને કારણે તે આરોપી કે હથીયારને જોઇ શકયા ન હતા તે સ્પષ્ટ રીતે ફલીત થાય છે. ફરીયાદપક્ષ તરફે આંક–૧૨૧ થી સાહેદ મેરામણભાઇ લખમણભાઇ મકવાણાને તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની ઉલટ તપાસમાં એ વાત કબુલ રાખે છે કે, તેમની હોટલે જે લોકો જમવા આવેલાનું તેઓએ સરતપાસમાં કહેલું છે તે લોકો વચ્ચે તેમની હોટલમાં ઝઘડો થયેલ હોય તેવું બનેલ નથી. આ સાહે ઉલટ તપાસમાં એ વાત પણ િસ્વકારે છે કે, સદર આરોપી કરશને ગુજરનાર દાસાભાઇને જમવાના પૈસા અંગે બોલાચાલી વખતે કોઇ ધમકી આપેલ હોય તેવું બન્યું નથી.
- વધુમાં તેઓએ દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક–૧૨૬ થી વિસ્તરણ અધિકારી જીતેન્દ્ર નારણભાઇ ડાકીને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ ઉલટ તપાસમાં એ વાત િસ્વકારેલ કે, આંક–૧૨૮ વાળા નકશામાં તેઓએ કોઇ ઇલેકટ્રીક લાઇટનો થાંભલો આવેલો હોય તેવું દર્શાવેલ નથી. ફરીયાદપક્ષ તરફે આંક–૧૩૨ થી ત.ક.અમલદાર યોગેશ પ્રભુભાઇ પટેલને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને તેઓએ એ વાત િસ્વકારેલ કે, આંક–૧૪૩ વાળો નકશો તેઓએ બનાવવાઇળી જગ્યાનો બનાવેલો તેમાં બનાવવાળી જગ્યાની આજુબાજુ કોઇ ઇલેકટ્રીક થાંભલા હોવાનું દર્શાવેલ નથી. ફરીયાદી તેમની ઉલટ તપાસમાં એ હકીકતનો ઇન્કાર કરે છે કે બનાવ વખતે અંધારું હતું. સાહેદ જાતે ખુલાસો કરી જણાવે છે કે, ત્યાં લાઇટના થાંભલા હતાં એ બાબતે તેમને હાલ યાદ નથી કે સદર બનાવવાળી જગ્યાએ લાઇટના થાંભલાની લાઇટ હતી તેવું ફરીયાદમાં લખાવેલ કે કેમ. વધુમાં ફરીયાદી તેમની ફરીયાદમાં એવું

જણાવે છે કે, તેઓ ચાર મિત્રો પવન હોટલે જમવા ગયેલા હતા અને નામ. કોર્ટ સમક્ષ સોગંદ ઉપરની જુબાનીમાં ત્રણ મીત્રો જમવા ગયેલ હોવાનું જણાવેછે. જેથી આ કોન્ટ્રાડીકશન છે. ફરીયાદીના કહેવા મુજબ ફરીયાદી જયારે શીતળા માતાજીના મંદિરે ખાટલામાં સુતા હતા અને ગુજરનાર ઉપર એક ત્રીકમનો ઘા મારી ત્યારબાદ ફરીયાદી ઉપર એક ત્રીકમનો ઘા મારી અને ઈજા પહોંચાડેલ છે તેવી પ્રોશીકયુશનની સ્ટોરી છે પરંતુ જયારે ગુજરનારને ત્રીકમનો ઘા મારેલો ત્યારે ફરીયાદી તો સુતા હતા અને તેની આંખ બંધ હતી તો કઇ રીતે શકય છે કે ગુજરનાર ઉપર ઘા મારેલ તે તેને કઈ રીતે જોયેલો હોય.

- વધુમાં તેઓએ દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક–૮૯ થી સાહેદ રણમલભાઇ માલદેભાઇ ઓડેદરાને સોગંદ પર તપાસવામાં આવેલા છે. આ સાહેદની ઉલટ તપાસ વંચાણે લેતાં તેઓએ ઉલટ તપાસમાં એ વાત જણાવે છે કે, તેમને પંચ તરીકે રહેવા માટે એક વ્યકિત સાદા ડ્રેમાં બોલાવવા માટે આવેલ જે પોલીસવાળા જેવા લાગેલ જેનું નામ તેમને ખબર નથી. પંચનામાની કાર્યવાહી આશરે અડધો કલાક ચાલેલી. સદર સાહેદ પંચનામાં માટે કોઇ સાદા ડ્રેસમાં બોલાવવા આવેલા અને તે પોલીસવાળા જેવા લાગતા હોય જેનું નામ તેમને ખબર નથી તેમ જણાવે છે. કોઇ વ્યકિત આવે અને બોલાવે તો સ્વાભાવીક છે કે તેને પુછે કે એને શું કામ છે અને કયાં જાવું છે પરંતુ આ સાહેદ તો કોઇ વ્યકિત બોલાવવા આવેલો અને સાદા ડ્રેસમાં હતો અને તેની સાથે નામ પુછયા વગર ચાલ્યો ગયો તે માનવા લાયક નથી.
- વધુમાં તેઓએ દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષે આંક–૧૧૧ થી તપાસવામાં આવેલ સાહેદ પોપટ પાલાભાઇ હુણની સોગંદ પરની જુબાની જોતાં તેઓએ ઉલટ તપાસમાં એ હકીકત િસ્વકારી છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેથી બનાવ અંગે કોઇ જાત માહીતી નથી. ફરીયાદપક્ષે આંક–૧૧૪ થી તપાસવામાં આવેલ સાહેદ જીવાભાઇ રાણાભાઇ ચાવડા તેમની સોગંદ પરની જુબાનીમાં ઉલટ તપાસમાં તેઓએ બનાવ નજરે જોયેલ નથી અને બનાવ અંગે તેમને કોઇ જાત માહીતી ન હોવાનું જણાવે છે.

- વધુમાં તેઓએ દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક–૧૨૩ થી તપાસવામાં આવેલ પોલીસ સાહેદ કરણભાઇ હમીરભાઇ ભાટીયા તેમની સોગંદ પરની જુબાનીમાં એવું જણાવે છે કે, તેઓએ મુદ્દામાલ જે તે પંચનામાની વિગતે કબજે કરેલ તે એફ.એસ.એલ.માં મોકલતા પહેલા ક્રાઇમ રાઇટરને સોંપે છે. તેઓ મુદ્દામાલ જે તે પંચનામાની વિગતે કબજે લઇ તેની મુદ્દામાલ પાવતી તેઓ તે જ દિવસે પોલીસ સ્ટેશનમાં તૈયાર કરે છે. આ કામે ક્રાઇમ રાઇટર હેડનું કોઇ નિવેદન લેવામાં આવેલ નથી કે મુદ્દામાલ રજીસ્ટરનો ઉતારો આ કામે રજુ કરવામાં આવેલ નથી.
- .વધુમાં તેઓએ દલીલમાં જણાવેલ છે કે, હાલના કામમાં બનાવ રાત્રીના ૧૨ વાગ્યાની આસપાસ બનેલો છે. બનાવની જગ્યાએ ઇલેકટ્રીક લાઇટ ઉપલબ્ધ હતી તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ રહેલો નથી. બનાવની જગ્યાએ કોઇ સ્ટ્રીટ લાઇટ હતી તેવો પણ કોઇ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ નથી. બનાવની જગ્યાની આસપાસ કે નજીક કોઇ લાઇટ હતી  તેવો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. બનાવવાળી જગ્યાના નકશામાં કોઇ થાંભલો બતાવેલ નથી કે ફરીયાદી પણ એમ કહે છે કે રાત્રીના અંધકાર હોય જેથી હથીયાર ઓળખી શકાય તેમ ન હતું. જેથી આ બનાવમાં જયાં જયાં એવું કહેવામાં આવ્યું છે કે બનાવ વખતે આરોપીના હાથમાં ત્રીકમ હતો તો એ કયાં આધારે કહેલું અને આ હાલના આરોપી જ હતા તે કયાં આધારે કહેલું. વુધમાં બનાવવાળી સ્થાનીક જગ્યાએથી લાકડાના હથાવાળો લોખંડના પાના વાળો કહેવાતો ત્રીકમ જે કબજે કરવામાં આવેલ હતો તેનું નમુના ''જી'' વાળા સીરોલોજીકલ પરીક્ષણ અહેવાલ મુજબ તેના ઉપર બ્લડ અનિર્ણિત રહેલ છે. આમ રેકર્ડ ઉપરના પુરાવાથી ફરીયાદીએ તેનો કેસ બીયોન્ડ રીઝનેબલ ડાઉટ સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય જેથી આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**–// મુદ્દાઓ //–**

(૯) સદર કામે બન્ને પક્ષની રજુઆતો તથા રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો જોતા આ કેસના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે:

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે એવુ પુરવાર કરે છે કે, મૃતક દાસાભાઇ પરબતભાઇ ઉર્ફે પબાભાઇ મારૂનું મૃત્યુ અકુદરતી રીતે થયેલ છે?

(૨) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે એવુ પુરવાર કરે છે કે,આ કામના આરોપી તથા ફરીયાદી તથા મરણ જનાર દાસાભાઇ પરબતભાઇ ઉર્ફે પબાભાઇ મારૂ તથા સાહેદ મુરૂભાઇ પુંજાભાઇ કોડીયાતર(હુણ) એમ બધા મિત્રો કોલીખડા ગામ પવન હોટલમાં જમવા માટે ગયેલ હોય અને જમીને પરત આવતી વખતે જમવાના પૈસા આપવા બાબતે મરણ જનાર દાસાભાઇ તથા આરોપી વચ્ચે બોલાચાલી તથા છુટ્ટા હાથની મારામારી થયેલ હોય અને આરોપી ત્યાંથી જતો રહેલ બાદ ફરીયાદી તથા મરણ જનાર દાસાભાઇ તેમજ સાહેદ મુરૂભાઇ પુંજાભાઇ એમ બધા શીતળાય માતાજીના મંદીર આગળ આરામ કરતા હતા ત્યારે આરોપીએ ત્યાં જઇ અગાઉ થયેલ બોલાચાલીનું મનદુ:ખ રાખી મરણ જનાર દાસાભાઇ પરબતભાઇને માથામાં કપાળના ઉપરના ભાગે જમણી બાજુ ત્રીકમનો ઘા મારી ગંભીર ઇજા કરી મોત નિપજાવી તેમજ ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે માથામાં કપાળના ભાગે ત્રીકમનો ઘા મારી ગંભીર ઈજા કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ તથા ૩૦૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૩) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે એવુ પુરવાર કરે છે કે, ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે મહે.જીલ્લા મેજી.શ્રી પોરબંદરનું જાહેરમાં હથીયારો ધારણ નહી કરવા સબંધેનું જાહેરનામું અમલમાં હોવા છતાં, આરોપી જાહેરમાં ત્રીકમ જેવું

હથિયાર ધારણ કરી ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૪) શું હુકમ?

(૯.૧) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો કારણો અને તારણો સાથે નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) અંશત : હકારમાં,
(આરોપીએ મરણજનારનું ખૂન કરેલ હોવાનું શંકારહીત પુરવાર થયેલ હોય તે બદલ આરોપી ઇ.પી.કો.કલમ–૩૦૨ મુજબ શિક્ષાને પાત્ર ઠરે છે. જયારે ફરીયાદીને કરેલ ઇજા અનુસંધાને ઇ.પી.કો. કલમ ૩૦૭ સબબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થતા ન હોય આરોપીને ઇ.પી.કો.કલમ–૩૨૪ મુજબ શિક્ષાને ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.)

(૩) નકારમાં,

(૪) આખરી હુકમ મુજબ.

## –// કારણો //–

(૧૦) ઉપરોકત મુદ્દાના સંદર્ભમાં કારણોની ચર્ચા કરતા પહેલા ફરીયાદપક્ષનો કેસ જોવામાં આવે તો, ફરીયાદપક્ષના કેસ અનુસાર, આ કામના આરોપી તથા ફરીયાદી તથા મરણ જનાર દાસાભાઇ પરબતભાઇ ઉર્ફે પબાભાઇ મારૂ તથા સાહેદ મુરૂભાઇ પુંજાભાઇ કોડીયાતર(હુણ) એમ બધા મિત્રો કોલીખડા ગામ પવન હોટલમાં જમવા માટે ગયેલ હોય અને જમીને પરત આવતી વખતે જમવાના પૈસા આપવા બાબતે મરણ જનાર દાસાભાઇ તથા આરોપી વચ્ચે બોલાચાલી તથા છુટ્ટા હાથની મારામારી થયેલ હોય અને આરોપી ત્યાંથી જતો રહેલ બાદ ફરીયાદી તથા મરણ જનાર દાસાભાઇ તેમજ સાહેદ મુરૂભાઇ પુંજાભાઇ એમ બધા શીતળાય માતાજીના મંદીર આગળ

આરામ કરતા હતા ત્યારે આરોપીએ ત્યાં જઇ અગાઉ થયેલ બોલાચાલીનું મનદુ:ખ રાખી મરણ જનાર દાસાભાઇ પરબતભાઇને માથામાં કપાળના ઉપરના ભાગે જમણી બાજુ ત્રીકમનો ઘા મારી ગંભીર ઇજા કરી મોત નિપજાવી તેમજ ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે માથામાં કપાળના ભાગે ત્રીકમનો ઘા મારી ગંભીર ઈજા કરી મ્હે. જીલ્લા મેજી. પોરબંદરના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૦૨, ૩૦૭ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના ગુન્હો કર્યાનો આક્ષેપ છે.

**મુદ્દા નં.૧:-**

**(૧૧)** આ મુદ્દાના સંદર્ભમાં ફરીયાદપક્ષનો કેસ જોતા આ કામના આરોપી તથા ફરીયાદી તથા મરણ જનાર દાસાભાઇ પરબતભાઇ ઉર્ફે પબાભાઈ મારૂ તથા સાહેદ મુરૂભાઈ પુંજાભાઈ કોડીયાતર(હુણ) એમ બધા મિત્રો કોલીખડા ગામ પવન હોટલમાં જમવા માટે ગયેલ હોય અને જમીને પરત આવતી વખતે જમવાના પૈસા આપવા બાબતે મરણ જનાર દાસાભાઈ તથા આરોપી વચ્ચે બોલાચાલી તથા છુટ્ટા હાથની મારામારી થયેલ હોય અને આરોપી ત્યાંથી જતો રહેલ બાદ ફરીયાદી તથા મરણ જનાર દાસાભાઈ તેમજ સાહેદ મુરૂભાઈ પુંજાભાઈ એમ બધા શીતળાય માતાજીના મંદીર આગળ આરામ કરતા હતા ત્યારે આરોપીએ ત્યાં જઇ અગાઉ થયેલ બોલાચાલીનું મનદુ:ખ રાખી મરણ જનાર દાસાભાઇ પરબતભાઇને માથામાં કપાળના ઉપરના ભાગે જમણી બાજુ ત્રીકમનો ઘા મારી ગંભીર ઇજા કરી મોત નિપજાવી તેમજ ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે માથામાં કપાળના ભાગે ત્રીકમનો ઘા મારી ગંભીર ઈજા કરી ગુજરનાર દાસાભાઈનું મૃત્યુ નિપજાવેલ અને ફરીયાદીને મારી નાખવાના ઈરાદે ગંભીર ઈજા પહોંચાડેલ છે.

**(૧૧.૧)** આ હકિકત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રજુ પુરાવો જતા સૌપ્રથમ સદર કામે મરણ જનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું આંક-૧૩ થી રજુ છે અને તે પંચનામાના પંચ સાહેદ નં. ૧ ને આંક-૧૨ થી તપાસવામાં આવેલ છે. સાહેદ નં. ૧ નાઓ જણાવે છે કે, તેમને ભાવસીંહજી હોસ્પીટલે પી. એમ. રૂમમ બોલાવેલ ત્યાં તેઓએ દાસાભાઈની લાશ જોયેલ હતી અને

તે લાશને માથાના ભાગે ઈજા થયેલી જોવા મળેલી. તેઓ ઈન્કવેસ્ટ પંચનામામાં પોતાની પંચ નં. ૧ તરીકની સહી ઓળખી બતાવે છે. બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ નં. ૧ એ વાતનો સ્વીકાર કરે છે કે, ગુજરનાર દાસાભાઈને તેઓ બનાવ અગાઉથી ઓળખતા હતા અને તેમને પંચ તરીકે બોલાવવા માટે પોલીસ આવેલી અને તેઓ હોસ્પીટલે પહોંચેલા ત્યારે જ તેમને પોલીસે પંચમા રહેવા બોલાવેલ. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, દાસાભાઈના બનાવની તેમને જાણ થયેલી તેથી તેઓ દવાખાને ગયેલા. સાહેદ નં. ૧ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, દાસાભાઈ તેમના કુટુંબી કાકા થતા હતા. આમ, સાહેદ નં. ૧ ની જુબાનીથી આંક–૧૩ ના ઈન્કવેસ્ટ પંચનામાની કાર્યવાહી પુરવાર થાય છે અને આંક–૧૩ થી રજુ ઈન્કવેસ્ટ પંચનામું જોતાં મરણ જનારને માથામાં કપાળની જમણી ભાગે મારામારીમાં તીક્ષ્ણ હથીયાર વડે ગંભીર ઈજા થવાથી મરણ ગયેલ હોવાનો ઉલ્લેખ છે.

આમ, સાહેદ નં. ૧ ની જુબાની તથા આંક–૧૩ થી રજુ પંચનામાના આધારે ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર થાય છે કે મરણ જનારની લાશને માથામાં કપાળના જમણા ભાગે તીક્ષ્ણ હથીયાર વડે થયેલ હોય તે મુજબની ઈજા હતી.

**(૧૧.૨)** સદર કામે ફરીયાદી સાહેદ નં. ૩ આંક–૩૨ થી પોતાની જુબાનીમાં જણાવે છે કે, બનાવમાં આરોપી કરશનભાઈએ ત્રીકમ વડે દાસાભાઈને માથાના જમણા ભાગ ઉપર ઘા મારેલો અને કરશનભાઈ બીજો ઘા કરવા જતા ફરીયાદી વચ્ચે પડેલ અને ફરીયાદીને ત્રીકમથી માથામાં જમણા ભાગે ઈજા થયેલી અને તે પછી આરોપી કરશનભાઈ તેમની ત્રીકમ ત્યાં મુકીને ભાગી ગયેલા. સદર કામે આંક–૨૩ થી બનાવવાળી જગ્યાનું પંચનામું રજુ કરવામાં આવેલ છે અને તે પંચનામું જોતાં પણ બનાવ સ્થળે લોહીના ધાબાઓ જણાયેલા તેમજ બનાવ સ્થળેથી ત્રીકમ પણ કબજે લેવામાં આવેલી.

**(૧૧.૩)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૫ થી મરણ જનારનું પી. એમ. કરનાર ડો. કૈલાસ રમેશભાઈ ત્રીવેદીને તપાસવામાં

આવેલ છે. તેઓ જણાવે છે કે, તા. ૧૬/૦૨/૨૦૨૧ ના રોજ રાત્રીના ૦૧:૦૫ એ.એમ. વાગ્યે તેઓ મેડીકલ ઓફીસર તરીકે ભાવસિંહજી હોસ્પીટલમાં ફરજ પર હતા ત્યારે આ કામના ફરીયાદી તેમની પાસે સારવાર માટે આવેલા અને ફરીયાદીએ હીસ્ટ્રીમાં જણાવેલ કે, કરશન ભીમા પોરીયા નામના વ્યકિતએ આશરે એક કલાક પહેલા શીતલા માતાજીના મંદીર પાસે કોલીખડામાં માર મારેલ. સાહેદ નં. ૧૫ વધુમાં જણાવે છે કે, તા. ૧૬/૦૬/૨૦૨૧ ના રોજ મરણ જનાર દાસાભાઈ પરબતભાઈ મારૂની લાશનું પી. એમ. કરવા તથા મરણ જનારનું બલડ સેમ્પલ તથા કપડા લઈ રીપોર્ટ સાથે મરણોતર ફોર્મ અને ઈન્કવેસ્ટ પંચનામું પોલીસ યાદી સાથે મોકલવામાં આવેલ અને ત્યારબાદ તેમણે તથા પેનલમાં ડો. મનાલીબેન કે. બાપોદરાએ તા. ૧૬/૦૬/૨૦૨૧ ના રોજ સવારે ૮:૦૦ વાગ્યે પી.એમ. શરુ કરેલ અને સવારે ૧૦:૦૦ વાગ્યે પુરુ કરેલ.

સાહેદ નં. ૧૫ વધુમાં જણાવે છે કે, મત્યુનો સમય આશરે દસથી બાર કલાક પહેલાનો હોવાનું જણાય આવેલ અને લાશના બાહય ભાગ ઉપર નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલ.

> ૧. ખોપરીના આગળના જમણી બાજુના ભાગના ફ્રંટલ બોન નામના હાડકા ઉપર એક ત્રીકોણાકારનો કપાયેલ જેવો છુંદાયેલ ઘા જોવા મળેલ. આ ઘા મગજ સુધીનો ઉંડો હતો અને તેમાંથી લોહી નીકળતું હતું. ઘા જોતા જમણી બાજુની કીનારી સીધી હતી (કલીનકટ) જયારે બાકીની કીનારીઓ અસ્તવ્યસ્ત (લેસરેટેડ) હતી.

**(૧૧.૪)** સદર સાહેદ વધુમાં જણાવે છે કે ઉપરોકત બાહય તપાસણીથી માથામાં જમણી બાજુના ફ્રંટલ બોન નામના હાડકામાં અંદર ભોકાયેલું અને નાના નાના ઘણા કટકા થયેલો અસ્થીભંગ (ફ્રેકચર) જોવા મળેલ. જે ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. સાહેદ નં. ૧૫ જણાવે છે કે વધુમાં લાશની આંતરીક ભાગની તપાસમાં માથાના ત્વચા નીચેની ઈજા જોતાં એક લોહીનો મોટા ધાબા જેવું જોવા મળેલ જે ખોપરીના જમણી બાજુના ફ્રંટલ બોન નામના હાડકા અને જમણી બાજુના ટેમ્પોરલ બોન સુધી ફેલાયેલું હતું જે કોલમ નં. ૧૭ માં દર્શાવેલ ઈજા મુજબનું હતું તેમજ કોલમ નં. ૧૮ માં દર્શાવેલ ઈજા મુજબનું ફ્રેકચર જોવા મળેલ જે ૫.૫ સેમી x ૭.૫ સેમીનું હતું.

**(૧૧.૫)** સાહેદ નં. ૧૫ વધુમાં જણાવે છે કે, તેમણે લાશ પરથી ૫ સીસી બ્લડ તેમજ મરણ જનારના કપડા કબજે લીધેલ અને તે શીલ કરી તે અંગેનું ફોર્મ નં. ૨–બી ભરી સેમ્પલ તથા કપડા તથા ફોર્મ નં. ૨–બી પોલીસે સોંપેલા. મરણ જનારની લાશનું પી.એમ. કરનાર ડોકટરશ્રીના અભિપ્રાય મુજબ મરણ જનારનું મૃત્યુ માથાના ભાગે વાઇટલ ભાગમાં ગંભીર ઈજા થતા મગજમાં આંતરીક ઈજા પણ થતા પુષ્કળ પ્રમાણમાં બાહ્ય અને આંતરીક લોહી વહી જવાથી થયેલ.

**(૧૧.૬)** સદર કામે પી.એમ. રીપોર્ટ આંક–૯૮ થી રજુ કરવામાં આવેલો છે. સાહેદ નં. ૧૫ વધુમાં જણાવે છે કે, પી. એમ. નોટમાં દર્શાવ્યા મુજબની કોલમ નં. ૧૭ અને ૧૮ માં દર્શાવેલ ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમાં માણસનું મૃત્યુ નિપજાવવા માટે પુરતી હતી તેમજ તે ઈજાઓ ત્રીકમ જેવા હથીયારથી માથામાં ઘા કરવામાં આવે તો સદર ઈજા સંભવી શકે છે. બચાવપક્ષ તરફે સાહેદ નં. ૧૫ ની ઉલટ તપાસ જોતાં તેઓ સ્વીકારે છે કે, એવું ચોકકસપણે કહી શકાય નહી કે કોઈ વ્યકિતને માથામાં ઈજા થયેલ હોય અને મરણ થયેલ હોય તો તેવી વ્યકિતની લાશમાં રાઈગરમોર્ટીસની પ્રક્રિયા ખુબ મોડી શરુ થતી હોય છે. તેઓ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, તેઓએ પી.એમ. કર્યુ તે વખતે સદર દર્દી દાસાભાઈ પરબત ઉર્ફે પબાભાઈ મારૂની લાશ ઉપર સંપુર્ણ રાઈગરમોર્ટીસ વિકસીત થયેલ હતું. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, રાઈગરમોર્ટીસની પ્રક્રિયા મૃત વ્યકિતના મરણના સમયથી બે થી ત્રણ કલાક પછી શરુ થતી હોય છેઅ ને તે મૃત વ્યકિતના શરીરની સ્થીતી, બાંધો, તંદુરસ્તી અને વાતાવરણ ઉપર નીર્ભર રહે છે. સાહેદ નં. ૧૫ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, લાશના પી.એમ. દરમ્યાન નાના આંતરડામાં અર્ધપચેલ ખોરાક જોવા મળેલો. તેઓ એ વાત પણ સ્વીકારે છે કે, કોઈ અકસ્માતમાં કોઈ વ્યકિતને માથામાં ધારદાર સળીયો કે પાઈપ જેવી વસ્તુ જોશથી ઘુસી જાય તો હાલના મરણ જનારને થયેલ ઈજા જેવી ઈજા થઈ શકે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, હાલના કેસવાળી લાશનું પી.એમ. કરતી વખતે કાચી નોંધ તેઓએ લખેલી તેના ઉપરથી ફાઈનલ પી.એમ. રીપોર્ટ તૈયાર કરેલો. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, આ કામે મુદામાલ તરીકે કબજે લેવામાં આવેલ હથીયરા તેમને પોલીસે અગાઉ બતાવેલ નથી

તેમજ દર્દીને થયેલ ઈજાના ઘાનું માપ દર્શાવેલ છે તે ચોકકસ કેવા સાધનથી માપેલ તે ઈજાની લંબાઇ પહોળાઇ માપવાના સાધનનું નામ તેઓએ પી.એમ. નોટમાં લખેલ નથી. સાહેદ નં. ૧૫ એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓએ પી.એમ. કર્યુ તે પહેલા ઇન્કવેસ્ટ પંચનામાની નકલ વાચેલી છે. તેઓ એ વાત સ્વીકારે છે કે તેઓ ફોરેન્સીક સાયન્સના નીષ્ણાંત નથી.

**(૧૧.૭)** આમ, સાહેદ નં. ૧૫ ની જુબાની તથા સદર સાહેદે રજુ કરેલ પી.એમ. રીપોર્ટ તેમજ સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતાં બચાવપક્ષ દવારા મરણ જનારનું મૃત્યુ કુદરતી હોય તે બાબતેની કોઇ તકરાર લેવામાં આવેલ નથી. તેમજ તબીબી પુરાવા તથા ડોકટરશ્રી કે જેઓ તબીબી નિષ્ણાંત છે તેમણે આપેલ મૃત્યુના કારણ બાબતના અભિપ્રાયનું ખંડન થાય તેવી કોઇ હકીકત બચાવ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ ન હોય, જેથી ડોકટરશ્રીની જુબાની અને પી.એમ. રીપોર્ટની વિગતો ધ્યાને લેતાં મરણ જનારનું મૃત્યુ તેમને માથાના ભાગે થયેલ ઈજાને। કારણે થયેલ હોવાનું પુરવાર થાય છે.

**(૧૧.૮)** આમ, સદર કામે ફરીયાદીની જુબાની, ઇન્કવેસ્ટ પંચનામું તથા ડોકટરશ્રીની જુબાની તેમજ ડોકટરશ્રી દવારા રજુ કરવામાં આવેલ પી.એમ. રીપોર્ટની વિગતો ધ્યાને લેતાં મરણ જનારનું મૃત્યુ માથામાં ઈજા થવાના કારણે થયેલ હોવાનું પુરવાર થાય છે અને મરણ જનાર આપઘાત કરવાના લીધે કે અન્ય કુદરતી રીતે અવશાન પામેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય જેથી હાલના કામે મરણ જનારનું મૃત્યુ અકુદરતી અને હોમીસાઇડલ ડેથ હોવાનું પુરવાર થાય છે અને તે મુજબ **મુદા નં. ૧ નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે**.

**<u>મુદ્દા નં. ૨ તથા ૩ ની સંયુકત ચર્ચા</u> :–**

**(૧૨)** ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનું તહોમત મુકેલ છે. જેની ચર્ચા નીચે અનુસાર કરવામાં આવેલ છે.

**(૧૨.૧)** અત્રે એ ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપીઓ સામે જે ગુન્હાનું તહોમત મુકેલ હોય તે નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો હમૈશા ફરીયાદપક્ષ ઉપર રહે છે. જયા સુધી ફરીયાદપક્ષ આરોપીઓની વિરૂદ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરે નહી ત્યાં સુધી નિર્દોષતા અંગેનું અનુમાન અસ્તીત્વમાં રહે છે. આ સ્થાપીત કાનુનની સ્થિતિનાં પરીધમાં ફરીયાદપક્ષના કેસ સંદર્ભે ઉપરોતક મુદ્દા નં.૨ તથા ૩ નું ન્યાયીક મુલ્યાંકન હાથ ધરીશુ.

**(૧૨.૨)** સદર કામે ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ શીતળા માતાના મંદીર પાસે બનેલો અને તે વખતે મરણ જનાર દાસાભાઇ તથા ફરીયાદી અને સાહેદ મુરુભાઇ પુંજાભાઇ એમ ત્રણ વ્યકિતઓ હાજર હતા. સદર કામે ફરીયાદીને પણ બનાવમાં ઈજા થયેલ છે અને તેમને સાહેદ નં. ૩ થી તપાસવામાં આવેલા છે. જયારે સાહેદ મુરુભાઇ પુંજાભાઇને ટ્રાયલ દરમ્યાન સાહેદ તરીકે તપાસવામાં આવે તે અગાઉ તા.૨/૦૯/૨૦૨૨ ના રોજ તેમનું મૃત્યુ થયેલ હોય તે કારણે તેમને તપાસ શકાયેલ નથી. સદર કામે આંક–૭૭ થી રજુ મરણ પ્રમાણપત્ર તથા સાહેદ સમન્સ આંક–૭૮ જોતાં સાહેદ મુરૂભાઇને સાક્ષી સમન્સ થતાં તેઓ અવસાન પામેલા હોય તેવા શેરા સાથે પરત ફરેલ છે. આમ ફરીયાદપક્ષના કેસના સંજોગો ધ્યાને લેતાં આ કામના ફરીયાદી સાહેદ નં. ૩ તે સૌથી અગત્યના સાહેદ કહી શકાય. અત્રે એ હકીકત પણ નોંધવી જરુરી છે કે, ફરીયાદી નજરે જોનાર સાહેદ હોવા ઉપરાંત પોતે ઈજા પામનાર સાહેદ છે. જેથી તેમની જુબાની અન્ય સાહેદો કરતા વધુ મહત્વની ગણી શકાય કારણ કે બનાવ વખતે બનાવ સ્થળે તેમની હાજરી બાબતે શંકા રહેતી નથી.

**(૧૨.૩)** ફરીયાદી સાહેદ નં. ૩ તરીકે પોતાની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, આરોપી કરશનભાઇ મરણ જનાર દાસાભાઇ તથા સાહેદ મુરુભાઇ તેમના મિત્રો છે અને બનાવના દીવસે રાત્રીના સમયે ફરીયાદી, દાસાભાઇ અને કરશનભાઇ ગામના પાદરમાં ભેગા થયેલા અને પવન હોટલમાં જમવા માટે ગયેલા અને આ જમવાના બીલના પૈસા આપવાની વાત કરશનભાઇ અને દાસાભાઇ આપવાના હતા તેવી વત થયેલી

અને જમીને તેઓ બધા એટલે કે મરણ જનાર દાસાભાઇ, આરોપી કરશનભાઇ તથા ફરીયાદી પવન હોટલે બેઠા હતા ત્યાંથી તેઓ ચારેય જણા શીતલા માતાના મંદીરે જવા માટે નીકળેલા ત્યાં રસ્તામાં કરશનભાઇ અને દાસાભાઇને જમવાના બીલના પૈસા બાબતે ઝઘડો થયેલો અને બંને જણા ઝપાઝપી કરવા લાગેલા અને એકબીજાના કાઠલા પકડેલા તેથી ફરીયાદી તથા સાહેદ મુરુભાઇએ બંનેને છુટા પાડેલા અને તે પછી ત્યાંથી આરોપી ખીજવાઇને જતા રહેલા અને ફરીયાદી, દાસાભાઇ, મુરુભાઇ શીતળા માતાના મંદીરે ગયેલા અને ત્યાં ખાટલામાં તેઓ આડા પડેલા. ત્યારબાદ આશરે ૧૦–૧૫ મીનીટ પછી આરોપી કરશનભાઇ ત્યાં આવેલા અને આરોપીના હાથમાં ત્રીકમ હતો અને તે ત્રીકમ વડે આરોપીએ દાસાભાઇને માથાના જમણા ભાગ ઉપર ઘા મારેલો અને કરશનભાઇ બીજો ઘા કરવા જતા ફરીયાદી વચ્ચે પડેલ તો ફરીયાદીને ત્રીકમથી માથામાં જમણા ભાગે ઈજા કરેલી અને તે પછી આરોપી ત્રીકમ ત્યાં મુકીને ભાગી ગયેલ. ફરીયાદી વધુમાં જણાવે છે કે, ત્યારબાદ રાજુભાઇ મકવાણાની ગાડીમાં દાસાભાઇને નાખી દવાખાને લઇ જતા હતા ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સ ત્યાં આવી ગયેલી તેથી દાસાભાઇને એમ્બ્યુલન્સમાં નાખી ફરીયાદી તથા રાણાભાઇ તથા ભરતભાઇ ભાવસિંહજી હોસ્પટલે લઇ ગયેલા. ત્યાં ડોકટરે દાસાભાઇને તપાસેલા અને મરણ ગયેલા હોવાનું જણાવેલું.

**(૧૨.૪)** ફરીયાદી વધુમાં જણાવે છે કે, બનાવનું કારણ એ હતું કે આરોપી અને મરણ જનાર વચ્ચે જમવાના પૈસા બાબતે માથાકુટ થયેલી તેથી કરશનભાઇએ ત્રીકમથી દાસાભાઇને માથામાં મારેલું તેથી દાસાભાઇનું મરણ થયેલું અને તે બનાવમાં દાસાભાઇને વચ્ચે છોડાવવા જતા ફરીયાદીને પણ સદર આરોપીના ત્રીકમનો ઘા માથામાં વાગેલો. ફરીયાદી આંક–૩૩ થી રજુ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે અને તે ફરીયાદ તેમણે ભાવસિંહજી હોસ્પીટલમાં લખાવેલી હોવાનું જણાવે છે તથા તેઓ કોર્ટ રૂબરૂ આરોપી દસાભાઇને ઓળખી બતાવે છે. ફરીયાદીને મુદ્દામાલ આર્ટીકલ નં. ૭ માર્ક–જી વાળો ત્રીકમ બતાવતા તેઓ જણાવે છે કે, બનાવ વખતે આરોપીએ જે ત્રીકમથી ગુજરનાર દાસાભાઇને તથા તેમને ઈજા કરેલી તે આ જ ત્રીકમ છે

કે કેમ તે તેઓ ચોકકસ કહી શકે નહી કારણ કે બનાવ સમયે રાત્રીનો સમય હતો.

(૧૨.૫) બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં ફરીયાદી એ વાત સ્વીકારે છે કે, બનાવના દિવસે તેઓ તથા આરોપી તથા મરણ જનાર વિગેરે મીત્રો રાત્રે દસથી સાડા દસના અરસામાં ગામના પાદરમાં ભેગા થયેલ અને ત્યાંથી જમવા ગયેલા. શીતલા માતાના મંદીરેથી સદર પવન હોટલ આશરે બસો–ત્રણસો ફુટના અંતરે છે. તેઓ એ વાત સ્વીકારે છે કે, પવન હોટલેથી શીતલા માતાના મંદીરે જતા વચ્ચે એક સરકારી સ્કુલ આવે છે અને સદર બનાવના દિવસે તેઓ બધા સદર સ્કુલ આગળ બે–પાંચ મીનીટ ઉભા રહેલ. ફરીયાદી એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, ફરીયાદી, આરોપી તથા ગુજરનાર કોલીખડા ગામના જ રહીશ છે અને બનાવના દિવસે ચારેય મીત્રો સાથે જમવા ગયેલા તે પહેલા અગાઉ ચારેય મીત્રો સાથે જમવા ગયેલ હોય તેવું બનેલ નથી. ફરીયાદી એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, તેઓ હોટલે જમવા જતા હતા તે વખતે રાત્રીનો સમય હતો તેથી એધારું હતું તેમજ હોટલે બેસી જમવામાં આશરે દસ–પંદર મીટની જેટલો સમય લાગેલો અને હોટલનું બીલ કોણે ચુકવેલું તે ખબર નથી. ફરીયાદી વધુમાં જણાવે છે કે, જમ્યા પછી તેઓ સદર હોટલમાં રાત્રે બાર વાગ્યા સુધી બેઠેલા અને તે વખતે તેઓ મીત્રો વાતોચીતો અને મજાક કરતા હતા તેમજ ફરીયાદી એ વાતનો સ્વીકાર કરે છે કે, આરોપી તથા ગુજરનાર દાસાભાઇને જમવાના પૈસા અંગે બોલાચાલી વખતે કોઇ ધમકી આપેલ હોય તેવું બન્યું નથી. ફરીયાદી એ વાતનો સ્વીકાર કરે છે કે, હોટલમાંથી નીકળ્યા ત્યારે હોટલના માલીક તથા સ્ટાફના માણસો ત્યાં હતા. ફરીયાદી વધુમાં જણાવે છે કે, બનાવવાળી જગ્યા શીતલા માતાના મંદીર પાસે હાલના કોર્ટરૂમ જેટલી ખુલ્લી જગ્યા છે અને તેના ફરતે આશરે ત્રણ–ચાર ફુટ ઉંચી દીવાલ છે, શીતલા માતાના મંદીરે કોઇ પુજારી રાત્રે રહેતા નથી, તે મંદીરમાં છ–સાત લોખંડના ખાટલા હતા. ફરીયાદી એ વાત સ્વિકારે છે કે, શીતળ માતાના મંદીર પાસે અડીને કોઇ મકાન નથી અને શીતળા માતાના મંદીરના કમ્પાઉન્ડમાં આશરે આઠ–દસ જેટલા ઝાડ છે તથા કમ્પાઉન્ડમાં માટીવાળી જમીન છે.

(૧૨.૬) ફરીયાદી એ વાતનો ઈન્કાર કરે છે કે, બનાવ વખતે તેઓ શીતળા માતાજીના મંદીરની નજીકમાં ખાટલામાં સુઇ ગયેલ હતા. સદર બાબતે ફરીયાદી ખુલાસો કરી જણાવે છે કે, તેઓ ખાટલમાં જાગતા આડા પડેલ હતા અને તેમની આંખો બંધ હતી. ફરીયાદી એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ વખતે અવાજ આવ્યો એટલે તેઓ જાગી ગયેલા અને ઉઠીને જોયું તો દાસાભાઇ ઈજા પામેલ હાલતમાં જોવા મળેલા અને સદર મારામારીનો બનાવ લગભગ પાંચ મીનીટ જેટલો ચાલેલો. ફરીયાદી એ વાતનો ઈન્કાર કરે છે કે, બનાવ વખતે અંધારું હતું. ફરીયાદી એ વાતનો ખુલાસો કરી જણાવે છે કે, ત્યાં લાઇટના થાંભલા હતા. પરંતુ ફરીયાદી વધુમાં જણાવે છે કે, તેમને હાલ યાદ નથી કે સદર બનાવવાળી જગ્યાએ લાઇટના થાંભલાની લાઇટ હતી તેવું ફરીયાદમાં લખાવેલ કે કેમ. ફરીયાદી એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ વખતે તેઓ ઝાડ નીચે ખાટલામાં હતા. તેઓ એ વાતનો પણ ઈન્કાર કરે છે કે, આરોપીએ તેમને માથામાં જમણા ભાગે ત્રીકમથી ઈજા કરેલી તે તેઓ ખોટું કહે છે. તેઓ એ વાતનો પણ ઈન્કાર કરે છે કે, બનાવમાં તેમને માથામાં જમણા ભાગે ઈજો થવાની તેઓ બેભાન થઇ ગયેલા. ફરીયાદી એ વાતનો સ્વીકાર કરે છે કે, ૧૦૮ એમ્બ્યુલન્સ આવી ત્યાં સુધી સ્થળ ઉપર દાસાભાઇ ખાટલામાં પડેલા હતા. તેઓએ દાસાભાઇને એમ્બ્યુલન્સ આવી ત્યાં સુધી લોહી રોકવા માટે કોઇ પાટા પીંડી કે કપડું બાંધેલ નહી.

(૧૨.૭) ફરીયાદી એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, તેમને ફરીયાદમાં એવું લખાવેલ છે કે,''અમારા ગામના જીવા રાણાભાઇ ચાવડા પણ ત્યાં આવી જતા તેઓએ ૧૦૮ માં ફોન કરેલ અને ૧૦૮ આવતા વાર લાગેલ તે દરમ્યાન અમારા ગામના જાદવભાઇ હીરાભાઇ મકવાણા તેઓની સ્વીફ્ટ કાર લઇને ત્યાંથી પસાર થતા હોય ત્યાં ઉભા રહેતા તેઓને સારવારમાં જવા માટેની જાણ કરતા અમે તેઓના વાહનમાં બેસી ભાવસીંહજી હોસ્પટલે આવવા નીકળેલા.'' ફરીયાદી એ વાતનો સ્વીકાર કરે છે કે, સદર બનાવવાળી જગ્યાએ જાદવભાઇ હીરાભાઇ મકવાણા આવેલા ન હતા પરંતુ તેમના દીકરા આવેલા હતા તેવું તેઓએ પોલીસને તેમના વધુ જવાબમાં લખાવેલું. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે ફરીયાદમાં તેઓએ જાદવભાઇ હીરાભાઇ મકવાણા આવેલાનું લખાવેલું તે ભુલમાં લખાવેલું. ફરીયાદી વધુમાં

જણાવે છે કે, બનાવવાળી જગ્યાએથી હોસ્પીટલે દસ–પંદર મીનીટમાં પહોંચેલા. તેઓ હોસ્પીટલે પહોંચ્યા ત્યારે પોલીસ હાજર ન હતી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવ વખતે દાસાભાઈ ખાટલમાં સુતેલા જ હતા. ફરીયાદી એ વાતનો ઈન્કાર કરે છે કે, ગુજરનાર દાસાભાઇને આરોપી સાથે કોઇ ઝપાઝપી થયેલ જ નથી. ફરીયાદી વધુમાં જણાવે છે કે, દવાખાને પોલીસ આવી ત્યારે તેમના કોઈ સગા સંબંધી હાજર ન હતા પરંતુ ત્યારબાદ થોડા સમય પછી તેમના સગા સંબંધી આવેલા તથા ફરીયાદની વિગત તેમના સીવાય બીજા કોઈએ લખાવેલ નથી. ફરીયાદી એ વાતનો ઈન્કાર કરે છે કે, આરોપી સાથે તેમને જુનુ મનદુ:ખ હોય તેને ફસાવી દેવા તેઓએ ખોટી ફરીયાદ આપેલી છે અને બનાવમાં તેમને ઈજા કેવી રીતે થયેલી તે અંગેની કોઈ હકીકત તેઓએ ડોકટરને કહેલી જ નથી. તેઓ એ વાત સ્વીકારે છે કે, ગુજરનાર દાસાભાઈ તેમના મીત્ર થતા હતા. ફરીયાદી સ્વૈચ્છાએ જણાવે છે કે, આરોપી પણ તેમના મીત્ર થાય છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, બનાવ વખતે આરોપી બનાવવાળી જગ્યાએ હાજર જ ન હતા અને તેઓ ખોટી જુબાની આપે છે.

**(૧૨.૮)** સદર કામે આંક–૩૩ થી ફરીયાદ રજુ કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં બનાવ તા. ૧૫/૦૬/૨૦૨૧ ના રોજ સાડા દશેક વાગ્યાના અરસામાં ફરીયાદી તથા મરણ જનાર દાસા પરબત ઉર્ફે પોબો તથા મુરુ પુંજાભાઇ અને આરોપી કરશન ભીમાભાઇ કોડીયાતર એમ બધા તેમના ગામમાં આવેલ પવન હોટલે જમવા માટે ગયેલ હતાં અને જમીને બીલના પૈસા દાસા પરબતભાઇએ આપવાની વાત કરેલ અને આશરે રાત્રીના બારેક વાગ્યા સુધી જમીને ત્યાં પવન હોટલે બેઠા હતા અને ત્યારબાદ ત્યાં બાજુમાં આવેલ શીતળા માતાજીના મંદીરે બેસવા માટે જતાં હતા ત્યારે રસ્તામાં આરોપીએ દાસાભાઇને કહેલ કે આપણા ચારેયના જમવાના પૈસા આપણે બંનેને આપવાના હતા તો તે કેમ પૈસા ન આપ્યા જે બાબતે બંને વચ્ચે બોલાચાલી થયેલ તે દરમ્યાન તે બંને વચ્ચે ગાળાગાળી તથા છુટા હાથની મારા મારી તથા કોલર પકડી જપાજપી થયેલ જેથી મોટો ઝઘડો ન થાય તે માટે ફરીયાદી તથા મુરુભાઇએ આ બંનેને છુટા પાડેલ અને સમજાવેલ કે જમવાના થોડા પૈસા માટે ઝઘડો ન કરાય તેમ કહેતાં આરોપી ત્યાંથી

ગુસ્સામાં ઝઘડો કરીને નીકળી ગયેલ અને તેઓ ત્રણેય જણા ચાલતા ચાલતા કોલીખડા ગામના પાદરમાં આવેલ શીતળા માતાજીનાં મંદીરે લાકડાના ખાટલાઓ છે ત્યાં આરામ કરવા આડા પડેલ હતાં તે દરમ્યાન આશરે પંદરેક મીનીટ પછી આરોપી ફરીયાદી તથા સાહેદ મુરુભાઈ તથા મરણ જનાર દાસાભાઈ આરામ માટે આડા પડેલ હતાં ત્યાં ઓચીંતાના પાછળથી આવી દાસાભાઈ પરબતભાઇને આરોપીએ તેના હાથમાનાં ત્રીમથી માથામાં ઘા મારી દીધેલ. જેથી ફરીયાદી તેની બાજુમાં આડો પડેલ હોય તેઓ ઉભા થઇને દાસાભાઈને બચાવવા જતાં આરોપીએ ફરીયાદીને માથાના ભાગે કપાળ નજીક ત્રીકમનો ઘા મારી દીધેલ અને પછી મુરુભાઈ પણ ઉભા થઇને આરોપીને પકડવા જતાં આરોપી ત્રીકમ મુકીને ત્યાંથી દોડીને ભાગી ગયેલ હતો. તે દરમ્યાન આજુબાજુના જતા આવતા માણસો ભેગા થઇ ગયેલા અને ફરીયાદીના ગામના જીવા રાણાભાઈ ચાવડા ત્યાં આવી જતા તેઓએ ૧૦૮ માં ફોન કરેલ અને ૧૦૮ આવતા વાર લાગેલ તે દરમ્યાન ફરીયાદીના ગામના જાદવભાઇ હીરાભાઇ મકવાણા તેઓની સ્વીફ્ટ કાર લઇને ત્યાંથી પસાર થતાં હોય ત્યાં ઉભા રહેતા તેઓને સારવારમાં જવા માટેની જાણ કરતા ફરીયાદી તેઓના વાહનમાં ભાવસીંહજી હોસ્પટીલ આવવા નીકળેલા. આ દરમ્યાન ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતાં તે વાહનમાંથી ઉતરી ૧૦૮ એમ્બ્યુલન્સમાં ફરીયાદી તથા ઈજા થનાર દાસાભાઈ પરબતભાઈ તથા ભરત અરજનભાઈ મારુ ભાવસિંહજી હોસ્પટલટલના નર્સીંગના બીલ્ડીંગમાં આવતા ફરીયાદીને તથા દાસાભાઇને ફરજ પરના ડોકટરે ચેક કરતાં દાસાભાઈ મરણ ગયેલ હોવાનું જણાવેલ અને ફરીયાદીને સારવાર માટે બીજા માળે જનરલ વોર્ડમાં દાખલ કરેલ.

**(૧૨.૯)** આમ ફરીયાદીની જુબાની તથા ફરીયાદ ધ્યાને લેતાં ફરીયાદપક્ષના કેસને ફરીયાદીની જુબાનીથી જરૂરી સમર્થન પ્રાપ્ત થાય છે અને ફરીયાદીની ઉલટ તપાસમાં પણ બનાવ સંદર્ભે ફરીયાદી ખોટી વિગતો જણાવે છે તેમ દર્શાવતી કોઇ હકીકતો બહાર આવેલ નથી.

**(૧૩)** સદર બનાવના બીજા દાર્શનીક સાહેદ અવશાન પામેલ હોય તેથી તેમને તપાસી શકાયેલ નથી. પરંતુ સાહેદ મુરુભાઇનું તપાસ દરમ્યાન

મેજીસ્ટ્રેટશ્રી સમક્ષનું સી.આર.પી.સી. ની કલમ ૧૬૪ મુજબનું નિવેદન નોંધવામાં આવેલું હતું. જે નિવેદન આ કામે આંક–૧૧૨/૧ થી રજુ છે. સદર નિવેદન બાબતે સાહેદ નં. ૨૬ થી તપાસવામાં આવેલ ત.ક.અમલદાર શ્રી તેમની સરતપાસમાં જણાવે છે કે, આંક–૧૧૨ તે નજરે જોનાર સાહેદ મુરુભાઇ પુંજાભાઇ કોડીયાતરનું સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબનું નિવેદન એસ.ડી. હીંગુ, ત્રીજા જયુડી.મેજી.ફ.ક. દવારા લેવામાં આવેલ અસલ નિવેદન છે જેમાં સાહેદ મુરુભાઇ પુંજાભાઇ કોડીયારની સહી તથા નિવેદન લેનાર અધિકારી તરીકે એસ.ડી. હીંગુની સહી તેઓ ઓળખી બતાવે છે.

**(૧૩.૧)** રેકર્ડ જોતાં મુરુભાઇ પુંજાભાઇ કોડીયાતરના સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબના નિવેદનને આંક–૧૧૨/૧ આપવામાં આવેલ છે. જયારે ચીફ જયુડી. મેજી.શ્રી પોરબંદરનાઓએ ત્રીજા એડીશ્નલ જયુડી. મેજી.ફ.ક. પોરબંદરને સાહેદ મુરુભાઇ પુંજાભાઇ કોડીયાતરનાઓનું સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબનું નિવેદન નોંધવા માટે કાર્યવાહી કરવા માટે કરેલ પત્ર આંક–૧૧૨ આપવામાં આવેલ છે અને સાહેદ નં. ૨૬ ની જુબાનીમાં સાહેદ મુરુભાઇનું સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબના નિવેદન તથા તેમાં સદર સાહેદની સહી તથા મેજીસ્ટ્રેટશ્રીની સહી સાહેદ નં. ૨૬ નાએ ઓળખી બતાવેલ હોવા છતાં તે નિવેદનને શરતચુકના કારણે આંક આપવામાં આવેલ નથી જેથી તે નિવેદનને પુરવાર થયેલ હોવાનું ગણી તેને ફરીયાદપક્ષના કેસની સમર્થનકારક બાબત તરીકે મર્યાદીત પુરાવાકીય વેલ્યુ સાથે વંચાણે લઇ શકાય. સદર બાબતે નામ. સર્વોચ્ચ અદાલતના નીચે ટાંકેલ ચુકાદાના અવલોકનો ધ્યાને લેવા જરૂરી જણાય છે.

**Vijaya Singh & Anr. Vs. State of Uttarakhand** [Criminal Appeal No. 122 of 2013]

> *28. Considering the conceptual requirement of recording a statement before a Judicial Magistrate during the course of investigation and the utility thereof, as prescribed in Section 157 of Evidence Act, it could be observed that a statement under Section 164, although not a substantive piece of evidence, not only meets the test of relevancy but could also be used for the purposes of contradiction and corroboration. A statement recorded under Section 164 CrPC serves a special purpose in a criminal investigation as a greater amount of*

*credibility is attached to it for being recorded by a Judicial Magistrate and not by the Investigating Officer. A statement under Section 164 CrPC is not subjected to the constraints attached with a statement under Section 161 CrPC and the vigour of Section 162 CrPC does not apply to a statement under Section 164 CrPC. Therefore, it must be considered on a better footing. However, relevancy, admissibility and reliability are distinct concepts in the realm of the law of evidence. Thus, the weight to be attached to such a statement (reliability thereof) is to be determined by the Court on a case-to-case basis and the same would depend to some extent upon whether the witness has remained true to the statement or has resiled from it, but it would not be a conclusive factor. For, even if a witness has retracted from a statement, such retraction could be a result of manipulation and the Court has to examine the circumstances in which the statement was recorded, the reasons stated by the witness for retracting from the statement etc. Ultimately, what counts is whether the Court believes a statement to be true, and the ultimate test of reliability happens during the trial upon a calculated balancing of conflicting versions in light of the other evidence on record.*

….. …..

*31. Having said so, we deem it fit to observe that a statement under Section 164 CrPC cannot be discarded at the drop of a hat and on a mere statement of the witness that it was not recorded correctly. For, a judicial satisfaction of the Magistrate, to the effect that the statement being recorded is the correct version of the facts stated by the witness, forms part of every such statement and a higher burden must be placed upon the witness to retract from the same. To permit retraction by a witness from a signed statement recorded before the Magistrate on flimsy grounds or on mere assertions would effectively negate the difference between a statement recorded by the police officer and that recorded by the Judicial Magistrate. In the present matter, there is no reasonable ground to reject the statements recorded under Section 164 CrPC and reliance has correctly been placed upon the said statements by the courts below.*

**(૧૩.૨)** સદર સાહેદ મુરુભાઇનું વિ. મેજીસ્ટ્રેટશ્રી સમક્ષનું નિવેદન જોતાં તેમાં સાહેદ મુરુભાઇ કોડીયારનાઓએ લખાવેલ છે કે, ''તા. ૧૫/૦૬/૨૦૨૧ ના રોજ રાત્રીના સાડા દશ વાગ્યે પવન હોટલે જમવા ગયેલા. જમીને હું, દાસાભાઇ, રાણાભાઇ અને કરશનભાઇ પરત આવતા હતા ત્યારે દાસાભાઇ અને કરશનભાઇની વચ્ચે ઝઘડો થયેલો. પછી અમે કોલીખડા શીતળા માતાજીના મંદીરે આવી ખાટલાએ આવી લોટી રહયા હતા.

કરશનભાઇ ઘરે જતા રહયા હતા અને જયાં લટી રહયા હતા ત્યારે રાત્રીના ૧૨ વાગ્યે કરશનભાઇ ભીમાભાઇએ આવીને દાસાભાઇને માથામાં ત્રીકમ મારી દીધેલો અને તેમને બચાવવા રાણાભાઇ પરબતભાઇ વચ્ચે પડતા તેમને માથામાં પણ કરશનભાઇએ ઈજા કરેલી અને ત્યારબાદ કરશનભાઇ જતા રહયા હતા અને ગ્ર્મજનો આવી ગયેલા.''

**(૧૩.૩)** અત્રે નોંધવું જરુરી છે કે, સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબના નિવેદનની પુરાવાકીય વેલ્યુ તપાસ દરમ્યાન પોલીસ નિવેદન કરતા વધારે છે અને તેનો ઉપયોગ કોન્ટ્રાડીકશન કે કોરોબોરેશન માટે કરી શકાય પરંતુ હાલના કેસમાં આ નિવેદન આપનાર વ્યકિત અવશાન પામેલ હોય એ જેથી સાહેદ તરીકે તપાસી શકાયેલ ન હોય જેથી તેવા નિવેદન ઉપર આધાર રાખી એકમાત્ર તે નિવેદનના આધારે આરોપી સામેનું તહોમત પુરવાર માની શકાય નહી. પરંતુ હાલના કામમાં ફરીયાદીએ આપેલ કોર્ટ રુબરુની જુબાની તથા ફરીયાદના સમર્થનમાં મર્યાદિત પરિપેક્ષમાં આ નિવેદનને વંચાણે લઇ શકાય અને તે જોતાં સાહેદ મુરુભાઇ પુંજાભાઇ કોડીયાતરનાઓએ ફરીયાથી વિપરીત કોઇ વિગત તેમના નિવેદનમાં જણાવી નથી. આમ ફરીયાદપક્ષના કેસના સમર્થનમાં ફરીયાદીએ કોર્ટ સમક્ષ આપેલ જુબાની વિશ્વાસજન્ય જણાય છે અને ફરીયાદીની કેફીયતમાં સાતત્ય જણાય આવે છે.

**(૧૪)** સદર કામે બનાવવાળી જગ્યાનું પંચનામું આંક-૨૩ થી સાહેદ નં. ૨ ની જુબાનીમાં રજુ થયેલ છે. સાહેદ નં. ૨ નાએ પોતાની સરતપાસમાં તેમને પોલીસે કોલીખડા ગામે આવેલ શીતળા માતાના મંદીર પાસે પંચ તરીકે બોલાવેલ હોવાનું તથા તેમની સાથે બીજા પંચ તરીકે પુંજાભાઇ હોવાનું તથા ત્યાં ખાટલાનું વાણ તોડેલ પડેલ હોવાનું તથા દોરીનો કટકો, લોહીવાળી માટી તથા સાદી માટી પોલીસે કબજે લીધેલ હોવાનું તથા ત્યાં પાણીની પાઇપલાઇન પર લોહી પડેલ હતું ત્યાંથી પોલીસે સેમ્પલ તથા એક ત્રીકમ પડેલ હતો તે પણ પોલીસે કબજે લીધેલ હોવાનું જણાવે છે અને તે બાબતેનું વિગતવારનું પંચનામું પોલીસે તેમની હાજરીમાં લખેલ હોવાનું અને તેમાં તેમની સહી કરેલાનું જણાવે છે.

બચાવપક્ષની ઉલટ તપાસમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, પંચનામાં વખતે તેઓ બોલતા હોય અને પોલીસ લખતી હોય તેવું બનેલ નથી તેમજ મરણ જનાર દાસાભાઈ તથા ફરીયાદી રાણાભાઈ તેમની જ્ઞાતિના અને તેમના ગામના જ છે. સાહેદ નં. ૨ એ વાતનો સ્વીકાર કરે છે કે, ફરયાદી તેમના મીત્ર છે તેથી તેમની સાથે સારો સંબંધ છે તેમજ જુબાની માટે તેઓ કોર્ટમાં આવેલ છે ત્યારે ફરીયાદી પણ તેમની સાથે આવેલ છે. પરંતુ તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, પંચનામું લેવા માટે ફરીયાદીએ તેમને બોલાવેલ. તેઓ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, પોલીસે તેમને સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી અને સહી કરતા પહેલા પંચનામું વાંચેલ ન હતું.

આમ, સાહેદ નં. ૨ ની સમગ્ર જુબાની જોતા તેઓ ફરીયાદપક્ષના કેસને સંપુર્ણ સમર્થન કરતા હોય તેવું માની શકાય નહી પરંતુ તેમની જુબાનીમાં પોલીસે પંચનામાંની જે કાર્યવાહી કરેલ તે વિશે સ્પષ્ટ વિગતો જણાવેલ છે ને તેથી માત્ર સાહેદ નં. ૨ નાએ ફરીયાદી અને મરણ જનારના ગામના હોય તે કારણ માત્રથી પંચનામાની કાર્યવાહી દુષીત ગણી શકાય નહી. વધુમાં સાહેદ નં. ૨ની જુબાની જોતાં પંચનામાની વિગતોનું લખાણ પોલીસે જાતે કરેલ હોવાનું જણાય આવે છે અને પંચ દવારા પંચનામની વિગતો લખાવેલ હોય તેવું જણાતું નથી પરંતુ પંચનામામાં દર્શાવ્યા મુજબની કાર્યવાહી પંચસાહેદની હાજરીમાં પોલીસે કરેલ હોવાનું પુરવાર માની શકાય તેમજ પંચનામાની કાર્યવાહીને ત.ક.અમલદાર ની જુબાનીથી પણ સમર્થન પ્રાપ્ત થાય છે. જેથી આંક–૨૩ વાળું પંચનામું યોગ્ય રીતે પુરવાર થયું ગણી શકાય.

આંક–૨૩ ના પંચનામાની વિગતો જોતાં બનાવવાળું સ્થળ સાહેદ મુરુભાઈ પુંજાભાઈ કોડીયારનાઓએ બતાવેલ અને તે જગ્યા કમ્પાઉન્ડવાળું શીતળાય માતાજીનું મંદીર આવેલ છે જે કમ્પાઉન્ડની દક્ષીણ બારની ડેલી વાટે અંદર આવતા કમ્પાઉન્ડમાં પશ્ચીમ બારના ખુણા પર શીતળાય માતાજીનું મંદીર આવેલ છે. જે મંદીરથી આશરે પંદર ફુટના અંતરે પુર્વ દક્ષીણના ખુણામાં લોખંડનો એક ખાટલો પડેલ છે જે ખાટલો સફેદ કલરની દોરીથી ગુથેલો છે. જે ખાટલા પર મરણ જનાર ગુનાના બનાવ વખતે સુતેલા હોવાનું હાજ સાહેદ જણાવે છે. જે ખાટલાના આગળના ભાગની દોરીમાં લોહીના સુકાયેલ ડાઘાઓ જોવામાં આવે છે. જે લોહીના ડાઘાઓ વાળી દોરી

એફ.એસ.એલ. અધીકારશ્રીની સુચના મુજબ પોલીસે કાપી લઇ જે લોહીના ડાઘાઓવાળી  દોરી એક પ્લાસ્ટીકની કોથળીમાં રાખી એક કપડાની બેગીમાં મુકી બેગી ઉપર અંદર બહાર પંચો તથા પોલીસની સહીઓવાળી કાપલી લઇ તપાસ અર્થે કબજે કરેલ. તેમજ સદર ખાટલાની લોહીવાળી દોરીની થોડે દુરથી કંટ્રોલ સેમ્પલ માટે થોડી દોરી પોલીસે કાપી લઇ જે કંટ્રોલ સેમ્પલ માટેની દોરી પોલીસે એક પ્લાસ્ટીકની કોથળીમાં મુકી એક કપડાની બેગીમાં રાખી કબજે કરેલ. તેમજ સદર ખાટલાની નીચેના ભાગે જમીન પરની માટી પર આશરે અકે ફુટના ઘેરાવામાં રતાશ પડતા લોહીના ડાઘાઓ જોવામાં આવેલ જે લોહીવાળી માટી એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ એક પ્લાસ્ટીકની કોથળીમાં મુકી કબજે કરેલ. તેમજ સદર લોહીના ડાઘાઓવાળી માટીને થોડે દુરથી કંટ્રોલ સેમ્પલ માટેની માટી પોલીસે એક પ્લાસ્ટીકની કોથળીમાં મુકી એક કપડાની બેગીમાં રાખી કબજે કરેલ છે.

ઉપરોકત પંચનામાની વિગતો જોતા બનાવ સ્થળે જે સ્થીતી જણાય આવે છે તે આધારે પણ ફરીયાદપક્ષના કેસ મુજબનો બનાવ બનાવવાળા સ્થળે બનેલ હોવાની બાબતને સમર્થન પ્રાપ્ત થાય છે.

**(૧૪.૧)** ફરીયાદપક્ષે સાહેદ નં. ૪ થી મરણ જનારના કપડા અને બ્લડ સેમ્પલ કબજે કર્યાના પંચનામાના પંચને તપાસવામાં આવેલા છે. તેઓ આંક–૪૬ થી રજુ પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે અને પંચનામામાં સહી કર્યા સીવાય પંચનામાં બાબતે તેઓ કોઇ વિગત જણાવતા નહી હોવાનું જણાવે છે. સદર સાહેદની વિ. સરકારી વકીલશ્રની વિનંતીથી ઉલટ તપાસમાં પ્રશ્નો પુછવા પરવાનગી આપવા છતાં તેઓ પંચનામાની વિગતે મરણ જનારના બ્લડ સેમ્પલ તથા કપડા તેમની હાજરીમાં પોલીસે કબજે કરેલ હોવાનો ઈન્કાર કરે છે. સાહેદ નં. ૫ થી આંક–૪૬ ના પંચનામાના બીજા પંચને તપાસવામાં આવેલ છે. તેઓ પણ પંચનામામાં સહી સીવાયની પંચનામાની વિગતો બાબતે કોઇ જાણ ન હોવાનું અને તેમની હાજરીમાં કોઇ વસ્તુ કબજે લેવામાં આવેલ ન હોવાનું જણાવે છે.

**(૧૪.૨)** સાહેદ નં. ૬ થી ફરીયાદીના બ્લડ સેમ્પલ કબજે કર્યાના પંચને તપાસવામાં આવેલા છે. તેઓ જણાવે છે કે, પોલીસે તેમને

એક લખાણમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલ અને તે પંચનામું આંક–૪૯ થી રજુ થયેલ છે. પરંતુ પંચનામામાં સહી કર્યા સીવાય પંચનામા બાબતે કાંઈ જાણતા ન હોવાનું અને કોઈ વસ્તુ તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ ન હોવાનું જણાવે છે. સદર સાહેદની વિ. સરકારી વકીલશ્રની વિનંતીથી ઉલટ તપાસમાં પ્રશ્નો પુછવા પરવાનગી આપવા છતાં તેઓ પંચનામાની વિગતે ફરીયાદીના બ્લડ સેમ્પલ તેમની હાજરીમાં પોલીસે કબજે કરેલ હોવાનો ઈન્કાર કરે છે. સાહેદ નં. ૯ થી આંક–૪૯ ના પંચનામાના બીજા પંચને તપાસવામાં આવેલ છે. તેઓ પણ પંચનામામાં સહી સીવાયની પંચનામાની વિગતો બાબતે કોઈ જાણ ન હોવાનું અને તેમની હાજરીમાં કોઈ વસ્તુ કબજે લેવામાં આવેલ ન હોવાનું જણાવે છે.

**(૧૪.૩)** ફરીયાદપક્ષે સાહેદ નં. ૭ થી આરોપીને અટક કર્યાના પંચનામાના પંચને તપાસવામાં આવેલા છે. તેઓ આંક–૫૫ થી રજુ પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે અને પંચનામામાં સહી કર્યા સીવાય પંચનામાં બાબતે તેઓ કોઈ વિગત જણાવતા નહી હોવાનું જણાવે છે. સદર સાહેદની વિ. સરકારી વકીલશ્રની વિનંતીથી ઉલટ તપાસમાં પ્રશ્નો પુછવા પરવાનગી આપવા છતાં તેઓ પંચનામાની વિગતે મરણ જનારના બ્લડ સેમ્પલ તથા કપડા તેમની હાજરીમાં પોલીસે કબજે કરેલ હોવાનો ઈન્કાર કરે છે. સાહેદ નં. ૧૦ થી આંક–૫૫ ના પંચનામાના બીજા પંચને તપાસવામાં આવેલ છે. તેઓ પણ પંચનામામાં સહી સીવાયની પંચનામાની વિગતો બાબતે કોઈ જાણ ન હોવાનું અને તેમની હાજરીમાં કોઈ વસ્તુ કબજે લેવામાં આવેલ ન હોવાનું જણાવે છે.

**(૧૪.૪)** ફરીયાદપક્ષે સાહેદ નં. ૮ થી આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાના પંચને તપાસવામાં આવેલા છે. તેઓ આંક–૬૨ થી રજુ પંચનામામાં તથા આંક–૬૩ તથા આંક–૬૪ થી રજુ મુદામાલ કબજે કર્યાની પંચસ્લીપોમાં તેમની સહી ઓળખી બતાવે છે અને પંચનામામાં સહી કર્યા સીવાય પંચનામાં બાબતે તેઓ કોઈ વિગત જણાવતા નહી હોવાનું જણાવે છે. સદર સાહેદની વિ. સરકારી વકીલશ્રની વિનંતીથી ઉલટ તપાસમાં પ્રશ્નો પુછવા પરવાનગી આપવા છતાં તેઓ પંચનામાની વિગતે મરણ જનારના

બ્લડ સેમ્પલ તથા કપડા તેમની હાજરીમાં પોલીસે કબજે કરેલ હોવાનો ઇન્કાર કરે છે.

**(૧૪.૫)** ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૧ થી ફરીયાદીના કપડા કબજે કર્યાના પંચનામાના પંચને તપાસવામાં આવેલા છે. તેઓ આંક–૭૩ થી રજુ પંચનામામાં તથા આંક–૭૪ તથા આંક–૭૫ થી રજુ મુદામાલ કબજે કર્યાની પંચસ્લીપોમાં તેમની સહી ઓળખી બતાવે છે અને પંચનામામાં સહી કર્યા સીવાય પંચનામાં બાબતે તેઓ કોઇ વિગત જણાવતા નહી હોવાનું જણાવે છે. સદર સાહેદની વિ. સરકારી વકીલશ્રની વિનંતીથી ઉલટ તપાસમાં પ્રશ્નો પુછવા પરવાનગી આપવા છતાં તેઓ પંચનામાની વિગતે મરણ જનારના બ્લડ સેમ્પલ તથા કપડા તેમની હાજરીમાં પોલીસે કબજે કરેલ હોવાનો ઇન્કાર કરે છે.

**(૧૪.૬)** ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૨ થી આરોપીનું ૫ સીસી બ્લડ સેમ્પલ કબજે કર્યાના પંચનામાના પંચને તપાસવામાં આવેલા છે. તેઓ આંક–૮૩ થી રજુ પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે અને પંચનામામાં સહી કર્યા સીવાય પંચનામાં બાબતે તેઓ કોઇ વિગત જણાવતા નહી હોવાનું જણાવે છે. સદર સાહેદની વિ. સરકારી વકીલશ્રની વિનંતીથી ઉલટ તપાસમાં પ્રશ્નો પુછવા પરવાનગી આપવા છતાં તેઓ પંચનામાની વિગતે મરણ જનારના બ્લડ સેમ્પલ તથા કપડા તેમની હાજરીમાં પોલીસે કબજે કરેલ હોવાનો ઇન્કાર કરે છે.

**(૧૪.૭)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૧૪ થી રણમલભાઇ માલદેભાઈ ઓડેદરાને તપાસવામાં આવેલા છે. તેઓ જણાવે છે કે, તેમની હાજરીમાં એક ભાઇએ કપડા રજુ કરેલા જે તેમણે જોયેલા અને તે કપડા પોલીસે તેમની હાજરીમાં થેલીમાં મુકી કબજે લીધેલા અને તે અંગેનું લખાણ પોલીસે તેમની હાજરીમાં કરેલ. તેઓ આંક–૭૩ વાળા પંચનામા બાબતે જણાવે છે કે, તેમાં પંચ નં. ૧ તરીકે તેમની સહી છે. સાહેદ નં. ૧૪ નાઓ વધુમાં જણાવે છે કે, મુદામાલ આર્ટીકલ નં. ૧૫ તથા ૧૬ ની બેગીઓ ઉપર લગાવેલ કાપલીઓમાં પંચ નં. ૨ તરીકે તેમની સહી છે અને તેમાના કપડા

જોઇ જણાવે છે કે તે કપડા પંચનામાં વખતે પોલીસે તેમને બતાવેલ અને કબજે લીધેલ તે જ કપડા છે. ઉલટ તપાસમાં સાહેદ જણાવે છે કે, તેમને પંચ તરીકે રહેવા માટે એક વ્યકિત સાદા ડ્રેસમાં બોલાવવા આવેલ જે પોલીસવાળા જેવા લાગેલ જેનું નામ તેમને ખબર નથી અને પંચનામાની કાર્યવાહી આશરે અડધો કલાક ચાલેલી. તેઓ જણાવે છે કે પંચનામાં વખતે કપડા જોયેલા તેમાં લોહીના ડાઘા જોયેલા અને તે ઉપરથી તેઓએ ખુલ્લી અદાલતમાં કપડા બતાવતા જોઇને ઓળખી બતાવેલ છે. બચાવપક્ષની ઉલટતપાસમાં તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, તેમણે તૈયાર લખાણમાં સહી કરેલી અને પોલીસે તેને પુછેલું અને તેમણે જણાવેલું. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે તેમની હાજરીમાં પોલીસે કોઇ કપડા કબજે લીધેલા જ નથી. આમ સાહેદ નં. ૧૪ ની જુબાનીથી તપાસના કામે પોલીસે ફરીયાદીના કપડા કબજે લીધેલ તે હકીકત પુરવાર થાય છે તેમજ આંક–૭૩ વાળા પંચનામા વખતે કબજે કરવામાં આવેલા કપડા ઓળખી બતાવેલ હોય જેથી પણ આંક–૭૩ ના પંચનામાને સમર્થન મળે છે.

(૧૪.૮) ફરીયાદીને બનાવમાં થયેલ ઈજા સંદર્ભે ફરીયાદી સારવાર આપનાર સાહેદ નં. ૧૫ થી તપાસવામાં આવેલ છે. ફરીયાદીને આપેલ સારવાર અંગે સાહેદ નં. ૧૫ જણાવે છે કે, ફરીયાદીને તા. ૧૬/૦૬/૨૦૨૧ ના રોજ રાત્રીના ૦૧:૦૫ કલાકે તપાસેલા અને હીસ્ટ્રીમાં ફરીયાદીએ જણાવેલ કે, ''કરશન ભીમા પોરીયા નામાના વ્યકિતએ આશરે એક કલાક પહેલા શીતલા માતાજીના મંદીર પાસે કોલીખડમાં માર મારેલ.'' સાહેદ નં. ૧૫ વધુમાં જણાવે છે કે, ફરીયાદીને તપાસતા નીચે મુજબની ઈજા થયેલી:

૧. ખોપરીના જમણી બાજુના ફ્રંટલબોન નામના હાડકા ઉપર એક કપાયેલો છુંદાયેલો ઘા જોવા મળેલ જે ઉભો હતો અને ૬ x ૨ સેમી અને હાડકા સુધી ઉંડો હતો અને તેમાંથી લોહી વહેતું હતું.

આ ઈજાઓ તાજી હતી અને કઠણ અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી ને જો કોઇ કોમ્પ્લીકેશન ન આવે તો સાતથી આઠ દીવસમાં રુજાઇ જાય તેવી હતી તેમજ દર્દીના ખોપરીના ભાગનો એકસ રે જોતા કોઇ અસ્થીભંગ જણાયેલ નહી. તેઓ જણાવે છે કે દર્દીને તા. ૧૭/૦૬/૨૦૨૧

ના રોજ સાંજના ૫:૪૫ કલાકે રજા આપેલી. સાહેદ નં. ૧૫ નાઓએ ફરીયાદીનું સારવારનું સર્ટીફીકેટ આંક-૯૪ થી રજુ કરેલ છે.

બચાવપક્ષે ફરીયાદીની થયેલ ઈજા સંબંધે ઉલટ તપાસ જોતાં સાહેદ નં. ૧૫ નાઓ જણાવે છે કે, ફરીયાદીને માથાના ભાગે થયેલ ઈજા સાદી ઈજા હતી અને તે દર્દી રાણાભાઇ પરબતભાઇ નવલાને બીજા દીવસે દવાખાનમાંથી રજા આપવામાં આવેલી. સાહેદ નં. ૧૫ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, દર્દી રાણાભાઇ પરબતભાઇએ તેમને તેની ઈજા અંગેની કોઇ હીસ્ટ્રી જણાવેલ જ નથી તેમજ બીજના કહેવાથી તેઓએ ખોટી હીસ્ટ્રી લખી નાખેલી. તેઓ એ વાતનો સ્વીકાર રે છે કે, દર્દી રાણા પરબતભાઇ નવલાને તેઓએ તા. ૧૬/૦૬/૨૦૨૧ ના રોજ તપાસેલા અને સારવાર આપેલી અને તેનું મેડીકલ સર્ટી આંક-૯૪ થી આપેલ છે તે તેઓએ તા.૦૨/૦૮/૨૦૨૧ ના રોજ તૈયાર કરેલું. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, દર્દી રાણાભાઇ પરબતભાઇને જે ઈજા થયેલી તેવી ઈજા કોઇ વ્યકિત સ્કુટર પરથી પડી જાય તેવા અકસ્માતમાં અથવા ચાલતા ચાલતા પડી જાય અને કોઇ લાકડ ઉપર તેનું માથું ભટકાય તો તેવા અકસ્માતમાં થઇ શકે. સદર સાહેદ વધુમાં એ વાતોન સ્વીકાર કરે છે કે, આંક-૧૦૧ તથા આંક-૧૦૨ વાળી બંને યાદીઓ ઈજા પામનાર દર્દી તરીકે રાણાભાઇ પરબતભાઇ નવલાનું નામ દર્શાવેલ છે અને તે બંને યાદીમાં એમ.એલ.સી. નં. ૪૦૭ દર્શાવેલ છે જયારે દર્દી રાણા પરબત નવલાના સારવાર સર્ટી આંક-૯૪ માં એમ. એલ.સી. નં. ૪૪૯/૨૧ દર્શાવેલ છે. સદર બાબતે ખુલાસો કરવા માટે સાહેદ નં. ૧૫ ની જુબાની મુલત્વી રાખવામાં આવેલી અને ત્યારબાદ તેઓ જણાવે છે કે, સદર આંક-૧૦૧ તથા ૧૦૨ વાળી યાદીમાં દર્શાવેલ એમ.એલ.સી. નંબરથી તેઓએ આપેલ સદર દર્દીના મેડીકલ સર્ટી આંક-૯૪ માં એમ.એલ.સી. નંબર અલગ છે તેનું કારણ એ છે કે સદર તેઓએ જે મેડીકલ સર્ટી આંક-૯૪ માં એમ.એલ.સી. નંબર લખેલ છે તે તેમની હોસ્પીટલના રજીસ્ટરમાં સદર દર્દી અંગે જે એમ.એલ.સી. નંબર લખેલ છે તે તેમની હોસ્પીટલના રજીસ્ટરમાં સદર દર્દી અંગે જે એમ.એલ.સી. નંબર આપવામાં આવેલો અને નોંધવામાં આવેલો તે મુજબ તેઓએ તેમના મેડીકલ સર્ટી આંક-૯૪ માં એમ.એલ.સી. નંબર દર્શાવેલ છે અને પોલીસે જે પોલીસ યાદી આંક-૧૦૧ તથા ૧૦૨ માં જે એમ.એલ.સી. નંર દર્શાવેલ છે તે તેમના રજીસ્ટર મુજબનો નથી પરંતુ

પોલીસે તેમના રજીસ્ટરમાં તેમની રીતે નોંધેલ એમ.એલ.સી. નંબર છે. સાહેદ નં. ૧૫ એ વાતનો સ્વીકાર કરે છે કે, ફરીયાદીએ તેઓ સમક્ષ જે ઈજા અંગેની હીસ્ટ્રી આપેલી તેમાં કયા હથીયારથી તેને ઈજા પહોંચાડવામાં આવેલી તે હથીયારનું નામ દર્શાવેલ નથી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, દર્દીને થયેલ ઈજા જેવી ઈજા દર્દી પોતાની જાતે પોતાના શરીર ઉપર કરી શે. તેઓ એ વાતનો પણ ઈન્કાર કરે છે કે, કોઈ વ્યકિત સુતો હોય અને તેના ઉપર ઉપરથી કોઇ વસ્તુ પડે તો હાલના દર્દીને થયેલ ઈજા જેવી ઈજા થઈ શકે.

આમ, સાહેદ નં.૧૫ ની જુબાની જોતા ફરીયાદીએ બનાવ બાબતે જે હિસ્ટ્રી લખાવેલ તેમા હુમલો કરનાર તરીકે આરોપીનું નામ પણ લખાવેલ છે. તેમજ એમ.એલ.સી. નંબરની તફાવત બાબતે પણ સદર સાહેદે વ્યાજબી ખુલાસો આપેલ છે. આમ, સાહેદ નં.૧૫ ની જુબાનીથી બનાવમા ફરીયાદીને સાદી ઈજા થયેલ હોવાની બાબતે સમર્થન પ્રાપ્ત થાય છે તેમજ હુમલો કરનાર તરીકે આરોપી હોવાની બાબતને પણ સમર્થન મળે છે.

**(૧૪.૯)** આ કામમાં સાહેદ નં. ૧૭ થી તપાસવામાં આવેલ સાહેદ પોપટભાઇ પાલાભાઇ હુણ આંક-૧૧૧ થી સોગંદ પર જણાવે છે કે, તેઓ દાસાભાઇ પરબતભાઈ તથા રાણાભાઈ પરબતભાઇને ઓળખે છે તેઓ આરોપી કરશન ભીમાને પણ ઓળખે છે. બનાવના દિવસ તેઓ રાતના ઘરે હતા ત્યારે તેને વાતોવાતોથી જાણવા મળેલ કે કોલીખડા શીતળા માતાજીના મંદીરે દાસાભાઈનું મર્ડર થઇ ગયેલ છે. જેથી તેઓ તથા બીજા છોકરાઓ સીવીલ હોસ્પીટલ, પોરબંદર ખાતે ગયેલ અને ત્યાં રાણાભાઈ પરબતભાઈ દવાખાનામાં હોય તેઓને માથામાં લાગેલ હતું અને રાણાભાઈએ તેમને જણાવેલ કે, ''હું, દાસાભાઈ, બીજા એક રીણાવાડા ગામના ભાઈ અને હું રાણાભાઈ પોતે તથા દાસાભાઈ શીતળા માતાજીના મંદીરે સુતા હતા ત્યારે કરશનભાઇ મને મારીને જતા રહેલા.''

ફરીયાદપક્ષ તરફે આ સાહેદને ઉલટતપાસની પરવાનગી માંગતા તેવી પરવાનગી આપવામાં આવેલ અને વિ. સરકારી વકીલશ્રી દવારા સાહેદની ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસ મુજબના બનાવની સમગ્ર બાબત તેમને ફરીયાદીએ જણાવેલ હોવાનો ઈન્કાર કરે છે. અને તેઓએ તા.

૧૬/૦૬/૨૦૨૧ ના રોજના પોલીસ નિવેદનમાં લખાવેલ હકીકતો તેમને યાદ ન હોવાનું જણાવે છે.

આરોપી તરફેની ઉલટ તપાસમાં સાહેદ એ વાતનો સ્વિકાર કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેથી બનાવ અંગે તેમને કોઇ જાતમાહીતી નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, દવાખાનામાં તેઓ રાણાભાઇને મળ્યા ત્યારે ત્યાં ઘણા માણસો હતા અને ત્યાં રાડારાડી થતી હતી અને રાણાભાઇને ઈજા થયેલી હતી તેથી તેઓ ધીમે ધીમે બોલતા હતા. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, રાણાભાઇ દવાખાનામાં તેમને જે કહેતા હતા તે ધીમે ધીમે કહેતા હતા તેથી તેમને તે સ્પષ્ટ સંભળાતું ન હતું.

આ સાહેદે બનાવ નજરે જોયો નથી અને તેઓ બનાવ બાબતેની જે હકીકત જણાવે છે તે હકીકત આ કામના ફરીયાદી જયારે હોસ્પીટલમાં હતા તે વખતે આ સાહેદને ફરીયાદીએ બનાવ અંગે જે વિગત જણાવેલ તે જુબાનીમાં જણાવે છે અને ઉલટ તપાસમાં ફરીયાદીએ તેમને જે વિગત જણાવેલી તે તેઓ દવાખાનામાં ધીમે ધીમે કહેતા હતા તેથી તેમને સ્પષ્ટ સંભળાતું ન હતું તેમ જણાવે છે. આમ આ સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સંપુર્ણપણે સમર્થન પ્રાપ્ત થતું નથી, પરંતુ તેમની જુબાની સમગ્ર રીતે જોતા બનાવમાં આરોપી ફરીયાદીને મારીને જતા રહેલ તે બાબત પુરતુ સમર્થન મળે છે.

**(૧૪.૧૦)** આ કામમાં સાહેદ નં. ૧૮ થી તપાસવામાં આવેલ સાહેદ જીવાભાઇ રાણાભાઇ ચાવડા આંક-૧૧૪ થી સોગંદ પર જણાવે છે કે, તેઓ ગુજરનાર દાસાભાઇને ઓળખતા હતા અને તેઓ ફરીયાદી તથા આરોપીને ઓળખે છે. વધુમાં આ સાહેદ જણાવે છે કે બનાવ બનેલો ત્યારે તેઓ કોલીખડા ગામે સંકટમોચન હોટલે બેઠા હતા ત્યારે દેકારો થતા તેઓ થોડેક દુર આવેલ શીતળા માતાજીના મંદીરે ગયેલા. ત્યાં મંદીર આગળ આવેલ કમ્પાઉન્ડમાં ખાટલા પર દાસાભાઇ સુતા હતા અને તેના માથામાંથી લોહી નીકળતું હતું અને બાજુના ખાટલમાં રાણાભાઇ પરબતભાઇ કોડીયાતર સુતા હતા અને તેને માથામાં આંખની બાજુમાં લાગેલ હતું. વધુમાં સાહેદ જણાવે છે કે તેઓએ ૧૦૮ ને ફોન કરેલ પરંતુ તેઓએ તાત્કાલીક જાદવભાઇની સ્વીફટમાં દાસાભાઇને તથા રાણાભાઇને લઇને હોસ્પટલે

બંનેને મોકલેલા અને પાછળથી તેઓ તથા દેવાભાઇ મોટર સાઇકલ લઇને સરકારી દવાખાને ગયેલા તો જાણવા મળેલ કે દાસાભાઇનું મરણ થયેલ છે અને રાણાભાઇને સારવાર આપેલી. વધુમાં સાહેદ જણાવે છે કે તેઓએ પાછળથી જાણેલું કે આ બંનેને કરશનભાઇ ભીમાભાઇ કોડીયાતરે મારેલ હતું. વધુમાં સાહેદ જણાવે છે કે એવું બનેલ નહી કે તેઓ બનાવના સ્થળે ગયેલ ત્યારે આ બનાવ અંગે રાણાભાઇએ તેમને કોઇ વાત કરેલ હોય. ફરીયાદપક્ષ તરફે આ સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ અને વિ. સરકારી વકીલશ્રી દવારા સાહેદની ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી ફરીયાદપક્ષના કેસ મુજબની કોઇ હકીકત તેઓ જણાવતા નથી અને તેઓએ તા. ૧૬/૦૬/૨૦૨૧ ના રોજના પોલીસ નિવેદનમાં લખાવેલ હકીકતનો ઇન્કાર કરેલ છે.

આરોપી તરફેની ઉલટ તપાસમાં સાહેદ એ વાતનો સ્વિકાર કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેથી બનાવ અંગે તેમને કોઇ જાતમાહીતી નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમને બનાવમાં મારનાર આરોપી હોવાની હકીકત વાતોવાતોથી જાણવા મળેલી. તેઓ વધુમાં જણાવે છે કે એ બાબતે તેમને હાલ યાદ નથી કે, ''અમોએ તાત્કાલીક જાદવભાઇની સ્વીફટમાં દાસાભાઇને તથા રાણાભાઇને લઇને હોસ્પીટલે જતા હતા'' એ હકીકત તેમણે પોલીસ જવાબમાં લખાવેલ કે કેમ. આ સાહેદ બનાવ બની ગયા પછી બનાવવાળા સ્થળે પહોંચેલ અને બનાવ સ્થળે તેમણે જોયું તો દાસાભાઇ ખાટલા પર સુતા હતા અને તેના માથામાંથી લોહી નીકળતું હતું અને રાણભાઇ સુતા હતા અને તેને માથામાં આંખની બાજુમાં લાગેલ હતું. આમ આ સાહેદ બનાવના નજરે જોનાર સાહેદ નથી. અને તેમણે પાછળથી જાણેલું કે ફરીયાદી તથા ગુજરનારને આરોપીએ મારેલ હતું. આમ આ સાહેદની જુબાનીથી ગુજરનાર દાસાભાઇ તથા ફરીયાદી ઈજાગ્રસ્ત હાલતમાં બનાવવળા સ્થળ એટલે કે શીતળામાતાના મંદીરે હતા તે હકીકત પુરવાર થાય છે પરંતુ તેઓને આ ઈજા કોણે પહોંચાડેલ તે હકીકત તેઓ જણાવતા નથી.

**(૧૪.૧૧)** આ કામે સાહેદ નં. ૧૩ યશવંતસિંહ રાજેન્દ્રસિંહ જેઠવાનાઓ આંક-૮૭ થી રજુ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ત્રણ વર્ષથી કલેકટર કચેરી, પોરબંદર ખાતે કલાર્ક તરીકે ફરજ બજાવે છે અને જાહેરનામા બહાર પાડવાની કામગીરી તેમની શાખા દવારા કરવામાં આવે છે. તા. ૨૮/૦૫/૨૦૨૧ ના રોજ રાજેશ એમ. તન્ના, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર દવારા તેમને મળેલ સતાની રુએ તા. ૩૧/૦૫/૨૦૨૧ થી તા. ૨૮/૦૬/૨૦૨૧ સુધી બંને દિવસો સહીતનું હથીયારબંધીનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ જેની જાહેર પ્રસિધ્ધિ સરકારી પ્રેસ તેમજ સરકારી કચેરીઓ તેમજ જાહેર જગ્યાએ કરવામાં આવેલ. જે આંક-૮૮ થી રજુ હથીયારબંધીના જાહેરનામામાં સાહેદ અધિક જીલ્લા મેજી. રાજેશ એમ. તન્નાઓની સહી ઓળખી બતાવે છે.

આરોપી તરફેની ઉલટ તપાસમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, આ જાહેરનામાની પ્રસિધ્ધિ કઇ કઇ જગ્યાએ કરવામા આવેલી તેની તેમને જાતમાહીતી નથી. આ કામે જે બનાવ બનેલ તે બનાવ તા. ૧૬/૦૬/૨૦૨૧ ના રોજ બનેલ છે અને આ સાહેદે રજુ કરેલ આંક-૮૮ વાળું હથીયારબંધીનું જાહરેનામું વંચાણે લેતાં બનાવ સમયે બનાવવાળી જગ્યાએ હથીયારબંધીનું જાહેરનામું અસ્તીત્વમાં હોવાનું પુરવાર થાય છે.

**(૧૪.૧૨)** આ કામમાં સાહેદ નં. ૧૬ સાયન્ટીફીક ઓફીસર પુર્વેશ જયસુખલાલ કુરાણી આંક-૧૦૯ થી રજુ જુબાનીમાં જણાવે છે કે, તા. ૧૬/૦૬/૨૦૨૧ ના રોજ તેઓ સાયન્ટીફીક ઓફીસર, મોબાઇલ ઇન્વેસ્ટીગેશન વાન પોરબંદર તરીકે તેમની ફરજ પર હાજર હતા ત્યારે ઉદ્યોગનગર પો.સ્ટે.ના પી.એસ.આઇ.નાઓએ બતાવેલ બનાવવાળું સ્થળ કોલીખડા ગામ, શીતળા માતાજીના મંદીર ખાતે સ્થળ નીરીક્ષણ કરી પ્રાથમીક સ્થળ પરીક્ષણ અહેવાલ તેઓએ તૈયાર કરેલ જે આંક-૧૧૦ થી રજુ સ્થળ પરીક્ષણ અહેવાલમાં સાહેદ તેમના હસ્તાક્ષરો તથા સહી ઓળખી બતાવે છે.

આરોપી તરફેની ઉલટ તપાસમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓએ સ્થળ પરીક્ષણ અહેવાલમાં જે બનાવની ટુંક વિગત જણાવેલ છે કે પોલીસ યાદી ઉપરથી તેમાં જણાવ્યા મુજબની દર્શાવેલ છે. તેઓ એ વાતનો

ઇન્કાર કરે છે કે, તેઓએ પોલીસના કહેવાથી બનાવવાળી જગ્યા જોયા વગર બીલકુલ ખોટો સ્થળ પરીક્ષણ અહેવાલ લખી નાખેલ છે.

સદર સાહેદની જુબાનીમાં રજુ થયેલ આંક-૧૧૦ થી રજુ સ્થળ પરીક્ષણ અહેવાલ વંચાણે લેતાં તેમાં બનાવ સ્થળ કોલીખડા ગામ શીતળા માતાજીનું મંદીર જણાય છે તથા તે જગ્યાએ ખાટલાઓ હોવાનું તથા એક ખાટલાની દોરીના ભાગે રતાશ પડતું ધાબુ જણાયેલ તથા તે ખાટલાની નીચે જમીન પર માટી પર રતાશ પડતો ડાઘો જણાયેલ તેમજ પાણીની પાઇપ અને તેની બાજુની જમીન માટી પર રતાશ પડતા ભુખરા રંગના છુટા છવાયા ડાઘાઓ જોવા મળેલ. તે જગ્યાએ ત્રીકમ હોય અને તે ત્રીકમના લાકડાના હાથા પર ધાતનુ પાનું હતું જેના પર રતાશ પડતા ભુખરા રંગના ડાઘાઓ જણાયેલ અને સદર બનાવ સ્થળ પરના રતાશ પડતા ભુખરા રંગના ડાઘાઓનું લોહીની હાજરી અંગેનું પ્રાથમીક પરીક્ષણ કરતા પરીણામ સકારાત્મક મળેલાનું જણાય છે. આમ સાયન્ટીફીક ઓફીસરની જુબાનીથી આંક-૧૧૦ થી રજુ સ્થળ પરીક્ષણ અહેવાલની વિગતો પુરવાર થાય છે તેમજ બનાવ સ્થળના પંચનામાની વિગતોને પણ સમર્થન પ્રાપ્ત થાય છે.

**(૧૪.૧૩)** ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૯ થી મરણ જનાર દાસાભાઇના નાના ભાઇને તપાસવામાં આવેલા છે. તેઓ જણાવે છે કે, બનાવના અરસામાં તેઓ તથા સરમણભાઇ લાખાભાઇ ટ્રક લઇને હૈદરાબાદ તરફ જતા હતા અને ટ્રક લઇને લીંબડી પાસેથી પસાર થતા હતા ત્યારે ભરત અરજણ મારુનો ફોન સરમણભાઇના ફોન પર આવેલ જે ફોન તેઓએ ઉપાડેલો અને પછી સરમણભાઇને આપેલો અને સરમણભાઇએ ભરતભાઇ સાથે ફોનમાં વાત કરેલીઅને સરમણભાઇએ તેમને વાત કરેલ કે દાસાભાઇને અને કરશનભાઇને ઝઘડો થતા દાસાભાઇને લાગી ગયેલ છે તેથી હોસ્પીટલે જવાનું છે જેથી તેઓ ટ્રક લઇને સાયલા આવેલા અને તે ટ્રક સાયલા હોટલ પાસે રાખી દીધેલ ને તેઓ તથા સરમણભાઇ બીજા ટ્રકમાં બેસી કોલીખડા ગામે રોડ ઉપર આવેલા ત્યાં તેમના બનેવી દેવાભાઇ ચાવડા તેમને મળેલા અને સદર સાહેદ દેવાભાઇ સાથે સરકારી હોસ્પીટલે આવેલા. સાહેદ નં. ૧૯ વધુમાં જણાવે છે કે, તેઓ તથા તેમ બનેવી દેવાભાઇ સદર કોલીખડા રોડથી હોસ્પીટલે દેવાભાઇની મોટર સાયકલમાં બેસીને જતા હતા ત્યારે રસ્તામાં

ખાપટ પાસે તેમણે મોટર સાઇકલ ઉભું રાખેલ અને તેમને વાત કરેલી કે, આરોપી કરશનભાઇ તથા તેમના ભાઇ દાસાભાઇ તથા રાણાભાઇ તથા મુળુભાઇએ ચારેય લોકો કોલીખડા ગામે આવેલ પવન હોટલમાં જમવા ગયેલા હતા અને ત્યાંથી જમીને પરત આવતી વખતે જમવાના પૈસા બાબતે મરણ જનાર દાસાભાઇ તથા આરોપી કરશનભાઇ વચ્ચે ઝઘડો થયેલો અને ઝઘડો થતા કરશનભાઇ ગુસ્સામાં જતા રહેલા. તે પછી આરોપી, દાસાભાઇ તથા રાણાભાઇ (ફરીયાદી) તથા મુળુભાઇ કોલીખડા શીતળા માતાજીના મંદીરે આવી ખાટલામાં બેઠેલા. તે વખતે આરોપી કરશનભાઇ ત્રીકમ લઇને ત્યાં આવેલા અને રાણાભાઇને તથા દાસાભાઇને ત્રીકમના ઘા મારેલા તે મુજબની વાત સાહેદેને તેમના બનેવી દેવાભાઇ પાંચાભાઇ ચાવડાએ કરેલી. સદર સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓ ભાવસિંહજી હોસ્પીટલે પહોંચેલા અને ત્યાં જઇને જોયું તો દાસાભાઇનું મરણ નીપજેલ હતું અને દાસાભાઇને માથાના ભાગે વાગેલું જોવા મળેલું. બાદ દાસાભાઇની લાશનું પી.એમ. કરવામાં આવેલું અને પછી  લાશ તેમને સોંપતા અંતીમવીધી કરવામાં આવેલી.

બચાવપક્ષની ઉલટ તપાસમાં સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, મરણ જનાર દાસાભાઇ તેમના ભાઇ થાય છે અને તેઓ લીંબડી પાસેથી ટ્રક લઇનેજ તા હતા તે વખતે રાતના સમયે ભરતભાઇનો ફોન સરમણભાઇના ફોનમાં આવેલો. ત્યારે ભરતભાઇ મારુનો ફોન આવેલો તે ફોન ઉપાડી તેઓએ સરમણભાઇને આપેલ તેથી સદર ફોનમાં ભરતભાઇ સાથે તેમને કોઇ વાત થયેલ નહી પરંતુ સરમણભાઇએ ભરતભાઇ સાથે વાત કરેલી. તેઓ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, બનાવ વખતે તેમના બેનવી દેવાભાઇ બનાવવાળી જગ્યાએ હાજર હતા કે કેમ તે તેમને જાણ નથી અને આરોપી કરશનભાઇને તેઓ બનાવ અગાઉતથી તેમના ગામના વ્યકિત તરીકે ઓળખે છે. સાહેદનં. ૧૯ એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેથી બનાવ અંગે તેમને કોઇ જાત માહીતી નથી.

આમ, સાહેદ નં. ૧૯ ની જુબાની ધ્યાને લેતાં તેમને બનાવ બાબતે કોઇ જાણ ન હતી પરંતુ બનાવ બાબતે તેમના બનેવી દેવાભાઇનાઓએ જાણ કરેલી અને તે હકીકત ફરીયાદપક્ષના કેસને

અનુરુપની હોય જેથી તેટલા પુરતી આ સાહેદની જુબાનીથી અને સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય છે.

**(૧૪.૧૪)** સાહેદ નં. ૨૦ થી અરજણભાઇ ભીખુભાઇ મારુને તપાસવામાં આવેલા છે. તેઓ જણાવે છે કે, બનાવની રાત્રે તેઓ તેમના ઘરે સુતા હતા ત્યારે રાત્રીના બાર સાડા બાર વાગ્યે તેમનો ભત્રીજો ભરત અરજણ તેમના ઘરે આવેલ અને તેમને ઉઠાડેલ અને કહેલ કે દાસાકાકા તથા રાણાભાઇને કરશન ભીમાએ ત્રીકમ મારી દીધેલ છે, જેથી તેઓ તથા ભરતભાઇ સ્કુટરમાં શીતળા માતાજીના મંદીરે ગયેલા, ત્યાં શીતળા માતાજીના કમ્પાઉન્ડમાં અલગ અલગ ખાટલા ઉપર રાણાભાઇ અને દાસાભાઇ સુતેલી હાલતમાં હતા અને તેઓએ જોયું તો આ બંનેના માથામાંથી લોહી નીકળતા હતા અને ત્યાં રીણાવાડા ગામના મુરુભાઇ પણ હાજર હતા અને ત્યાં હાજર મુરુભાઇ તથા રાણાભાઇએ તેમને કહેલ કે પવન હોટલે આરોપી કરશન ભીમા તથા દાસાભાઇ તથા રાણાભાઇ તથા મુરુભાઇ જમવા માટે ગયેલ હતા અને પૈસાદેવા બાબતે કરશન ભીમા તથા દાસાભાઇને માથાકુટ થયેલી, જે મનદુખના કારણે આરોપી કરશન ભીમાએ દાસાભાઇનેત થા રાણાભાઇને ત્રીકમ મારી દીધેલા અને કરશન ત્યાંથી ભાગી ગયેલો અને ત્યાં જીગરભાઇ રાણાભાઇએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલો અને ૧૦૮ એમ્બ્યુલન્સને આવવામાં સમય લાગતા તેઓ બધા રાજુ જાદવભાઇ મકવાણાની ફોરવ્હીલમાં આ બંને ઈજા પામનારને લઇને પોરબંદર ભાવસિંહજી હોસ્પીટલે જતા હતા તે દરમ્યાન ૧૦૮ સામે મળતા આ બંને ઈજા પામનારને ૧૦૮ માં બેસાડેલ અને સાથે ભરત અરજણ મારુ ગયેલા અને તેઓ તેમનું સ્કુટર લઇને હોસ્પીટલે ગયેલા અને ત્યાં ડોકટરે દાસાભાઇ મરણ ગયેલ હોવાનું જણાવેલું.

બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ વખતે તેઓ તેમના ઘરે સુતેલા હતા તેથી તેઓએ બનાવ નજરે જોયેલો નથી અને તેથી બનાવ અંગે તેમને કોઇ જાતમાહીતી નથી અને બનાવ અંગેની જાણ તેઓ બનાવ સ્થળે ગયા ત્યારે મુરુભાઇએ કરેલી. સદર બાબતે સાહેદ ખુલાસો કરી જણાવે છે કે, બનાવવાળી જગ્યાએ ગયા ત્યારે ઈજા પામનાર રાણાભાઇ પરબતભાઇએ પણ તેમને બનાવની વિગતો કહેલી.

તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓ બનાવવાળી જગ્યાએ પહોંચ્યા ત્યારે ત્યાં ઘણા માણસો એટલે કે પંદરથી સત્તર જણ ભેગા થયેલા હતા. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે તેમને બનાવ અંગેની કોઇ વિગત ઈજા પામનાર રાણાભાઈએ કહેલી જ નથી. તેઓ એ વાતનો પણ ઈન્કાર કરે છે કે બનાવ અંગેની કોઇ વિગત તેમને મુરુભાઈએ કહેલી જ નથી. તેઓ વધુમાં જણાવે છે કે એ બાબતે તેઓ કહી શકે નહી કે બનાવ મુરુભાઈએ નજરે જોયેલો હતો કે કેમ. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓએ સરતપાસમાં કહ્યું તે મુજબનો કોઇ બનાવ બનેલ જ નથી અને ફરીયાદી તેમના મીત્ર થતા હોય તેની ફરીયાદને મદદ કરવા માટે તેઓ ખોટી જુબાની આપે છે.

સાહેદ નં. ૨૦ ની જુબાની જોતાં બનાવ સંદર્ભે તેમણે આ કામના ફરીયાદી રાણાભાઇ તથા સાહેદ મુરુભાઇનાઓએ માહીતગાર કરેલ અને સદર સાહેદની આ બંને વ્યકિતઓએ જે માહીતી આપેલી તે ફરીયાદપક્ષના કેસને અનુરુપ જ આપેલ હોવાનું જણાય છે. વધુમાં મુરુભાઇ સદર બનાવના દાર્શનીક સાહેદ હોવાની રૂએ તેમનું સી.આર.પી.સી.ની કલમ ૧૬૪ મુજબનું નિવેદન નોંધવામાં આવેલ છે અને સાહેદ નં. ૨૦ નાએ બનાવની વિગત તેમને આ કામના ફરીયાદી તથા મુરુભાઈએ જણાવેલાનું સરતપાસમાં લખાવેલ છે. ત્યારબાદ બચાવપક્ષે પણ એવું સુચન કરેલ છે કે સદર સાહેદ બનાવ સ્થળે ગયા ત્યારે બનાવ અંગેની જાણ તેમને મુરુભાઈએ કરેલી અને તે સુચનનો સદર સાહેદે સ્વીકાર કરેલ છે. બચાવ પક્ષે સાહેદને કરવામાં આવેલ સુચન પણ પુરાવામાં ગ્રાહ્ય છે. આમ સાહેદ નં. ૨૦ ની જુબાનીથી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય છે.

**(૧૪.૧૫)** સાહેદ નં. ૨૧ થી ભરતભાઇ અરજનભાઈ મારૂને તપાસવામાં આવેલ છે. તેઓ જણાવે છે કે, બનાવના દિવસે રાતના બાર સાડા બારના અરસામાં તેઓ કોલીખડા ત્રણ રસ્તાની બાજુમાં સંકટ મોચન હોટલે તેઓ બેઠા હતા ત્યારે ત્યાં દેકારાનો અવાજ સાંભળેલ અને જાણવા મળેલ કે, કરશન ભીમા કોડીયાતરે દાસાભાઇને માથામાં ત્રીકમ મારી દીધેલ છે. જેથી તેઓ શીતળાઇ માતાજીના મંદીરે ગયેલા અને ત્યાં મંદીરના ગ્રાઉન્ડમાં દાસાભાઇ ખાટલામાં પડેલ હતા અને માથામાંથી લોહી નીકળતું હતું અને ત્યાં મુળુભાઇ ઉભેલા હતા. ત્યાં મુળુભાઈએ તેમને કહેલ કે, કરશન

ભીમા આ રાણાભાઇ તથા દાસાભાઇ મારુને ત્રીકમથી મારેલ છે અને આરોપી કરશન ભીમા ત્યાંથી ભાગી ગયેલો હતો અને જાદવભાઇનો દીકરો રાજુ તેની સ્વીફ્ટ લઇને આવેલો હતો જેથી આ દાસાભાઇ તથા રાણાભાઇને સ્વીફ્ટ ગાડીમાં બેસાડી દવાખાને લઇ જતા હતા ત્યારે રસ્તામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સામે મળતા તેમાં આ બંનેને બેસાડેલા અને તેઓ સાથે બેસી ભાવસિંહજી હોસ્પીટલે લઇ ગયેલા ત્યાં ડોકટર સાહેબે બંનેને તપાસેલ અને દાસાભાઇને મરણ ગયેલા જાહેર કરેલા અને રાણાભાઇની સારવાર ચાલુ કરેલ હતી. વધુમાં સાહેદ નં. ૨૧ જણાવે છે કે, બનાવ બનવાનું કારણ તેઓએ પાછળથી જાણલું તેમાં એવું જાણવા મળેલ કે, રાણાભાઇ, દાસાભાઇ, મુળુભાઇ અને આરોપી કરશનભાઇ એ ચાર જણા પવન હોટલે જમવા ગયેલ હતા અને જમવાના પૈસાના બીલ બાબતે આરોપી કરશનભાઇને તથા દાસાભાઇને ઝઘડો થયેલો તે કારણે હાલનો બનાવ બનેલો. વધુમાં સાહેદ જણાવે છે કે, મરણ જનાર દાસાભાઇની લાશ દવાખાનામાંથી પરત સોંપવામાં આવેલી તે પછી આ મરણ જનાર દાસાભાઇની અંતીમ વીધી તેમના રીત રીવાજ મુજબ કરેલી હતી.

બચાવપક્ષની ઉલટ તપાસમાં સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેથી બનાવ અંગે તેમને જાત માહીતી નથી. તેઓ એ વાતનો ઇન્કાર કરે છે કે, બનાવ પછી તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલા જ નથી. તેઓ એ વાતનો પણ ઇન્કાર કરે છે કે, તેઓએ સરતપાસમાં જણાવેલ તે મુજબ મુળુભાઇએ તેમને બનાવ અંગે કોઇ વાત કરેલી જ નથી. તેઓ એ વાતનો ઇન્કાર કરે છે કે, મરણ જનાર દાસાભાઇ તેમના કાકા થતા હોય જેથી તેમના મરણના બનાવ અંગેની ફરીયાદને મદદ કરવા માટે તેઓ ખોટી જુબાની આપે છે.

આમ સાહેદ નં. ૨૧ ની જુબાની જોતાં તેઓ બનાવ બની ગયા બાદ બનાવવાળી જગ્યાએ ગયેલા અને બનાવવાળી જગ્યા કે જે શીતળા માતાજીનું મંદીર આવેલ છે ત્યાં જઇને સાહેદે ગુજરનાર દાસાભાઇ તથા ફરીયાદી રાણાભાઇ ખાટલમાં પડેલાનું જોયેલું અને બનાવવાળી જગ્યાએ હાજર મુળુભાઇએ સાહેદને આરોપી કરશન ભીમા રાણાભાઇ તથા દાસાભાઇ મારુને ત્રીકમથી મારી અને ભાગી ગયેલાનું જણાવેલ છે. આમ, આ સાહેદ બનાવ બનેલ ત્યારે બનાવવાળી જગ્યાએ હાજર ન હોય પરંતુ દેકારાનો

અવાજ આવતા તેઓ બનાવ સ્થળે ગયેલ અને ત્યાં તેઓએ દાસાભાઈ તથા ફરીયાદીને લોહી લુહાણ હાલતમાં જોયેલ. જે હકીકત પરથી ગુજરનાર દાસાભાઈ તથા ફરીયાદી બનાવવાળા સ્થળે લોહી લુહાણ હાલતમાં બનાવવાળી જગ્યાએ પડેલ હતા તે હકીકતને સમર્થન મળે છે તેમજ સદર સાહેદની જુબાનીથી આ કામના આરોપીએ જ ફરીયાદી તથા ગુજરનાર દાસાભાઈને માર મારી લોહી લુહાણ કરેલ અને આરોપીએ ત્રીકમથી હુકલો કરેલ તે હકીકતને પણ સમર્થન મળે છે. સદર સાહેદની સરતપાસ વંચાણે લેતાં તેઓ બનાવના કારણ બાબતે પણ જણાવે છે અને તેઓએ જે બનાવનું કારણ જણાવેલ છે તે જ કારણ આ કામે રજુ થયેલ આંક-૩૩ ની ફરીયાદમાં તથા આંક-૩૨ ની ફરીયાદીની જુબાની મુજબનો છે. જેથી ફરીયાદપક્ષ મુજબના બનાવ બનેલાની અને તે બનાવમા આરોપીએ ત્રીકમ વડે હુમલો કરેલાની તેમજ બનાવના કારણ બાબતે પણ આ સાહેદની જુબાનીથી સમર્થન મળે છે.

**(૧૪.૧૬)** સાહેદ નં. ૨૨ થી મેરામણભાઈ લખમણભાઈ મકવાણાને તપાસવામાં આવેલ છે. તેઓ જણાવે છે કે, તેમની પવન હોટલ કોલીખડા રોડ ઉપર આવેલી છે. ત્યાં તેઓ હોટલમાં બેસી હોટલ ચલાવવાનો ધંધો કરે છે. તેમની હોટલમાં સીસીટીવી કેમેરા લગાવેલા છે. બે એક વર્ષ પહેલાં ગુજરનાર દાસાભાઈ તથા રાણાભાઈ તથા મુરુભાઈ અને કરશન ભીમા રાત્રીના સાડા અગીયારેક વાગ્યે તેમની હોટલે જમવા આવેલા અને આ લોકોએ જમી લીધા બાદ કરશન ભીમા તેમની પાસે આવેલો અને તેમણે જણાવેલ કે જમવાના બીલના પૈસા કાલ પરમ દીવસે આપી જશે. વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ તે ચારેય લોકો તેમની હોટલેથી ગામ તરફ જવા નીકળી ગયેલા. ત્યારબાદ રાત્રીના બેએક વાગે એક ભાઈ ચા લેવા તેમની હોટલે આવેલ અને કહેલ કે કોલખડા બસ સ્ટેન્ડ પાસે ટોળું ઉભેલું છે. તે બાદ તેઓ હોટલ બંધ કરવાની તૈયારીમાં હતા અને ત્યારે બીજો એક ભાઈ તેમની હોટલે આવેલો તેણે કહેલ કે કોઈકે બસ સ્ટેનડ પાસે કોઈકને ત્રીકમ મારી દીધેલ છે અને ત્યાં ટોળું થયેલું છે. બાદ બીજા દિવસે તેમને જણવા મળેલ કે કરશન ભીમાએ દાસાભાઈને ત્રીકમ મારેલો અને દાસાભાઈ તેથી મરણ ગયેલા છે.

ઉલટ તપાસમાં સાહેદ નં. ૨૨ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમની હોટલે જે લોકો જમવા આવેલાનું તેઓએ સરતપાસમાં કહેલું છે તે લોકો વચ્ચે તેમની હોટલમાં ઝઘડો થયેલ હોય તેવું બનેલ નથી. તેઓ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, તેમણે સરતપાસમાં જણાવ્યું તે તેમની હોટલમાં કરશનભાઇ ભીમાભાઇ વિગેરે જમવા આવેલા તે દિવસે તેમની હોટલના સીસીટીવી કેમેરા પાવર સપ્લાયના વાંધાના કારણે બંધ હતા. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે,સદર હાલના કેસવાળો મારમારીનો બનાવ તેઓએ જોયેલ નથી. તેઓ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, તેમની હોટલે બનાવ અંગે એક વ્યકિતએ આવીને કહેલું તે વ્યકિતનું નામ તેમને ખબર નથી કે તે વ્યકિતને તેઓ ઓળખતા નથી.

આમ, સાહેદ નં. ૨૨ ની જુબાની ધ્યાને લેતાં તેમણ બનાવ નજરે જોયેલ નથી પરંતુ બનાવ બાબતે તેઓ તેમની પવન હોટલે હાજર હતા ત્યારે એક વ્યકિતએ આવી તેમને કહેલ કે કોઈકે બસ સ્ટેન્ડ પાસે કોઈકને ત્રીકમ મારી દીધેલ છે અને ત્યાં ટોળું થયેલું છે. આમ બનાવ બાબતે સાહેદને અન્ય વ્યકિતએ ત્રીકમ વડે કોઇક વ્યકિતને મારેલાનું જણાવેલ તેથી જાણ થયેલ અને તેમને આ બાબતેની જાણ કરનાર વ્યકિતનું નામ તેઓને ખબર નથી કે તેઓને ઓળખતા પણ નથી.

**(૧૪.૧૭)** સાહેદ નં. ૨૩ થી રાજાભાઈ જાદવભાઈ મકવાણાને તપાસવામાં આવેલા છે. તેઓ જણાવે છે કે, આશરે એકાદ વર્ષ પહેલા તેઓ કોલીખડા ગામે ઘરે પહોંચેલા હતા ત્યારે રાત્રીના આશરે બાર વાગ્યાનો સમય થયેલો ત્યારે એક ભાઈ તેમના ઘરે આવેલા અને તે ભાઇએ કહેલ કે દાસાને વાગેલું છે તમારી ગાડી કોલીખડા ગામે શીતળા માતાના મંદીરે લઇને પહોંચો. તે પછી તે વ્યકિત જતા રહેલ અને તેઓ ગાડી લઇને શીતળા માતાના મંદીરે પહોંચેલા અને ત્યાં જોયેલું તો દાસાભાઇને માથાના ભાગે ઈજા થયેલી હતી અને તેઓ બેભાન હાલતમાં હતા. સાહેદ નં. ૨૩ વધુમાં જણાવે છે કે, તે પછી દાસાભાઇને ઉપાડીને તેમની ગાડીમાં સુવડાવેલ અને તેમની ગાડીમાં તેઓ તથા રાણાભાઈ નવલા તથા બીજો એક ભાઈ જેનું નામ ખબર નથી તે ત્રણેય જણા દાસાભાઇને ગાડીં લઇ હોસ્પીટલે જતા હતા ત્યારે અગાઉ કોઇએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલો તેથી સદર ૧૦૮ એમ્બ્યુલન્સ તેમને રસ્તામાં સામે

મળતા દાસાભાઇને એમ્બ્યુલન્સમાં બેસાડેલા અને તેમની સાથે રાણાભાઇ પણ એમ્બ્યુલન્સમાં બેસેલા, ત્યારબાદ તેઓ સદર રોડ ઉપરથી પરત તેમના ઘર તરફ જતા રહેલ અને એમ્બ્યુલન્સ ગાડી દવાખાને જવા નીકળેલી. વધુમાં સાહેદ નં. ૨૩ જણાવે છે કે બીજા દિવસે સવારે તેમને જાણવા મળેલ કે દાસાભાઇ ગુજરી ગયા છે અને સદર દાસાભાઇને કરશનભાઇએ કાઇક મારેલું તેથી તેમનું મરણ થયેલું.

બચાવપક્ષની ઉલટ તપાસમાં સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે, દાસાભાઇને ઈજા થયેલી તે બનાવ નજરે જોયો નથી. તેઓ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, તેઓએ સરતપાસમાં જે કહ્યું કે તેમણે પાછળથી જાણેલું કે કરશનભાઇએ સદર દાસાભાઇને કાઇક મારેલું છે તેથી તેનું મરણ થયેલું તે હકીકત તેઓએ વાતોવાતોથી જાણેલી પરંતુ ચોકકસ કઇ વ્યકિતએ તેમને હકીકત જણાવેલી તે તેઓ કહી શકે નહી.

આ સાહેદ કે જેઓ બનાવના નજરે જોનાર સાહેદ નથી અને બનાવ બાબતે તેમને વાતોવાતોથી જાણવા મળેલ છે. પરંતુ બનાવ બાબતે તેમને બીજા દીવસે જાણવા મળેલું કે સદર દાસાભાઇને કરશનભાઇએ કાઇક મારેલું તેથી તેમનું મરણ થયેલું તેટલા પુરતી હકીકતથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે છે.

**(૧૪.૧૮)** સાહેદ નં. ૨૪ થી કરણભાઇ હમીરભાઇ ભાટીયાને તપાસવામાં આવેલા છે અને તેઓ જણાવે છે કે, તેઓ સને ૨૦૨૧ માં લોકરક્ષક તરીકે ઉદ્યોગનગર પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા તે દરમ્યાન આ કામના ગુના અન્વયે તપાસ દરમ્યાન કબજે થયેલ મુદ્દામાલ એફ.એસ.એલ. કચેરી જુનાગઢ ખાતે રવાનગી નોંધ મુજબના પાર્સલો નંગ–૧૬ ને તેઓએ સંભાળી તા. ૨૮/૦૬/૨૦૨૧ ના રોજ જુનાગઢ એફ.એસ.એલ. કચેરીએ સોંપેલ હતો અને તે અંગેની પહોંચ એફ.એસ.એલ. જુનાગઢ ખાતેથી મળતા તે વાય.પી.પટેલ સમક્ષ રજુ કરેલી.

ઉલટ તપાસમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓ એફ.એસ.એલ.માં મુદ્દામાલ આપવા જાય ત્યારે એફ.એસ.એલ. કચેરીમાં મુદ્દામાલ રજુ કરનાર તરીકે તેમની સહી કરાવવામાં આવે છે.

આ સાહેદ કે જેઓ બનાવ વખતે ઉદ્યોગનગર પો.સ્ટે.માં લોકરક્ષક તરીકે ફરજ બજાવતા હતા તેઓએ આ ગુના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ એફ.એસ.એલ. કચેરી, જુનાગઢને સોંપેલ હતો તે હકીકત પુરવાર થાય છે.

**(૧૪.૧૯)** સદર કામે સાહેદ નં. ૨૫ જીતેન્દ્ર નારણભાઈ ડાકીનાઓ આંક–૧૨૬ થી રજુ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે સને ૨૦૨૧ માં વિસ્તરણ અધિકારી તરીકે તાલુકા પંચાયત કચેરી, પોરબંદરમાં ફરજ પર હતા ત્યારે આ ગુના કામે બનાવવાળી સ્થાનીક જગ્યાનો નકશો બનાવવા માટે યાદી મળેલ જે યાદી આંક–૧૨૭ થી રજુ છે. જે યાદીના આધારે તેઓએ સ્થાનીક જગ્યાનો નકશો બનાવેલ હતો જે નકશો આંક–૧૨૮ થી રજુ રાખવામાં આવેલ છે તેમજ તે નકશામાં સાહેદ પોતાની સહી તથા હસ્તાક્ષરો ઓળખી બતાવે છે.

આરોપી તરફેની ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, આંક–૧૨૮ વાળા નકશામાં તેઓએ એક જ લોખંડનો ખાટલો દર્શાવેલ છે. તેઓ એ વાત સ્વીકારે છે કે, આંક–૧૨૮ ના નકશામાં બતાવ્યા મુજબ સદર મંદીરવાળા પ્લોટની આજુબાજુમાં જાહેર રસ્તો મુકી તેમાં જે મકાન તથા દુકાન દર્શાવેલ છે તે તે મુજબ આવેલા છે. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, આંક–૧૨૮ વાળો નકશો બનાવવાળી જગ્યાએ રુબરુ ગયા વગર અને સદર જગ્યા જોયા વગર પોલીસના કહેવાથી ખોટો બનાવી નાખેલ છે. સદર કામે બનાવવાળી જગ્યાનો નકશો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે તેમજ બનાવવાળા સ્થળને ફરીયાદીની જુબાની તથા તપાસ કરનાર અમલદારની જુબાનીથી બનાવવાળી જગ્યાનું પંચનામું યોગ્ય રીતે પુરવાર થયેલ છે અને સદર સાહેદે તૈયાર કરેલ નકશાની વિગતો સ્થાનીક જગ્યાના પંચનામા મુજબની છે. જેથી સાહેદ નં.૨૫ નાઓએ તૈયાર કરેલ નકશા ની સ્થળ સ્થિતિ હોવાનું રેકર્ડ ઉપર પુરવાર થાય છે.

**(૧૪.૨૦)** સદર કામના તપાસ કરનાર અમલદારશ્રી યોગેશ પ્રભુલાલ પટેલને સાહેદ નં. ૨૬ થી તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની સરતપાસમાં સદર ગુનાની તપાસ અંગે તેમણે કરેલ કાર્યવાહીની વિગતો

જણાવેલ છે તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે અને તે ઉપરાંત સદર કામે બનાવ નજરે જોનાર સાહેદ મુરુભાઇ કોડીયાતરનાઓએ જે નિવેદન લખાવેલ તેની વિગત જણાવેલ છે.

બચાવપક્ષની ઉલટ તપાસમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, આરોપી તથા ફરીયાદીના બનાવ વખતેના મોબાઇલના લોકેશનની માહીતી તેઓએ મોબાઇલ કંપની પાસેથી મેળવેલી નથી તથા આંક-૧૦૨ વાળી યાદી તેઓએ મેડીકલ ઓફીસરને મોકલેલી તેમાં એમ.એલ.સી. નં. ૪૦૭/૨૧ વાળા દર્દી રાણાભાઇ પરબતભાઇ નવલાનું મેડીકલ સર્ટી. મોકલી આપવા માંગણી કરેલી છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, આંક-૯૪ વાળું ઇન્જરી સર્ટી. રાણા પરબત નવલાનું તેઓએ તપાસના કામે મેળવી સામેલ રાખેલ તે સર્ટીમાં એમ.એલ.સી. નં. ૪૪૯/૨૧ લખેલ છે. તેઓ એ વાત સ્વીકારે છે કે, આંક-૧૦૨ વાળી યાદીમાં તેઓએ એમ.એલ.સી. નં. ૪૦૭/૨૧ નો ઉલ્લેખ કરેલ પરંતુ આંક-૯૪ વાળું સર્ટી. આવેલ તેમાં એમ.એલ.સી. નં. ૪૪૯/૨૧ લખાઇ આવેલ તે એમ.એલ. સી. નંબર અંગે સ્પષ્ટતા માટે તેઓએ કોઇ મેડીકલ ઓફીસરનું નિવેદન લીધેલ નથી. ત.ક.અમલદારશ્રી એ વાતનો સ્વીકાર કરે છે કે, આંક-૧૪૩ વાળો નકશો તેઓએ બનાવવાળી જગ્યાનો બનાવેલો તેમાં બનાવવાળી જગ્યાની આજુબાજુ કોઇ ઇલેકટ્રીક થાંભલા હોવાનું દર્શાવેલ નથી. તેઓ એ વાતનો ઇન્કાર કરે છે કે, તેઓએ કરેલ તમામ પંચનામાં પંચોની ગેરહાજરીમાં ખોટા લખી નાખેલા અને પાછળથી પંચોની સહીઓ કરાવી લીધેલ. તેઓ એ વાતનો ઇન્કાર કરે છે કે, આરોપી વિરૂધ્ધ કોઇ પુરાવો ન હોવા છતાં તેને ખોટી રીતે અટક કરી ફસાવી દીધેલ છે.

**(૧૫)** સદર કામે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષના સમગ્ર કેસનો આધારે સાહેદ નં. ૩ થી તપાસવામાં આવેલ ફરીયાદીની જુબાની ઉપર રહેલ છે. ફરીયાદીએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, પવન હોટલેથી જમીને પરત જતા હતા ત્યારે રસ્તામાં કરશનભાઇને અને દાસાભાઇને જમવાના બીલના પૈસા બાબતે ઝઘડો થયેલો અને બંને જણા ઝપાઝપી કરવા લાગેલા અને એકબીજાના કાઠલા પકડેલા તેથી તેઓએ તથા મુરુભાઇએ બંનેને છુટા પાડેલા અને ત્યારપછી આરોપી

ત્યાંથી ખીજવાઇને જતા રહેલા અને તે બાદ ફરીયાદી, મરણ જનાર તથા મુરુભાઈ શીતલા માતાના મંદીરે ગયેલા અને ત્યાં ખાટલામાં આડા પડેલા અને આશરે દસ પંદર મીનીટ પછી આરોપી કરશનભાઈ આવેલા અને તેમના હાથમાં ત્રીકમ હતો અને ત્રીકમ વડે દાસાભાઈને માથાના જમણા ભાગ ઉપર ઘા મારેલો અને આરોપી બીજો ઘા કરવા જતા ફરીયાદી વચ્ચે પડતા ફરીયાદીને ત્રીકમથી માથાના જમણા ભાગે ઈજા થયેલી અને ત્યારબાદ આરોપી ત્રીકમ ત્યાં મુકીને ભાગી ગયેલો.

**(૧૫.૧)** સદર બાબતે બચાવપક્ષે મહત્વની એવી તકરાર લેવામાં આવેલી છે કે, બનાવવાળી જગ્યાએ બનાવ સ્થળે રાત્રીનો સમય હોય અંધારું હતું અને તેથી ફરીયાદી આરોપીને ઓળખી શકેલ ન હોવા છતાં તે બાબતે ખોટી વિગત જણાવી છે. પરંતુ અત્રે નોંધવું જરુરી છે કે, આ કામના આરોપી અને ફરીયાદી વચ્ચે અગાઉથી જ મિત્રતા હતી તથા ફરીયાદી ગામડાના ઈસમ છે અને જેથી સ્વાભાવીક છે કે ઓછા પ્રકાશમાં પણ ફરીયાદી આરોપીને સહેલાઇથી ઓળખી શકે. વધુમાં બનાવ અગાઉ આરોપી તથા ફરીયાદી, મરણ જનાર તથા સાહેદ મુરુભાઈનાઓ પવન હોટલમાં સાથે જમ્યા હતા અને ત્યારબાદ પરત ફરતી વખતે રસ્તામાં આરોપી અને મરણ જનારે વચ્ચે ઝઘડો થયેલ અને તેના પંદરેક મીનીટ પછી બનાવ બનેલ. જેથી સ્વાભાવીક છે કે, બનાવ વખતે આરોપીએ પહેરેલ કપડાથી પણ ફરીયાદી સારી રીતે માહીતગાર હોય અને તેના કારણે તેઓ ઓછા પ્રકાશમાં આરોપીને ઓળખી શકે તે સહજ છે. સદર બાબતે નીચે મુજબના નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદાના સિધ્ધાંત ધ્યાને લેવા જરૂરી જણાય છે.

**Kalika Tewari Vs. State of Bihar**, JT 1997(4) SC 405:
The visible capacity of urban people who are acclimatized to fluorescent light is not the standard to be applied to villagers whose optical potency is attuned to country made lamps. Visibility of villagers is conditioned to such lights and hence it would be quite possible for them to identify men and matters in such lights."

**State of U.P. Vs. Sheo Lal**, AIR 2009 SC 1912:

Where the murder had taken place at night and the source of light was not indicated in the FIR and the accused and the eye witnesses were

closely related, it has been held by the Supreme Court that the evidence of eye witnesses cannot be discarded.

આમ, હાલના કેસમાં પણ ફરીયાદમાં અને બનાવ સ્થળના પંચનામાં બનાવ સ્થળે લાઇટ હોવાનો ઉલ્લેખ નહી હોવા માત્રથી આરોપીની ઓળખ કરી ફરીયાદી માટે અશકય હતી તેમ ઠરાવી શકાય નહી. આરોપીની ઓળખ બાબતે એ હકીકત પણ ધ્યાને લેવી આવશ્યક છે કે સદર બનવા રાત્રીના ૧૨:૩૦ ના અરસામાં બનેલ છે અને બનાવ બાદ તુરંત ફરીયાદીને ભાવસિંહજી સરકારી હોસ્પીટલમાં સારવાર આપવામાં આવેલ અને સારવાર કરના ડોકરટ સમક્ષ ફરીયાદીએ મોડી રાત્રે ૧:૦૫ કલાકે આપેલ હિસ્ટ્રીમાં હુમલો કરનાર વ્યકિત તરીકે આરોપીનું નામ આપેલ છે. જેથી પણ પાછળથી ખોટી રીતે આરોપીની સંડોવણી કરવામાં આવેલ હોવાની બાબત માની શકાય તેમ નથી.

**(૧૫.૨)** બચાવપક્ષે એ બાબતે પણ તકરાર લેવામાં આવેલ છે કે, ફરીયાદી ખાટલામાં સુઇ ગયેલા હતા જેથી તેમણે મરણજનાર ઉપર જે હુમલો થયેલ તે જોયેલ નથી. સદર બાબત ફરીયાદી તેમની જુબાની બનાવ વખતે તેઓ સુઇ ગયેલ હોવાનો ઇન્કાર કરી ખુલાસો કરી જણાવે છે કે તેઓ જાગતા પડેલ હતા અને આંખો બંધ હતી અને ઉઠીને જોયું તો દાસભાઇ ઈજા પામેલ હાલતમાં હતા. ફરીયાદપક્ષે રજુઆત છે કે ફરીયાદીની આંખો બંધ હતી જેથી દાસાભાઇને કોણે ઈજા કરેલી તે ફરીયાદીએ નજરે જોયેલ નથી. સદર બાબતે એ હકીકત નોંધવી જરૂરી છે કે, સાહેદની જુબાનીને સમગ્ર રીતે ધ્યાને લઇ તેનું મુલ્યાંકન કરવાનું હોય છે. ફરીયાદીએ તેમની સરતપાસમાં બનાવ વખતે આરોપીએ ત્રીકમ વડે દાસાભાઇને માથાના જમણા ભાગ ઉપર ઘા કરેલાનું અને બીજો ઘા કરતાં ફરીયાદી વચ્ચે પડતા ફરીયાદીને ત્રીકમથી માથાના જમણા ભાગે ઈજા થયેલાનું જણાવે છે અને તેથી જો મરણ જનારને માથામાં ઈજા કરી તે વખતે ફરીયાદી તેમની બાજુમાં એક ફુટના અંતરે આવેલ બીજા ખાટલા ઉપર આંખ બંધ કરીને આડા પડયા હોય તો પણ તેમને આરોપી દવારા બીજો ઘા કરવા પ્રયત્ન કરેલ ત્યારે તેઓ વચ્ચે પડતા તેમને એટલે કે ફરીયાદીને માથાના ભાગે ઈજા થયેલ હોય જેથી એવી કોઈ શકયતા

રહેલ નથી કે મરણ જનારને જે માથાના ભાગે ઈજા થયેલ છે તે આરોપી સિવાય અન્ય કોઈ વ્યકિતએ કરેલ હશે.

(૧૫.૩) સદર કામે ફરીયાદીની જુબાનીને સમગ્રપણે જોવામાં આવે તો ફરીયાદી સબળ, વિશ્વસનીય, આધારભુત અને સાતત્યસભર કહી શકાય તેવા સ્ટર્લીંગ કવોલીટીના સાહેદ તરીકે ગણી શકાય છે અને ફરીયાદીની જુબાનીમા અને ફરીયાદમાં સાતત્ય હોવાનું ફલીત થાય છે તેમજ ફરીયાદીને તથા બનાવમાં મરણ જનારને જે મુજબની ઈજાઓ થયેલ હતી તે બાબતને તબીબી પુરાવાથી પણ સમર્થન મળે છે તેમજ ફરીયાદીને પોતાને થયેલ ઈજાને પણ તબીબી પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય છે. જેથી બનાવ સમયે બનાવ સ્થળે ફરીયાદીની હાજરી બાબતે કોઈ શંકા રહેતી નથી. આમ, જયારે આ કામના ફરીયાદી બનાવમાં ઈજા પામનાર સાહેદ હોય તેમની જુબાની ન માનવાને કોઈ કારણ રહેતુ નથી અને હાલના કીસ્સામાં ફરીયાદીની જુબાની વિશ્વાસજન્ય જણાતી હોય અન્ય સમર્થનકારક પુરાવા વિના પણ તે આધારે ફરીયાદપક્ષનો કેસ સાબીત માની શકાય તેમ છે. સદર બાબતે નામ. સર્વોચ્ચ અદાલતના નીચે દર્શાવેલ ચુકાદાના અવલોકન ધ્યાને લેવા જરૂરી જણાય છે.

**Manjit Singh vs The State Of Punjab** [2019 (8) SCC 529]

*Likewise, the submission about want of independent witnesses in support of prosecution case is also baseless. There is no rule that in every criminal case, the testimony of an injured eye-witness needs corroboration from the so-called independent witness(es). When the statement of injured eye-witness is found trustworthy and reliable, the conviction on that basis could always be recorded, of course, having regard to all the facts and surrounding factors. In the present case, the reliable evidence of the injured eye-witnesses cannot be discarded merely for the reason that no independent witness was examined.*

**Balu Sudam Khalde And Another Vs. The State Of Maharashtra** [Criminal Appeal no. 1910 of 2010, decided on 29.03. 2023]

'*26. When the evidence of an injured eye-witness is to be appreciated, the under- noted legal principles enunciated by the Courts are required to be kept in mind:*

*(a) The presence of an injured eye-witness at the time and place of the occurrence cannot be doubted unless there are material contradictions in his deposition.*

*(b) Unless, it is otherwise established by the evidence, it must be believed that an injured witness would not allow the real culprits to escape and falsely implicate the accused.*
*(c) The evidence of injured witness has greater evidentiary value and unless compelling reasons exist, their statements are not to be discarded lightly.*
*(d) The evidence of injured witness cannot be doubted on account of some embellishment in natural conduct or minor contradictions.*
*(e) If there be any exaggeration or immaterial embellishments in the evidence of an injured witness, then such contradiction, exaggeration or embellishment should be discarded from the evidence of injured, but not the whole evidence.*
*(f) The broad substratum of the prosecution version must be taken into consideration and discrepancies which normally creep due to loss of memory with passage of time should be discarded.*

*27. In assessing the value of the evidence of the eyewitnesses, two principal considerations are whether, in the circumstances of the case, it is possible to believe their presence at the scene of occurrence or in such situations as would make it possible for them to witness the facts deposed to by them and secondly, whether there is anything inherently improbable or unreliable in their evidence. In respect of both these considerations, circumstances either elicited from those witnesses themselves or established by other evidence tending to improbabilise their presence or to discredit the veracity of their statements, will have a bearing upon the value which a Court would attach to their evidence. Although in cases where the plea of the accused is a mere denial, the evidence of the prosecution witnesses has to be examined on its own merits, where the accused raise a definite plea or put forward a positive case which is inconsistent with that of the prosecution, the nature of such plea or case and the probabilities in respect of it will also have to be taken into account while assessing the value of the prosecution evidence.'*

**(૧૫.૪)** આ તબકકે એ હકીકત પણ નોંધવી જરુરી છે કે, ફરીયાદી તે આ કામના આરોપી તેમજ મરણ જનારના મીત્ર હતા અને તેમને આરોપી સાથે કોઈ અદાવત કે દુશ્મનાવટ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. અલબત્ત એ હકીકત રેકર્ડ ઉપર આવેલ છે અને ફરીયાદી અને આરોપી તેમજ મરણજનાર તથા મુરૂભાઇ ચારેય મિત્રો હતા અને બનાવમાં જયારે ફરીયાદી પોતે ઈજા પામેલ હોય તેવા સંજોગોમાં ફરીયાદી પાસે સાચા ગુનેગારનો બચાવ કરી ખોટી રીતે હાલના આરોપીને સંડોવી દેવા માટે કોઈ વ્યાજબી ને સબળ કારણ હોય તેવું જયાં સુધી બચાવપક્ષ દવારા રેકર્ડ ઉપર ઉપર લાવવામાં ન આવે ત્યાં સુધી ફરીયાદીની જુબાનીને નહી માનવાને કોઈ કારણ રહેતું નથી. ઉપરોકત ચર્ચા મુજબ આ કામના ફરીયાદી મરણ જનાર તેમજ આરોપીના મીત્ર હોય તેમજ બનાવમાં પોતે ઈજા પામેલ હોય જેથી

તેમની જુબાની સમાન્ય સાહેદ કરતાં વધારે મહત્વની બની જાય છે અને બનાવ સ્થળે ફરીયાદીની હાજરીને શંકાસ્પદ ગણી શકાય નહી. સદર બાબતે નામ. સર્વોચ્ચ અદાલતના નીચે મુજબના ચુકાદાઓ ધ્યાને લેવાપાત્ર છે.

*Hon'ble Supreme Court in case reported in AIR 2008 SC 3209* ***(Ponnam Chandraiah Vs. State of A.P.)*** *wherein while dealing with the contention of interestedness of the witnesses for furthering the prosecution version, it was observed that relationship is not a factor to affect the credibility of a witness and that it is more often than not that a relative would not conceal the actual culprit and make allegations against an innocent person. Foundation has to be laid if a plea of false implication is made.*

*AIR 2009 SC 1 (**Rajesh Kumar Vs. State of H.P.**) Hon'ble Apex Court that, there is no proposition in law that relatives are to be treated as untruthful witnesses. On the contrary, reason has to be shown when a plea of partiality is raised to show that the witnesses had reason to shield actual culprit and falsely implicate the accused.*

***Shyam Babu vs State Of U.P*** [AIR 2012 SUPREME COURT 3311]

*"This Court has repeatedly held that the version of an eye-witness cannot be discarded by the Court merely on the ground that such eye-witness happened to be a relative or friend of the deceased. It is also stated that where the presence of the eye-witnesses is proved to be natural and their statements are nothing but truthful disclosure of actual facts leading to the occurrence, it will not be permissible for the Court to discard the statement of such related or friendly witnesses. To put it clear, there is no bar in law on examining family members or any other person as witnesses. In fact, in cases involving family members of both sides, it is a member of the family or a friend who comes to rescue the injured. If the statement of witnesses, who are relatives or known to the parties affected is credible, reliable, trustworthy and corroborated by other witnesses, there would hardly be any reason for the court to reject such evidence merely on the ground that the witness was a family member or an interested witness or a person known to the affected party or friend etc. These principles have been reiterated in Mano Dutt and Another vs. State of Uttar Pradesh, (2012) 4 SCC 79 and Dayal Singh and Others vs. State of Uttaranchal, 2012 (7) Scale 165."*

**(૧૫.૫)** હાલના કામમાં આરોપી અને ફરીયાદી મિત્રો હતા અને તે રીતે બનાવ અગાઉથીજ પરીચીત હતા અને બનાવ વખતે જમ્યા બાદ હોટલના બીલના પૈસા આપવા બાબતે મરણજનાર અને આરોપી વચ્ચે તેઓ હોટલેથી શીતલા માતાના મંદીર તરફ જતા હતા ત્યારે રસ્તામાં તકરાર અને બોલાચાલી થયેલ ત્યારબાદ આરોપી ત્યાંથી જતા રહેલ અને તેની ૧૦–૧૫ મીનીટ પછી તેઓ બનાવ સ્થળે ત્રીકમ લઇ આવી મરણજનાર ઉપર હુમલો કરેલ અને બનાવમાં ફરીયાદીને પણ ઇજા થયેલ. સદર કામે સમગ્ર પુરાવો

ધ્યાને લેતા આરોપીને ખોટી રીતે સંડોવી દેવા માટે ફરીયાદપક્ષે કોઇ પુરતા કારણો હોય તેવુ રેકર્ડ ઉપર આવેલ નથી અને ફરીયાદીએ આરોપીને કોર્ટ રૂબરૂની જુબાનીમાં ઓળખી બતાવેલ છે તેમજ આરોપીનો ફરીયાદમાં તેમજ ફરીયાદીની સારવાર કરનાર ડોકટર સમક્ષ નામજોગ ઉલ્લેખ છે જેથી હાલના ગુન્હાના કામે આરોપીની સંડોવણી ફરીયાદ તથા ફરીયાદીની જુબાની અને ડોકટર સમક્ષની ફરીયાદીની હિસ્ત્રી ના આધારે શંકા રહિત પુરવાર થયેલ છે.

**(૧૫.૬)** સદર કામે બનાવ સંદર્ભે ફરીયાદી તેમજ અન્ય સાહેદ મુરુભાઇ પુંજાભાઇ કોડીયાતર સીવાય કોઇ વ્યકિતઓ બનાવ વખતે હાજર હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી અને સાહેદ મુરુભાઇ પુંજાભાઇ કોડાયતરનાઓ તા.૦૨/૦૯/૨૦૨૨ ના રોજ અવસાન પામેલા હોય જેથી તેમને સાહેદ તરીકે તપાસી શકાયેલા નથી. પરંતુ અગાઉ નોંધ્યું તેમ સદર સાહેદ બનાવ સ્થળે હાજર હોવાનું અને બનાવ બાબતે માહીતગાર હોવાનું સાહેદ નં. ૨૦ અને સાહેદ નં. ૨૧ ની જુબાનીથી પ્રસ્થાપિત થાય છે ને સદર સાહેદ નં. ૨૦ અને ૨૧ નાએ બનાવ બાબતે મુરુભાઇઅ જાણ કરેલ અને સદર સાહેદને મુરુભાઇએ બનાવ બાબતે જે વિગત જણાવેલ તે ફરીયાદપક્ષના કેસને અનુરૂપ હોવાનું પણ સદર સાહેદની જુબાનીથી પુરવાર થાય છે.

**(૧૫.૭)** સદર કામે બચાવપક્ષે એવી તકરાર લીધેલ છે કે બનાવ બાદ મરણ જનારને હોસ્પીટલે લઇ ગયેલ તે બાબતે સાહેદોની જુબાનીમાં વિરોધાભાસ જણાય આવે છે. સદર બાબતે ફરીયાદીની જુબાની જોતાં તેઓ જણાવે છે કે, બનાવ પછી આશરે અડધો કલાકમાં ૧૦૮ એમ્બ્યુલન્સ આવી ગયેલ અને તે ૧૦૮ એમ્બ્યુલન્સ આવી ત્યાં સુધી દાસાભાઇ ખાટલામાં પડેલ હતા. જયારે સાહેદ નં. ૨૩ જણાવે છે કે, બનાવ પછી દાસાભાઇને ઉપાડીને તેમની ગાડીમાં સુવડાવેલ અને દાસાભાઇને ગાડીમાં હોસ્પીટલે લઇ જતા હતાત્યારે અગાઉ કોઇએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલ તેથી ૧૦૮ એમ્બ્યુલન્સ સામી મળેલ અને આંક–૩૩ વાળી ફરીયાદ જોતાં તેમાં જીવા રાણાભાઇ ચાવડાએ ૧૦૮ માં ફોન કરેલો અને આવતા વાર લાગેલ તે દરમ્યાન રાજાભાઇ જાદવભાઇ મકવાણા તેમની સ્વીફટ કાર લઇને પસાર

થતાં હોય અને તેઓ સારવારમાં જવા માટેની જાણ કરતા તેમના વાહનમાં હોસ્પીટલે જવા નીકળેલા.

ઉપરોકત મુજબની હકીકત જોતાં બનાવ બાદ મરણ જનારને હોસ્પીટલમાં લઈ જવામાં આવેલ તે બાબતે ફરીયાદપક્ષના સાહેદોની કેફીયતમાં તફાવત જણાય આવે છે પરંતુ તે એટલી મહત્વની નથી કે જેનાથી ફરીયાદપક્ષના કેસને ઘાતક અસર પહોંચે. અત્રે એ વાત પણ નોંધવી જરુરી છે કે, બનાવ બાદ આરોપી ત્રીકમ બનાવ સ્થળ ઉપર મુકી ભાગી ગયેલો અને ત્યારબાદ મરણ જનારને કઈ રીતે અને કયા વાહનમાં સારવાર માટે લાવેલ તે હકીકત આ કેસ પુરવાર કરવા માટે પાયાની હકીકત ગણી શકાય નહી. જેથી તે બાબતે સાહેદની જુબાનીમાં તફાવત કે વિરોધાભાસ હોય તે માત્રથી ફરીયાદપક્ષનો કેસ સમગ્રપણે શંકાસ્પદ બની જતો નથી.

(૧૫.૮) બચાવપક્ષ તરફે કરવામાં આવેલ સદર દલીલ ધ્યાને લેતાં એ હકીકત નોંધવી જરુરી છે કે બનાવ સંદર્ભના સાહેદોના નિવેદનમાં સામાન્ય તફાવત આવે તે વ્યાજબી બાબત છે અને કોઈપણ વ્યકિતને બનાવ બાબતે કે બનાવ સ્થળ બાબતે અવલોકન કરવાની ક્ષમતા અને બનાવ કે બનાવ સ્થળ જોઈ બાદ તેનું વર્ણન કરવાની ક્ષમતા અલગ અલગ હોય છે. જેથી દરેક વિરોધાભાસ કે વિપરીત સ્ટેટમેન્ટ આધારે ફરીયાદપક્ષના કેસને શંકાસ્પદ ગણાવવો વ્યાજબી ગણાશે નહી પરંતુ ફરીયાદપક્ષના કેસના મુળમાં ઘા કરી તેની હકીકતો બાબતે જો વિરોધાભાસી કથનો મહત્વના સાહેદો દવારા કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસને વધુ ઝીણવટભરી રીતે ચકાસવાની જરુર ઉભી થાય અને અન્ય સમર્થનકારક પુરાવા વિના તેમની જુબાની પર આધાર રાખી શકાય નહી. પરંતુ હાલના સાહેદની જુબાની તટસ્થ, વિશ્વાસજન્ય અને સાતત્યભરી જણાતી હોય જેથી એકમાત્ર સાહેદની જુબાનીના આધારે પણ ફરીયાદપક્ષના કેસને શંકારહીત પુરવાર કર્યાનું માની શકાય. સદર બાબતે નીચે મુજબના ચુકાદઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેવા જરૂરી જણાય છે.

**Narayan Chetanram Chaudhary v. State of Maharashtra** [2000 AIR SCW 3314] Criminal Appeal Nos. 25-26 of 2000.

*"Only such omissions which amount to contradiction in material particulars can be used to discredit the testimony of the witness. The*

*omission in the police statement by itself would not necessarily render the testimony of witness unreliable. When the version given by the witness in the Court is different in material particulars from that disclosed in his earlier statements, the case of the prosecution become doubtful and not otherwise. Minor contradictions are bound to appear in the statements of truthful witnesses as memory sometimes plays false and the sense of observation differ from person to person. The omissions in the earlier statement if found to be of trivial details, as in the present case, the same would not cause any dent in the testimony of PW2. Even if there is contradiction of statement of a witness on any material point, that is no ground to reject the whole of the testimony of such witness. In this regard this Court in State of Himachal Pradesh v. Lekh Raj, 1999 (9) Supreme Today 155 : (1999 AIR SCW 4008 : AIR 1999 SC 3916 : 2000 Cri LJ 44) (in which one of us was a party), dealing with discrepancies, contradictions and omissions held:*

> *"Discrepancy has to be distinguished from contradiction. Whereas contradiction in the statement of the witness is fatal for the case, minor discrepancy or variance in evidence will not make the prosecution's case doubtful. The normal course of the human conduct would be that while narrating a particular incidence there may occur minor discrepancies, such discrepancies in law may render credential to the depositions. Parrot like statements are disfavoured by the Courts. In order to ascertain as to whether the discrepancy pointed out was minor or not or the same amounted to contradiction, regard is required to be had to the circumstances of the case by keeping in view the social status of the witnesses and environment in which such witness was making the statement. This Court in Ousu Varghese v. State of Kerala (1974) 3 SCC 767 held that minor variations in the accounts of the witnesses are often the hallmark of the truth of their testimony. In Jagdish v. State of Madhya Pradesh, 1981 SCC (Crl) 676 this Court held that when the discrepancies were comparatively of a minor character and did not go to the root of the prosecution story, they need not be given undue importance. Mere congruity or consistency is not the sole test of truth in the depositions. This Court again in State of Rajasthan v. Kalki (1981) 2 SCC 752 held that in the depositions of witnesses there are always normal discrepancy, however, honest and truthful they may be. Such discrepancies are due to normal errors of observation, normal errors of memory, due to lapse of time, due to mental disposition such as shock and horror at the time of occurrence, and the like. Material discrepancies are those which are not normal, and not expected of a normal person.*

*Referring to and relying upon the earlier judgments of this Court in State of U.P. Vs. M.K. Anthony (AIR 1985 SC 48), Tehsildar Singh and Anr. Vs. State of U.P. (AIR 1959 SC 1012), Appabhai and Anr. Vs. State of Gujarat (JT 1988 (1) SC 249), Rami alias Rameshwar Vs. State of Madhya Pradesh (JT 1999 (7) SC 247), Bhura alia Sajjan Kumar Vs. State of Madhya Pradesh (JT 1999 (7) SC 247), this Court in a recent case Leela Ram Vs. State of Haryana and Anr. (JT 1999 (8) SC 274) held:*

*"There is bound to be some discrepancies between the narrations of different witnesses when they speak on details, and unless the contradictions are of a material dimension, the same should not be used to jettison the evidence in its entirety. Incidentally, corroboration of evidence with mathematical niceties cannot be expected in criminal cases. Minor embellishment, there may be, but variations by reason therefor should not render the evidence of eye witnesses unbelievable. Trivial discrepancies ought not to obliterate an otherwise acceptable evidence. . . . . . . The Court shall have to bear in mind that different witnesses react differently under different situations : whereas some become speechless, some start wailing while some others run away from the scene and yet there are some who may come forward with courage, conviction and belief that the wrong should be remedied. As a matter of fact it depends upon individuals and individuals. There cannot be any set pattern or uniform rule of human reaction and to discard a piece of evidence on the ground of his reaction not falling within a set pattern is unproductive and a pedantic exercise."*

(૧૫.૯) સદર કામે બનાવમાં હથીયાર તરીકે ઉપયોગમાં લીધેલ ત્રીકમ બનાવવાળી જગ્યાના પંચનામાની રૂએ બનાવ સ્થળેથી કબજે લેવામાં આવેલ અને આ કામે આંક–૧૪૬ થી રજુ એફ.એસ.એલ. રીપોર્ટ ધ્યાને લેતાં ત્રીકમ ઉપર માનવ રુધીરની હાજરી મળી આવેલ. પરંતુ તેનું બ્લડ જુથ અનિર્ણિત હતું તેમજ મરણ જનારના બ્લડ સેમ્પલનું પણ રુધીર જુથ અનિર્ણિત હોવાનું જણાય આવે છે. સદર કામે મરણ જનારના કપડા ઉપર તથા બનાવ સ્થળેથી લોહીવાળી માટીના સેમ્પલ તથા કોટન થ્રેડ ઉપર માનવ રુધીર જુથ–''ઓ'' ના ડાઘા હોવાનું જણાય આવે છે. જયારે ફરીયાદીનું રુધીર જુથ–''બી'' હોવાનું જણાય આવે છે અને આરોપીનું રુધીર જુથ પણ ''ઓ'' હોવાનું જણાય છે અને ફરીયાદીના કપડા માર્ક–ઓ અને માર્ક–પી ઉપર રુધીર જુથ–''બી'' ની હાજરી મળી આવેલાનું જણાય છે.

આમ, એફ.એસ.એલ. રીપોર્ટ આધારે ફરીયાદીના કપડા ઉપર ફરીયાદીના રુધીર જુથના ડાઘા મળી આવેલાનું ફલીત થાય છે. જયારે મરણ જનારના કપડા ઉપર અને બનાવવાળા સ્થળેથી લોહીવાળી માટીના સેમ્પલ ઉપર રુધીર જુથ–''ઓ'' ની હાજરી હોવાનું જણાય આવે છે. મરણ જનારનું બ્લડ ગ્રૃપ અનિર્ણિત રહેલ હોય તેમ છતાં બનાવ સ્થળ ઉપર તથા બનાવ સ્થળેથી લેવામાં આવેલ નમુના માર્ક–સી અને માર્ક–ઈ ''માટી તથા કોટન થ્રેડ'' અને મરણ જનારના કપડા માર્ક–આઈ અને માર્ક–જે ઉપર રુધીર

જુથ–''ઓ'' ની હાજરી મળી આવેલ હોય તેથી મરણ જનારનું રુધીર જુથ–''ઓ'' હોવાનું સાબીત માની શકાય. એફ.એસ.એલ. રીપોર્ટથી ફરીયાદપક્ષના કેસને કોઈ ખાસ સમર્થન પ્રાપ્ત થતું નથી પરંતુ બનાવ સ્થળે મરણ જનારનું લોહી હોવાનું તેમજ મરણ જનારના કપડા ઉપર તેના લોહીના ડાઘા હોવાનું સાબીત માની શકાય અને તે જ રીતે ફરીયાદીના કપડા ઉપર પણ ફરીયાદીના લોહીના ડાઘા મળી આવેલ હોવાનું સાબીત માની શકાય પરંતુ આરોપીને બનાવ સાથે સાંકળતી કોઈ હકીકત એફ.એસ.એલ. રીપોર્ટથી સાબતી થતી નથી.

**(૧૫.૯)** સદર કામે બનાવમાં આરોપી ધ્વારા ઉપયોગમાં લેવાયેલ હથિયાર ત્રીકમ બનાવ સ્થળે મળી આવેલ હોવાનું સાબીત થાય છે. પરંતુ સાયંટીફીક પુરાવાથી તે હથિયાર બનાવમાં ઉપ્યોગમાં લેવાયેલ હોવાનું પુરાવાર થતુ નથી. અત્રે નોંધવુ જરૂરી છે કે ફરીયાદી તેમની જુબાનીમાં આરોપી ત્રીકમ બનાવ સ્થળેજ મુકીને નાસી ગયેલાનું જણાવે છે અને બનાવ સ્થળના પંચનામાની રૂએ તેમજ સાયંટીફીક ઓફીસરની જુબાની તેથા તેમણે તૈયાર કરેલ સ્થળ મુલાકાતના રીપોર્ટથી પણ સદર બાબતને સમર્થન મળે છે. ફરીયાદી પોતાની જુબાનીમાં જણાવે છે કે મુદ્દામાલ આર્ટીકલ ૭ વાળો ત્રીકમ તેજ છે જેનાથી આરોપીએ ઈજાઓ કરેલ તેવુ તેઓ ચોકકસ કહી શકે નહી, પરંતુ ફરીયાદીએ તેની ફરીયાદ તથા કોર્ટ સમક્ષની જુબાનીમાં બનાવમાં આરોપીએ ત્રીકમ વડેજ હુમલો કરેલાની બાબતને વળગી રહેલ છે અને બનાવમાં મરણજનારને થયેલ ઈજાઓ ત્રીકમ જેવા હથિયાર વડે થઈ શકે તે પ્રકારની હોવાનું સાહેદ નં. ૧૫ જણાવતા હોય જેથી માત્ર ફરીયાદીએ મુદ્દામાલ આર્ટીકલ ૭ વાળો ત્રીકમ બનાવમાં ઉપ્યોગમાં લેવાયેલ તેજ હતો તેમ ચોકકસ કહી શકે નહી તેવુ જણાવતા હોય તેથી સમગ્ર બનાવ શંકાસ્પદ ગણી શકાય નહી. અત્રે નોંધવુ જરૂરી છે કે બનાવમાં ઉપ્યોગમાં લીધેલ હથિયાર મળી આવેલ ન હોય કે ખોટુ હથિયાર રીકવર થયેલ હોય તેવા કારણમાત્રથી આરોપીને શંકાનો લાભ મળવાપાત્ર થતો નથી.

**(૧૬)** ઉપરોકત ચર્ચા મુજબ સદર કામે ફરીયાદીની જુબાની તેમજ સાહેદ નં. ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ ની જુબાનીને સમગ્રપણે ધ્યાને લેતાં

ફરીયાદપક્ષ દવારા આ કામના આરોપીએ બનાવમાં મરણ જનારને માથા ઉપર ત્રીકમ વડે જીવલેણ હુમલો કરી એક ઘા કરેલાનું અને બીજો ઘા કરવા જતા ફરીયાદી વચ્ચે પડતાં ફરીયાદીને માથાના ભાગે તે જ ત્રીકૃવડે ઈજા થયેલાનું શંકારહીત પુરવાર કરેલ છે. વધુમાં સદર બાબતને તબીબી પુરાવાથી પણ સમર્થન પ્રાપ્ત થાય છે. મરણ જનારનું પી.એમ. કરનાર ડોકટર સાહેદ નં. ૧૫ નાએ મરણ જનારની લાશ ઉપર જે ઈજાઓ જણાયેલી તે ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમાં માણસનું મૃત્યુ નિપજાવવા માટે પુરતી હોવાનું તેમજ તે ઈજા ત્રીકમ જેવા હથીયારથી થઇ શકે તેવા પ્રકારની હોવાનું સાબીત થયેલ છે. વધુમાં આરોપીએ ખાટલામાં સુતેલ મરણજનારના માથા જેવા મર્મ અને વાઈટલ ભાગ ઉપર ઈજા કરેલ હોય જેથી આરોપીનો ઈરાદો મરણજનારની હત્યા કરવાનો હોવાનો પણ ફલીત થાય છે. આમ, આરોપીના અપકૃત્યના કારણે મરણ જનાર દાસાભાઇનું અવશાન થયેલ હોવાનું ફરીયાદપક્ષ દવારા શંકારહીત પુરવાર કરેલ છે.

**(૧૬.૨)** કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે દરેક ખુન એ સાપરાધ મનુષ્યવધ છે પરંતુ દરેક સાપરાધ મનુષ્યવધ એ ખુન ગણાય નહી. જેથી હાલના કામના આરોપીએ ત્રીકમનો ઘા મરણજનારના માધાના ભાગે કરી મૃત્યુ નિપજાવેલ છે તે કૃત્ય ખુનની પરિભાષા પરિપુર્ણ કરે છે કે કેમ તે નકકી કરવાનું જરૂરી બની જાય છે.

**(૧૬.૩)** ખુન બાબતે સજાની જોગવાય ઈ.પી.કોડ ની કલમ–૩૦૨ માં કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

**Section302 Punishment for Murder :**

Whoever commits murder shall be punished with death, or imprisonment for life and shall also be liable to fine.

**(૧૬.૪)** ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૦ ની જોગવાઈનો સબંધિત ભાગ કે જે ''ખુન'' ને વ્યાખ્યાચિત કરે છે તે વંચાણે લેતા,

**Section -300. Murder-**

Except in the cases hereinafter excepted, culpable homicide is murder, if the act by which the death is caused is done with the intention of causing death, or—

(Secondly)— If it is done with the intention of causing such bodily injury as the offender knows to be likely to cause the death of the person to whom the harm is caused, or—
(Thirdly)— If it is done with the intention of causing bodily injury to any person and the bodily injury intended to be inflicted is sufficient in the ordinary course of nature to cause death, or—
(Fourthly)— If the person committing the act knows that it is so imminently dangerous that it must, in all probability, cause death or such bodily injury as is likely to cause death, and commits such act without any excuse for incurring the risk of causing death or such injury as aforesaid.

**Exception 1.—** When culpable homicide is not murder.— Culpable homicide is not murder if the offender, whilst deprived of the power of self-control by grave and sudden provocation, causes the death of the person who gave the provocation or causes the death of any other person by mistake or accident. The above exception is subject to the following provisos:—
(First)— That the provocation is not sought or voluntarily provoked by the offender as an excuse for killing or doing harm to any person.
(Secondly)— That the provocation is not given by anything done in obedience to the law, or by a public servant in the lawful exercise of the powers of such public servant.
(Thirdly)— That the provocation is not given by anything done in the lawful exercise of the right of private defence.
Explanation.— Whether the provocation was grave and sudden enough to prevent the offence from amounting to murder is a question of fact.

**Exception 2.—** Culpable homicide is not murder if the offender, in the exercise in good faith of the right of private defence of person or property, exceeds the power given to him by law and causes the death of the person against whom he is exercising such right of defence without premeditation, and without any intention of doing more harm than is necessary for the purpose of such defence.

**Exception 3.—** Culpable homicide is not murder if the offender, being a public servant or aiding a public servant acting for the advancement of public justice, exceeds the powers given to him by law, and causes death by doing an act which he, in good faith, believes to be lawful and necessary for the due discharge of his duty as such public servant and without ill-will towards the person whose death is caused.

**Exception 4.—** Culpable homicide is not murder if it is committed without premeditation in a sudden fight in the heat of passion upon a sudden quarrel and without the offender having taken undue advantage or acted in a cruel or unusual manner.

Explanation.— It is immaterial in such cases which party offers the provocation or commits the first assault.

**Exception 5.**— Culpable homicide is not murder when the person whose death is caused, being above the age of eighteen years, suffers death or takes the risk of death with his own consent.

(૧૬.૫) જેનો સંદર્ભ ''ખુન'' ની વ્યાખ્યામાં કરવામાં આવ્યો છે તે ''સાપરાધ મનુષ્ય વધ'' ભારતીય દંડ સંહિતાની કલમ-૨૯૯ થી વ્યાખ્યાચિત કરવામાં આવ્યો છે. સદર કલમ-૨૯૯ ની જોગવાઈનો સબંધીત ભાગ વંચાણે લેતા,

**Section 299- Culpable homicide**- Whoever causes death by doing an act with the intention of causing death, or with the intention of causing such bodily injury as is likely to cause death, commits the ofence of culpable homicide.

Explanation 1.— A person who causes bodily injury to another who is labouring under a disorder, disease or bodily infirmity, and thereby accelerates the death of that other, shall be deemed to have caused his death.

Explanation 2.— Where death is caused by bodily injury, the person who causes such bodily injury shall be deemed to have caused the death, although by resorting to proper remedies and skilful treatment the death might have been prevented.

Explanation 3.— The causing of the death of child in the mother's womb is not homicide. But it may amount to culpable homicide to cause the death of a living child, if any part of that child has been brought forth, though the child may not have breathed or been completely born.

(૧૬.૬) ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૯ અને ૩૦૦ અને 300 માં સાપરાધ મનષ્યવધ હત્યા (ખુન) વિશે જોગવાઈ કરવામાં આવી છે. કલમ ૨૯૯ મુજબ, કોઈ વ્યક્તિ એવો કૃત્ય કરે કે જેના કારણે બીજા વ્યક્તિનું મૃત્યુ થાય અને તે કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી, અથવા એવી શારીરિક ઈજા કરવાના ઈરાદાથી જેનાથી મૃત્યુ થવાની શક્યતા હોય, અથવા તે કૃત્યથી મૃત્યુ થવાની શક્યતા છે એવી જાણ હોવા છતાં કરવામાં આવ્યું હોય, તો તે સાપરાધ મનુષ્યવધ ગણાશે. એટલે કે, જો કોઈ વ્યક્તિ જાણતા હોવા છતાં એવું કૃત્ય કરે કે જેના કારણે મૃત્યુ થઈ શકે છે અને અંતે મૃત્યુ થાય, તો તે કલમ ૨૯૯ હેઠળ દોષિત ગણાય છે.

**(૧૬.૭)** જયારે કલમ ૩૦૦ એ સમજાવે છે કે ક્યારે સાપરાધ મનુષ્યવધ "ખૂન" બને છે. જો કૃત્ય મૃત્યુ કરવાના સ્પષ્ટ ઈરાદાથી, અથવા એવી ઈજા કરવાના ઈરાદાથી કે જેનાથી મૃત્યુ થવાની શક્યતા છે તે આરોપીને ખબર હોય, અથવા એવી ગંભીર ઈજા કરવાના ઈરાદાથી જે સામાન્ય પરિસ્થિતિમાં મૃત્યુ માટે પૂરતી હોય, અથવા એવું જોખમી કૃત્ય કે જેનાથી લગભગ નિશ્ચિત રીતે મૃત્યુ થાય અને તે કોઈ યોગ્ય કારણ વગર કરવામાં આવે, તો તે ખૂન ગણાશે.

પરંતુ કલમ ૩૦૦ માં કેટલીક અપવાદો (exceptions) પણ આપવામાં આવી છે, જેમ કે અચાનક અને ગંભીર ઉશ્કેરણા (grave and sudden provocation), અચાનક થયેલી લડાઈ (sudden fight), ખાનગી બચાવના અધિકારનો અતિરેક (exceeding right of private defence), જાહેર અધિકારી દ્વારા સદ્ભાવનાથી અધિકારનો અતિરેક, અથવા મૃત્યુ પામનારની સંમતિ. આવી પરિસ્થિતિમાં ગુનો ખૂન નહી પરંતુ ખૂન ન ગણી શકાય તેવુ સાપરાધ મનુષ્યવધ (Culpable Homicide not amounting to Murder) બની જાય છે. તેથી કહી શકાય કે દરેક ખૂન એ સાપરાધ મનુષ્યવધ છે, પરંતુ દરેક સાપરાધ વધ એ ખુન નથી, કારણ કે બંને વચ્ચેનો મુખ્ય ફરક ઈરાદા અને જ્ઞાન અથવા જાણકારીના સ્તર (degree of intention and knowledge) માં છે.

સદર બાબતે નામ. ગુજરાત વડી અદાલતનો Criminal Appeal No. 539 of 2011 ના કામે **Prembhai Ahir Vs. State Of Gujrat** ના કેસમાં કરેલ અવલોકનો ધ્યાને લેવા જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે:

> *13. In considering whether the intention was to inflict the injury found to have been inflicted, the enquiry necessarily proceeds on broad lines as, for example, whether there was an intention to strike at a vital or a dangerous spot, and whether with sufficient force to cause the kind of injury found to have been inflicted. It is, of course, not necessary to enquire into every last detail as, for instance, whether the prisoner intended to have the bowels fall out, or whether he intended to penetrate the liver or the kidneys or the heart. Otherwise, a man who has no knowledge of anatomy could never be convicted, for, if he does not know that there is a heart or a kidney or bowels, he cannot be said to have intended to injure them. Of course, that is not the kind of enquiry. It is broad-based and simple and based on commonsense: the kind of enquiry that "twelve good men and true" could readily appreciate and understand.*
>
> *14. To put it shortly, the prosecution must prove the following facts*

*before it can bring a case under Section 300 "thirdly";*
*15. First, it must establish, quite objectively, that a bodily injury is present;*
*16. Secondly, the nature of the injury must be proved; These are purely objective investigations.*
*17. Thirdly, it must be proved that there was an intention to inflict that particular bodily injury, that is to say, that it was not accidental or unintentional, or that some other kind of injury was intended.*
*18. Once these three elements are proved to be present, the enquiry proceeds further and,*
*19. Fourthly, it must be proved that the injury of the type just described made up of the three elements set out above is sufficient to cause death in the ordinary course of nature. This part of the enquiry is purely objective and inferential and has nothing to do with the intention of the offender.*
*20. Once these four elements are established by the prosecution (and, of course, the burden is on the prosecution throughout) the offence is murder under Section 300 "thirdly". It does not matter that there was no intention to cause death. It does not matter that there was no intention even to cause an injury of a kind that is sufficient to cause death in the ordinary course of nature (not that there is any real distinction between the two). It does not even matter that there is no knowledge that an act of that kind will be likely to cause death. Once the intention to cause the bodily injury actually found to be present is proved, the rest of the enquiry is purely objective and the only question is whether, as a matter of purely objective inference, the injury is sufficient in the ordinary course of nature to cause death. No one has a licence to run around inflicting injuries that are sufficient to cause death in the ordinary course of nature and claim that they are not guilty of murder. If they inflict injuries of that kind, they must face the consequences; and they can only escape if it can be shown, or reasonably deduced, that the injury was accidental or otherwise unintentional."*

**(૧૬.૮)** આમ, ઉપરોકત કાનુની જોગવાઈઓ ધ્યાને લેતા, કલમ–૩૦૨ અન્વયે ખુનની શિક્ષાત્મક જોગવાઈ ત્યારેજ આકર્ષાય છે જયારે કલમ–૩૦૦ ની જોગવાઈ અનુસાર ખુન ગણાય તેવો સાપરાધ મનુષ્ય વધ પુરવાર કરવામાં આવે અટલે કે, મૃતકનો સાપરાધ મનુષ્ય વધ નિપજાવનારુ કૃત્ય ઉપરોકત કલમ–૩૦૦ ની જોગવાઈમાં ઉલ્લેખ કર્યા અનુસારના ચાર સંજોગો પૈકીના કોઈ સંજોગો હેઠળ કરવામાં આવ્યુ હતુ અને તે કૃત્ય સદર કલમમાં દર્શાવેલ પાંચ અપવાદોમાં પડતુ ન હોય તે ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવુ પડે.

(૧૬.૯) સદર કામે આરોપીની બનાવમાં ભુમીકા જોતા તેનુ કૃત્ય આઇ.પી.સી.કલમ–૩૦૨ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો બને છે કે કેમ અથવા તેવુ તેમનુ કૃત્ય આઇ.પી.સી.કલમ–૩૦૨ કે કલમ–૩૦૪ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો બને છે કે કેમ તે નકકી કરવાનું રહે છે. આરોપીનુ કૃત્ય ઇ.પી.કો કલમ–૩૦૦ માં દર્શાવેલ ચાર પૈકી કોઇ એક પ્રકાર/સંજોગમાં પડતુ હોય અને તે જ કલમમાં દર્શાવેલ પાંચ પૈકી કોઇ પણ અપવાદમાં પડતુ ન હોય ત્યારે સાપરાધ મનુષ્ય વધ ''ખુન'' ગણાશે.

(૧૬.૧૦) કલમ ૩૦૦ ના ચાર સંજોગો નીચે મુબજના છે.

**Indian Penal Code ની કલમ ૩૦૦** મુજબ, કેટલાક ચોક્કસ સંજોગોમાં **Culpable Homicide “Murder” બની જાય છે**. આ માટે કલમ ૩૦૦ માં **ચાર મુખ્ય સંજોગો (conditions)** બતાવવામાં આવ્યા છે.

**૧. મૃત્યુ કરવાના સ્પષ્ટ ઈરાદાથી (Intention to cause death)**
જો કોઈ વ્યક્તિ બીજા વ્યક્તિનું **મૃત્યુ કરવાના સ્પષ્ટ ઈરાદાથી** કૃત્ય કરે અને તેના કારણે મૃત્યુ થાય, તો તે ખૂન ગણાશે.

**૨. એવી ઈજા કરવાનો ઈરાદો કે જેના કારણે મૃત્યુ થવાની શક્યતા હોય (Injury known to be likely to cause death)**
જો આરોપીને ખબર હોય કે જે ઈજા તે કરી રહ્યો છે તે **મૃત્યુ માટે શક્ય છે**, છતાં તે ઈજા કરે અને મૃત્યુ થાય, તો તે ખૂન ગણાશે.

**૩. એવી ગંભીર ઈજા કરવાનો ઈરાદો જે સામાન્ય પરિસ્થિતિમાં મૃત્યુ માટે પૂરતી હોય (Injury sufficient in the ordinary course of nature to cause death)**
જો આરોપી એવી **ગંભીર શારીરિક ઈજા કરવાનો ઈરાદો રાખે** કે જે સામાન્ય રીતે મૃત્યુ માટે પૂરતી હોય, તો તે પણ ખૂન ગણાશે.

**૪. અત્યંત જોખમી કૃત્ય (Act so dangerous that it will probably cause death)**
જો કોઈ વ્યક્તિ એવું **અત્યંત જોખમી કૃત્ય કરે** કે જેના કારણે લગભગ નિશ્ચિત રીતે મૃત્યુ થઈ શકે અને તે કૃત્ય માટે કોઈ યોગ્ય કારણ ન હોય, તો તે ખૂન ગણાશે.

(૧૬.૧૧) હાલના કિસ્સામાં અગાઉ નોંધ્યુ તેમ, રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા આરોપીએ મરણજનારને માથાના ભાગે ત્રીકમ વડે ઘા મારેલ હોય જેથી સ્વાભાવીક રીતે આરોપીને તે બાબતનુ જ્ઞાન હતુ કે તેવુ તેમનુ કુત્ય અત્યંત ભયજનક છે અને તેવા હુમલા વડે થતી શારીરીક ઇજાથી

મૃત્યુ નિપજવાની પુરેપુરી સંભાવના હતી તેમ માની શકાય અને તેવી ઈજા પહોંચાડવા માટેનુ જોખમ લેવાનું કોઈ જ કારણ ન હોવા છતા તેવુ કૃત્ય કરેલ છે. આમ, રેકર્ડ ઉપર રજુ પુરાવા આધારે આરોપીનું જે કૃત્ય પુરવાર થયેલ છે તે મૃત્ય કરવાના સ્પષ્ટ ઈરાદાથી, મૃત્યુ નિપજી શકે તેવી ઈજા કરવાના ઈરાદા સાથે, કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્ય નિપજાવવા માટે પુરતી હોય તેવી ઈજા કરવાના ઈરાદા અને જ્ઞાન સાથે અને અત્યંત જોખમી કહી શકાય તે રીતે માથાના ભાગે ત્રીકમ વડે ઈજા કરેલ અને તેવી ઈજાના કારણે લગભગ નિશ્ચિત રીતે મૃત્યુ થઈ શકે તેવી હતી અને તે કૃત્ય માટે આરોપી પાસે કોઈ યોગ્ય કારણ ન હતુ તેવુ પુરવાર થયેલ છે. જેથી ઈ.પી.કો કલમ ૩૦૦ માં દર્શાવેલ ચારેય પ્રકાર/સંજોગો લાગુ પાડી શકાય તેવુ આરોપીનું કૃત્ય શંકા રહીત પુરવાર થયેલ છે.

**(૧૬.૧૨)** આ ઉપરાંત ઉપરોકત ચર્ચા મુજબ સદર કામે આરોપીનું કૃત્ય ખૂન ગણાશે કે નહી માટે ઈ.પી.કો. કલમ ૩૦૦ ના પાંચ અપવાદો પૈકી કોઈપણ અપવાદ આરોપીના કૃત્યને લાગુ પડતા નથી તે પણ નિશ્ચીત કરવું આવશ્યક છે.

**(૧૬.૧૩)** ઈ.પી.કો.કલમ-૩૦૦ ના અપવાદો ધ્યાને લેતા, <u>પ્રથમ અપવાદ</u> મુજબ ગંભીર કે ઓચીંતા ઉશ્કેરાટના કારણે પોતાની જાત પરનો કાબુ ગુમાવી બેઠા હોય અને તેવા ઉશ્કેરાટનું કારણ આપનારનુ મૃત્યુ નીપજાવેલ હોય અથવા ભુલ કે અકસ્માતથી અન્ય વ્યકિતનુ મૃત્યુ નિપજાવેલ હોય તો સાપરાધ મનુષ્ય વધ ખુન નથી. જો કોઈ વ્યક્તિને અચાનક અને ગંભીર રીતે ઉશ્કેરવામાં આવે અને તે ગુસ્સામાં આવીને બીજા વ્યક્તિનું મૃત્યુ કરાવે, તો તે Murder ગણાતું નથી. પરંતુ અહીં શરત એ છે કે કૃત્ય ઉશ્કેરણાના તુરંત પછી થયું હોવું જોઈએ અને તેમાં પૂર્વયોજન (premeditation) ન હોવી જોઈએ. હાલના કિસ્સામાં મરણજનારે બનાવ તેવુ કોઈ કૃત્ય કરેલ હોવાનો કે જેના કારણે આરોપીનાઓ પોતાના જાત પરનો કાબુ ગુમાવી બેઠા હોય તેવી કોઈ હકિકત રેકર્ડ ઉપર આવેલ નથી. બનાવની હકીકતો જોતા હોટલે જમ્યા બાદ મંદીર તરફ જતા હતા ત્યારે રસ્તામાં આરોપી અને મરણજનાર વધ્ધે હોટલના બીલના પૈસા બાબતે તકરાર થયેલ

અને તેમા ફરીયાદી તથા અન્ય સાહેદે તેમને છુટા પાડેલ અને તે વખતે આરોપી ત્યાંથી જતો રહેલ અને ત્યારબાદ ફરીયાદી, મરણજનાર તથા સાહેદ મુરુભાઇ શીતલા માતા મંદીરે ગયેલ અને ત્યાં ખાટલામાં આડા પડેલા અને ત્યારબાદ ૧૫ મીનીટ પછી આરોપી તેના હાથમાં ત્રીકમ લઇને આવેલ મરણજનાર ઉપર હુમલો કરેલ. આમ, સદર કામે પ્રથમ તકરાર થયેલ ત્યારબાદ આરોપી ત્યાંથી જતા રહેલ અને ત્યારબાદ મરણનાર તથા ફરીયાદી અને મુરૂભાઇ શીતલા માતા મંદીરે ગયેલ અને ખાટલામાં આડા પડેલ તેના ૧૫ મીનીટ પછી આરોપી ત્યાં ત્રીકમ લઇ આવેલ અને મરણજનારના માથાના ભાગે હુમલો કરેલ હોય જેથી પર્યાપ્ત કુલીંગ ટાઇમ બાદ પુર્વઆયોજન કરી આરોપીએ હુમલો કરેલ હોય જેથી આ અપવાદ હાલના કિસ્સામાં લાગુ પડતો નથી.

**(૧૬.૧૪)** આઇ.પી.સી.કલમ–૩૦૦ નો <u>બીજો અપવાદ</u> જોતા જો કોઈ વ્યક્તિ પોતાના અથવા અન્યના બચાવ માટે કૃત્ય કરે, પરંતુ તે બચાવ કરતા કરતા અધિક બળનો ઉપયોગ કરી બેસે અને તેના કારણે મૃત્યુ થાય, તો તે ખૂન નહીં ગણાય. હાલના કેસમાં મરણજનાર ખાટલામાં આડા પડેલ હતા અને તેમણે આરોપી ઉપર કોઇ પ્રહાર કરેલ હોય તેવુ બન્યુ નથી જેથી બીજા અપવાદ લાગુ પડતો નથી.

**(૧૬.૧૫)** આઇ.પી.સી.કલમ–૩૦૦ નો <u>ત્રીજો અપવાદ</u> ધ્યાને જો કોઈ જાહેર સેવક પોતાની ફરજ બજાવતા સમયે સદ્ભાવના (good faith) સાથે કાર્ય કરે પરંતુ તે પોતાના અધિકારની મર્યાદા ઓળંગી જાય અને તેના કારણે મૃત્યુ થાય, તો તે ખૂન ગણાશે નહી. હાલના કિસ્સામાં આરોપી કોઇ જાહેર સેવક નથી જેથી આ અપવાદ લાગુ પડતો નથી.

**(૧૬.૧૬)** આઇ.પી.સી.કલમ–૩૦૦ નો <u>ચોથો અપવાદ</u> જોતા પુર્વ નિર્ણય વગર ઓચીંતો ઝઘડો થતા આવેશની તીવ્રતામાં થયેલી ઓચીંતી મારા મારીમાં અને ગુન્હેગારે સદોષ લાભ લીધા વગર અથવા ક્રુરતા કે અસાધારણ રીતે વર્તન કર્યા વગર સાપરાધ મનુષ્ય વધ કર્યો હોય તો તે ખુન નથી. ચોથો અપવાદ લાગુ પાડવા માટે આરોપીએ બનાવમાં કોઇ

ગેરવ્યાજબી લાભ લીધો નથી કે ક્રુરતા કે અસાધારણ રીતે વર્તન કરેલ નથી તેવુ બચાવપક્ષે સાબિત કરવાનું રહે છે. સદર બાબતે ફરીયાદ તથા ફરીયાદીની જુબાની જોતાં મરણજનારના માથામાં ત્રીકમ વડે આરોપીએ ઘા મારેલ જેથી મરણજનારના માથા માંથી લોહી વહેવા લાગેલ. સદર બાબતે ફરીયાદી કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, આરોપીએ ત્રીકમ વડે ગુજરનાર દાસાભાઈને માથાના જમણા ભાગ ઉપર ઘા મારેલો અને બીજો ઘા કરવા જતા ફરીયાદી વચ્ચે પડેલા તો સદર ત્રીકમથી ફરીયાદીને માથાના જમણા ભાગે ઈજા થયેલી. સદર કામે તબીબી પુરાવો જોતા મરણજનારના માથાના ભાગે જમણી બાજુના ફ્રંટલ બોન નામના હાડકામાં અંદર ભોકાયેલું અને નાના નાના ઘણા કટકા થયેલો અસ્થીભાંગ(ફ્રેકચર) જોવા મળેલાનું જણાવેલ. આમ, બનાવમાં આરોપીએ મરણજનારના વાઇટલ પાર્ટ ઉપર ધા મારેલ હોવાનું જણાય આવે છે અને બનાવમાં મરણજનાર ખાટલામાં સુતા હતા અને અગાઉનો ઝઘડો પુર્ણ થયા બાદ આરોપી બનાવ સ્થળે આવેલ હોય અને તે વખતે મરણનાર તરફે આરોપીને આવેશ થઇ આવે તેવુ કોઇ કૃત્ય કરેલ ન હોય, અલબત્ત મરણજનાર ખાટલામાં આડા પડેલ હતા તેવા સંજોગોમાં આરોપીએ સદર તેમનુ કૃત્ય થી મરણજનારનુ મૃત્યુ નિપજી શકે છે તેવુ જ્ઞાન હોવાનુ માની શકાય તેમજ આરોપીનાઓએ માથા જેવા વાઇટલ પાર્ટ ઉપર સખત અને બોથડ પદાર્થ વડે ઘા મારેલ હોય અને તેના કારણે ખોપડીના આતરીક ભાગમાં ધણી બધા ફેકચર થયેલ હોય જેથી તેવા કૃત્ય સબબ આરોપીનાઓનો ઈરાદો મરણજનારનુ મૃત્યુ નિપજાવેલ હોવાનું જણાય આવે છે.

વધુમાં હાલના કિસ્સામાં ફરીયાદી તથા ભોગબનનાર પાસે કોઇ હથિયારો ન હતા અને સામાન્ય બોલાચાલીની તકરારમાં ફરીયાદીએ આરોપી તથા મરણજનારને છુટા પાડેલ હોય ને તે વખતે આરોપી ત્યાંથી જતા રહેલ હોય તેમ છતા થોડા સમય બાદ તે બાબતની રીસ રાખી આરોપીએ ત્રીકમ વડે ભોગબનનારને માથાના ભાગે ત્રીકમ વડે ઘા મારી દીધેલ હોય અને હાલના કિસ્સામાં ફરીયાદી અને ભોગબનનારે આરોપી ઉપર ઝપા ઝપીમાં કોઇ વળતો પ્રહાર કરેલ હોય તેવુ જણાતુ નથી. જેથી બનાવમાં ઓચીંતી મારા મારી થયેલ હોય અને આવેશની તીવ્રતામાં મરણજનારે સદોષ લાભ લીધા વગર અથવા ક્રુરતા કે અસાધારણ વર્તન કર્યા વગર મરણજનારનું

મૃત્યુ નિપજાવેલ હોય તેવો કેસ નથી. ઉલટાનું આરોપીનાએ એક કરતા વધારે ઘા ત્રીકમ વડે મરણજનારના માથાના ભાગે મારેલ હોય જેથી આરોપીને ઈ.પી.કો. કલમ–૩૦૦ ના ચોથા અપવાદનો લાભ મળવા પાત્ર નથી.

**(૧૬.૧૭)** આઇ.પી.સી.કલમ–૩૦૦ નો પાંચમો અપવાદ જોતા જો કોઈ વ્યક્તિ પોતાની સંમતિથી, અને તે પુખ્ત ઉંમરનો હોય, તો તેની સંમતિથી થયેલા કૃત્યમાં મૃત્યુ થાય તો તે ખૂન ગણાશે નહી. હાલના કીસ્સામાં બનાવની હકીકતો જોતા પાંચો અપવાદ પણ લાગુ પડતો નથી.

**(૧૬.૧૮)** અત્રે નોંધવુ જરૂરી છે કે હાલના કેસમાં આરોપીએ માત્ર એકજ ઘા કરેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ છે. પરંતુ આરોપીએ બનાવમાં ત્રીકમ જેવા હથિયાર વડી મરણજનારના માથાના ભાગે જોશભેર ઘા કરેલ હોય જેથી તેવુ તેમનું કૃત્ય મરણજનારનું મૃત્યુ નિપજાવવાના ઈરાદે અને કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્ય થઇ શકે તેવા પ્રકારની ઈજા કરવાના ઈરાદે કરેલ હોવાનું સાબીત થાય છે. દરેક કીસ્સામાં જયાં એકજ ઘા કરવામાં આવેલ હોય તે સંજોગમાં મૃત્ય નિપજાવવાનો ઈરાદો ન હતો તેવુ અનુમાન વ્યાજબી નથી. સદર બાબતે નામ. સર્વોચ્ચ અદાલતનો નીચે ટાંકેલ ચુકાદાના અવલોકનો ધ્યાને લેવા જરૂરી છે.

**Bhagwan Bahadure v. State of Maharashtra,**
reported in [2007 (11) SCALE 519]:

> *"It cannot be said as a rule of universal application that whenever one blow is given Section 302 IPC is ruled out. It would depend upon the facts of each case. The weapon used, size of the weapon, place where the assault took place, background facts leading to the assault, part of the body where the blow was given are some of the factors to be considered."*

**(૧૬.૧૯)** આમ, ઉપરોકત ચર્ચા મુજબ હાલના કામે આરોપીનું કૃત્ય જોતા તેમજ રેકર્ડ ઉપર આવેલ બનાવ બાબતની હકીકતો ધ્યાને લેતા આરોપીએ કરેલ કૃત્ય મૃતકનો સાપરાધ મનુષ્ય વધ નિપજાવનારુ કૃત્ય હોવાનું અને તે કૃત્ય ઉપરોકત કલમ–૩૦૦ ની જોગવાઇમાં ઉલ્લેખ કર્યા અનુસારના પાંચ અપવાદો પૈકીના કોઇ પણ અપવાદમાં પડતુ ન હોવાનું

ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે. જેથી આરોપીનું તેવુ કૃત્ય ઇ.પી.કોડ ની કલમ ૩૦૨ મુજબ શીક્ષાને પાત્ર ગુનો બનતો હોય આરોપીને ઇ.પી.કોડ કલમ ૩૦૨ ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**(૧૭)** હાલના કેસમાં ફરીયાદીને જે ઇજા થઇ છે તે અન્વયે ફરીયાદપક્ષનો કેસ જોતાં આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાખવાના ઇરાદે માથામાં કપાળના ભાગે ત્રીકમનો ઘા મારી ગંભીર ઇજા કરેલ હોવાનો આક્ષેપ છે. જે બાબતે ફરીયાદીની જુબાની જોવામાં આવે તો તેઓએ સરતપાસમાં એવું જણાવેલ છે કે, શીતળા માતાના મંદીરે આરોપી આશરે દશ પંદર મીનીટ પછી આવેલા અને તેમના હાથમાં ત્રીકમ હતો અને તે વખતે આરોપીએ ત્રીકમ વડે દાસાભાઇને માથાના જમણા ભાગ ઉપર ઘા મારેલો અને કરશનભાઇ બીજો ઘા કરવા જતા હતા ત્યારે તેઓ (ફરીયાદી) વચ્ચે પડતા તેમને સદર ત્રીકમથી માથામાં જમણા ભાગે ઇજા થયેલી. આમ, જયારે આરોપી કરશનભાઇ બનાવવાળા સ્થળે ત્રીકમ ધારણ કરી આવેલ અને ત્રીકમ વડે તેઓએ દાસાભાઇને માથાના ભાગે પ્રહાર કરેલ ત્યારે ફરીયાદી વચ્ચે પડતાં તેઓને માથાના ભાગે ઇજા થયેલ છે. આરોપીએ ઇરાદાપુર્વક ફરીયાદીને મારેલ નથી કે આરોપીનો ઇરાદો ફરીયાદીનું મૃત્ય નિપજાવવાનો હતો તેવું માની શકાય નહી. વધુમાં સાહેદ નં. ૧૫ થી તપાસવામાં આવેલ ડોકટરના જણાવ્યા પ્રમાણે ફરીયાદીને થયેલ ઇજાઓ તાજી હતી અને કઠણ અને બોથડ પદાર્થથી થઇ શકેતેવી હતી અને જો કોઇ કોમ્પ્લીકેશન ન આવે તો સાતથી આઠ દિવસમાં રુજાઇ જાય તેવી હતી. દર્દીના ખોપરીના ભાગનો એકસ–રે જોતા કોઇ અસ્થીભંગ જણાયેલ નહી. આમ, તબીબી પુરાવો જોતા ફરીયાદીને થયેલ ઇજાઓ સાદી ઇજાઓ હતી. ફરીયાદી તેમની જુબાનીમાં આરોપી જયારે ગુજરનાર દાસાભાઇને ત્રીકમ વડે બીજો ઘા મારવા જતા હતા ત્યારે તેઓને છોડાવવા વચ્ચે પડતા તેઓને માથામાં ત્રીકમથી ઇજા થયેલાનું જણાવે છે. વધુમાં આરોપીએ ત્રીકમ વડે સીધો જ પ્રહાર ગુજરનાર દાસાભાઇ પર કરેલ હતો, ફરીયાદી પર તેઓએ કોઇ પ્રહાર કરેલ નથી પરંતુ ફરીયાદી વચ્ચે પડતાં તેમને ઇજા થયેલ છે. આમ આરોપીનો ઇરાદો ફરીયાદીને મારી નાખવાનો ન હતો. જેથી આરોપી સામે ઇ.પી.કોડની કલમ ૩૦૭ મુજબનો ગુનો બનતો હોય તેવું ઠરાવી શકાય નહી. પરંતુ ફરીયાદીને ત્રીકમ વડે સાદી

ઈજા થયેલ હોય જેથી આરોપીનું તેવુ કૃત્ય ઈ.પી.કો. કલમ ૩૨૪ મુજબ શીક્ષાને પાત્ર ગુનો બને છે જે ઈ.પી.કોડ કલમ ૩૦૭ કરતા હળવો અને અન્ડરલાઈંગ ચાર્જ ગણી શકાય તેથી આરોપીને ઈ.પો.કો કલમ ૩૨૪ ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં. ૩:–**

**(૧૮)** ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામા આવે તો, આરોપી બનાવ સમયે પોતાના હાથમાં ત્રીકમ જેવુ હથીયાર રાખી તેનો ઉપયોગ હાલના ગુન્હાના કામે કરી જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ હોવાનું તહોમત ફરમાવવામાં આવેલ છે. જે અન્વયે આ કામે આંક–૮૮ થી રજુ હથીયારબંધીનું જાહેરનામું વંચાણે લેતાં બનાવ વખતે જાહેરનામું બનાવના દિવસે અમલમાં હતું તે હકીકત ફરીયાદપક્ષે પુરવાર કરી છે. પરંતુ સદર જાહેરનામાની ધારાધોરણસરની પ્રસિધ્ધી કરવામાં આવેલ હતી તેવી હકીકત શંકા રહીત પુરવાર કરવામાં આવેલ ન હોય જેથી આરોપીને જી.પી.એકટની કલમ ૧૩૫ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેવો શંકારહિત પુરાવો ફરીયાદપક્ષે રજુ થયેલ ન હોય જેથી મુદ્દા નં. ૩ નો નિર્ણય નકારમાં કરવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૪:–</u>**

**(૧૯)** ઉપરોકત ચર્ચા મુજબ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ ઈ. પી. કો. કલમ–૩૦૨ અને ૩૨૪ મુજબનો ગુન્હો નિ:શંકપણે સફળતા પુર્વક પુરવાર કરેલ હોય મુદ્દા નં. ૪ લગત ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવુ છું.

**<u>–// હુકમ //–</u>**

(૧) આ કામના **આરોપી કરશન ભીમાભાઈ કોડીયાતર** નાઓને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૩૫(૨) અન્વયે તેમની વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવતો હુકમ કરવામાં આવે છે અને ભારતીય દંડ

સંહિતાની કલમ–૩૦૭ ના બદલે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવતો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના **આરોપી કરશન ભીમાભાઈ કોડીયાતર** નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૫(૧) અન્વયે તેમની વિરૂદ્ધના ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં હોય અને તેમને કોર્ટ સમક્ષ રૂબરૂ હાજર રાખવામાં આવેલ હોય સદર કામ સજા બાબત સાંભળવા રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩ મી, માહે. માર્ચ, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : પોરબંદર
તા.૧૩/૦૩/૨૦૨૬

**(એમ. એ. ભટ્ટી)**
સેશન્સ જજ, પોરબંદર.
(UID NO GJ01506 )

**ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે સજા બાબતે સાંભળ્યા.**

(૧) બચાવપક્ષે વિ.વ.શ્રી ની રજુઆત છે કે, બનાવમાં આરોપીએ ઉશ્કેરાટના કારણે હુમલો કરતા મરણજનારનુ અવસાન થયેલ હોય અને બનાવ પુર્વ આયોજીત ન હતુ. પરંતુ આવેશમાં આવી આરોપીએ કૃત્ય કરેલ હોય અને આરોપીની ઉમર, બનાવના સંજોગો તથા આરોપીએ કાચા કામના કેદી તરીકે વિતાવેલ સમયગાળો તેમજ આરોપીનો કોઇ ગુનાહીત ઈતિહાસ ન હોય અને તેમના શીરે સમગ્ર પરિવારની જવાબદારી રહેલ હોય તે તમામ સંજોગો ધ્યાને લઇ આરોપીને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

સજાના મુદ્દે કોર્ટ સમક્ષ હાજર આરોપીની પણ પુછપરછ કરી તેમની રજુઆત સાંભળેલ છે જેમા આરોપી જણાવે છે કે તેના માથે આખા કુટુંબની જવાબદારી છે અને લાંબા સમયથી જેલમાં હોય, ઘરની આર્થીક સ્થીતી કથડેલ હોય જેથી ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

(૨) ફરીયાદપક્ષે પી.પી.શ્રીની રજુઆત છે કે આરોપીઓએ નજીવી બાબતમાં મરણજનાર ઉપર જીવલેણ હુમલો કરી, તેનુ મૃતયુ નિપજાવેલ હોય અને આરોપી ઇ.પો.કો. કલમ ૩૦૨ અને ૩૨૪ મુજબ શીક્ષાને પાત્ર ગુના સબબ તકસીરવાન ઠરેલ હોય જે હકિકત ધ્યાને લઇ આરોપીઓને વધુમાં વધુ સજા કરવા વિનંતી કરેલ છે.

(૩) અત્રે બંન્ને પક્ષોને સજા બાબતે સાંભળ્યા. હાલના કિસ્સામાં ફરીયાદી, આરોપી અને મરણજનાર તથા એક અન્ય મિત્ર હોટલમાં જમવા માટે ગયેલ હતા અને જમ્યા બાદ હોટલના બીલના પૈસા આપવા બાબતે આરોપી અને મરણજનાર વચ્ચે તેઓ બધા હોટલેથી શીતલા માતાના મંદીર તરફ જતા હતા ત્યારે રસ્તામાં સામાન્ય ઝઘડો થયેલ અને તે બાબતનો ખાર રાખી મરણજનાર, ફરીયાદી તથા અન્ય મિત્ર બનાવ સ્થળે ખાટલામાં આડા પડેલ હતા ત્યાં થોડી વાર પછી આરપી ત્રીકમ ધારણ કરી ગયેલ અને મરણજનારના માથાના ભાગે જીવલેણ ઘા કરી મૃત્યુ નિપજાવેલ હોવાનું પુરવાર થયેલ છે. આ કામના આરોપની બનાવ વખતે ઉંમર જોતા આરોપી ૨૨

વર્ષની યુવા વયના હતા અને આરોપી સામે ભુતકાળમાં કોઇ ગુન્હાઓ નોંધાયેલ હોય કે કોઇ ગુન્હા સબબ તેઓ તકસીરવાન ઠરાવેલ હોય તેવુ જણાતુ નથી.

(૪) ઇ.પી.કોડ કલમ ૩૦૨ ના ગુના સબબ સજાની જોગવાઇ ધ્યાને લેતા જેમાં જીવન કેદ અથવા યોગ્ય પરિસ્થિતિમાં મૃત્યુદંડની સજા કરવાનો પ્રાવધાન છે. ખૂનના ગુનામાં સજા નક્કી કરતી વખતે કોર્ટને અનેક પરિબળોનું સાવચેતીપુર્વક મૂલ્યાંકન કરવાનું રહે છે. સજા નક્કી કરતી વખતે કોર્ટે; ગુનાની ગંભીરતા, તેની રીત તથા તેની આસપાસની પરિસ્થિતિઓનું પણ ધ્યાન રાખવું જરૂરી બને છે. ખાસ કરીને ગુનો પૂર્વયોજિત હતો કે અચાનક થયેલો હતો, તેમજ હત્યા કરવાની પ્રક્રિયામાં ક્રૂરતા અથવા અમાનવીયતા નું પ્રમાણ વિગેરે બાબત ધ્યાને લેવાની રહે છે. જો ગુનો ખૂબ જ ક્રૂર રીતે અથવા સ્પષ્ટ પૂર્વયોજનાથી કરવામાં આવ્યો હોય તો તે સજાની કડકાઈ વધારવા માટે મહત્વપૂર્ણ પરિબળ બને છે. સાથે સાથે આરોપીની મનોદશા અને તેનો ઈરાદો પણ મહત્વ ધરાવે છે, એટલે કે આરોપીને ખરેખર હત્યા કરવાનો સ્પષ્ટ ઈરાદો હતો કે કોઈ તાત્કાલિક ઉશ્કેરણી અથવા ઝઘડાની પરિસ્થિતિમાં ગુનો બન્યો હતો તે બાબત ધ્યાનમાં રાખવાની હોય છે. તે ઉપરાંત આરોપીની વ્યક્તિગત પરિસ્થિતિઓનું પણ ધ્યાને લેવાની રહે છે, જેમ કે તેની ઉંમર, તેની સામે અગાઉ કોઈ ગુનાહિત ઈતિહાસ છે કે નહીં, તેમજ તે સુધરી શકે તેવી શક્યતા છે કે નહીં. મરણજનાર વ્યક્તિની સ્થિતિ પણ મહત્વ ધરાવે છે; જો મરણજનાર નબળી સ્થિતિમાં હોય, જેમ કે બાળક, વૃદ્ધ અથવા મહિલા, તો ગુનાની ગંભીરતા વધુ માનવામાં આવે છે.

(૫) મૃત્યુદંડની સજાના સંદર્ભમાં નામદાર સુપ્રીમ કોર્ટના મહત્વપૂર્ણ ચુકાદા **Bachan Singh v. State of Punjab** માં મૃત્યુદંડ વિશે મહત્વપૂર્ણ સિદ્ધાંત સ્થાપિત કરવામાં આવેલ છે જે ધ્યાને લેતા મૃત્યુદંડની જોગવાઈ બંધારણવિરોધી નથી, પરંતુ તેનો ઉપયોગ ખૂબ જ સાવધાનીપૂર્વક અને મર્યાદિત પરિસ્થિતિઓમાં જ કરવો જોઈએ. આ ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટે “Rarest of Rare Doctrine” ની ચર્ચા કરી ઠરાવેલ કે મૃત્યુદંડ ની સજા માત્ર એવા કિસ્સાઓમાં જ આપવી જોઈએ જ્યાં ગુનાની ગંભીરતા અત્યંત

વિશિષ્ટ અને અસાધારણ હોય અને અન્ય કોઈ સજા, જેમ કે જીવન કેદ, પૂરતી ન ગણાય. નામ. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે સજા નક્કી કરતી વખતે “aggravating factors” (ગુનાની ગંભીરતા વધારતા પરિબળો) અને “mitigating factors” (સજા ઘટાડતા પરિબળો) વચ્ચે સંતુલન રાખવું આવશ્યક છે. આ સિદ્ધાંત મુજબ માત્ર અત્યંત ગંભીર અને અસાધારણ પરિસ્થિતિઓમાં જ મૃત્યુદંડ આપવો યોગ્ય ગણાય છે. તેથી કોર્ટ તમામ પરિબળોનું સંતુલિત મૂલ્યાંકન કરીને યોગ્ય અને ન્યાયસંગત સજા નક્કી કરવાની રહે છે.

(૬) ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાનમાં રાખી હાલના બનાવના સંજોગો ધ્યાને લેતા આરોપી બનાવ વખતે ૨૨ વર્ષની યુવા વયના હતા આરોપીના કથન મુજબ તેમના બે મોટા ભાઇ છે અને અલગ રહે છે અને આરોપી અપરણીત છે અને તેના માતા–પિતા સાથે રહેતો હતો અને મજુરી કામ કરી પોતાનું તથા માતા–પિતાનું ગુજરાન ચલાવતો હતો. આરોપી રજુઆત તથા વર્તણુંક જોતા બનાવ બાબતે આરોપીને અફસોસ હોવાનું જણાય છે. તેમજ બનાવમાં આરોપીએ ભજવેલ ભુમીકા ધ્યાને લેતા હાલનો કેસ અપવાદ રૂપ ગણી આરોપી ને દેહાંત દંડની સજા ફરમાવી શકાય તેમ નહી હોવાનું આ અદાલતનું માનવુ છે. જેથી ઇ.પી.કો.કલમ–૩૦૨ સબબ ઓછા માં ઓછી સજા આજીવન કેદની સજા હોય તે મુજબ આરોપીને આજીવન કેદની સજાનો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે.

(૭) ઇ.પી.કો.કલમ–૩૨૪ ના ગુન્હા સબબ આરોપી તકસીરવાન ઠરેલ છે અને તે ગુન્હા સબબ સજાની જોગવાઇ જોતા મહત્તમ ત્રણ વર્ષ સજાની જોગવાઇ છે. સદર ગુના બાબતે કોઇ ન્યુનતમ સજા ફરમાવેલ નથી. સદર કામના આરોપીની વર્તણુંક તથા બનાવ વખતના સંજોગો ધ્યાને લેતા આરોપીને ઇ.પી.કો.કલમ–૩૨૪ ના ગુન્હા સબબ ૧ વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે.જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -//હુકમ//-

(૧) પોરબંદરના ઉદ્યોગનગર પો.સ્ટે., ગુ. રજી. નં. ૧૧૨૧૮૦૧૦૨૧૦૩૨૯/૨૦૨૧ મુજબના ગુન્હાના કામે આ કામના આરોપી **કરશન ભીમાભાઈ કોડીયાતર (પોરીયા)** નાઓને ક્રિ.પો.કોડની કલમ-૨૩૫(૨) અનવયે તકસીરવાન ઠરાવેલ આરોપીને તેમની વિરૂદ્ધ ના ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હામાં આજીવન કેદની સખત કેદની સજા અને રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપીયા દસ હજાર પુરા) નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ ૨(બે) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પોરબંદરના ઉદ્યોગનગર પો.સ્ટે., ગુ. રજી. નં. ૧૧૨૧૮૦૧૦૨૧૦૩૨૯/૨૦૨૧ મુજબના ગુન્હાના કામે આ કામના આરોપી **કરશન ભીમાભાઈ કોડીયાતર (પોરીયા)** નાઓને ક્રિ.પો.કોડની કલમ-૨૩૫(૨) અનવયે તકસીરવાન ઠરાવી આરોપીને તેમની વિરૂદ્ધ ના ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૪ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હામાં એક વર્ષની સાદી કેદની સજા અને રૂા.૧,૦૦૦/- (અંકે રૂપીયા એક હજાર પુરા) નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ ૧(એક) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ ગુન્હાના કામે તપાસ દરમ્યાન કબ્જે કરવામાં આવેલ નોનવેલ્યુએબલ મુદ્દામાલ અપીલ સમય પુર્ણ થયેથી અથવા જો અપીલ થાય તો નામ. અપીલ કોર્ટ ના હુકમ બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) વધુમાં આરોપીએ ઉપરોકત સજાઓ એક સાથે ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૫) વધુમાં આરોપીએ જેટલો સમય અંડર ટ્રાયલ પ્રિઝનર તરીકે વિતાવેલ હોય તે સમય ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ અન્વયે મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આરોપીને સજા વોરંટ સાથે જેલ હવાલે કરવામાં આવે છે.

(૭) વધુમાં આરોપીને સદર હુકમની સર્ટીફાઇડ નકલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩ અન્વયે તાકીદે પુરી પાડવી તેમજ જીલ્લા મેજી. શ્રીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૫ મુજબ નકલ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(૮) સદર કામે રેકર્ડ જોતા મરણજનાર દાસાભાઈ પરબતભાઈ ઉર્ફે પબાભાઈ મારૂ, રહે. ગૌશાળા સામે, કોલીખડા ગામ, તા.જી. પોરબંદરનાઓ બનાવ વખતે ૨૯ વર્ષના હતા અને તેમને પત્ની અને ૩ બાળકો હતા જેમાં મોટા દીકરાની ઉમર ૬ વર્ષ, દીકરીની ઉમર ૪ વર્ષ અને સૌથી નાના દીકરાની ઉમર ૨ વર્ષ હતી. જે હકીકત ધ્યાને રાખી મરણજનારના અકાળે અવસાન બદલ તેમના પત્ની તથા સગીર બાળકોને ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ હેઠળ મળવાપાત્ર વળતરની રકમ ચુકવવા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭એ મુજબ ભલામણ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩ મી, માહે. માર્ચ, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : પોરબંદર
તા.૧૩/૦૩/૨૦૨૬

**(એમ. એ. ભટ્ટી)**
સેશનસ જજ, પોરબંદર.
(UID NO GJ01506 )